CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

W¥kh

# રખેવાળ

વર્ષ : 33 ● અંક : ૧૦૪
તા.૨૦-૦૫-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ વૈશાખ વદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૧૬

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧ | વડોદરા | ૪૧.૨ |
| અમદાવાદ | ૪૨.૪ | સુરત | ૩૪.૨ |
| ગાંધીનગર | ૪૩.૪ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૩૯૨૦૦ સોનું : ૨૯૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...


## અંતઃકરણથી આવકાર



**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
વડાપ્રધાન અને કૃષિ મહોત્સવના પ્રણેતા

**શ્રી વિજયભાઈ રૂપાણી**
મુખ્યમંત્રી ગુજરાત

**શ્રીમતી સ્મૃતિ ઇરાની**
કેન્દ્રીય કાપડ મંત્રી, ભારત સરકાર

**શ્રી નીતિનભાઇ પટેલ**
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

### કૃષિ ક્ષેત્રે વડાપ્રધાનના એવોર્ડથી વિભૂષિત

**અને રાજ્યમાં 'ટપક સિંચાઇ' અને બનાસ ડેરી થકી દૂધ ઉત્પાદનમાં મોખરે રહેલા બનાસકાંઠા જિલ્લાની ધીંગી ધરા ઉપર આપનું સ્વાગત છે.**

**લિ.**

**બનાસ બેંક, પાલનપુર**
**એ.પી.એમ.સી. ડીસા**

**બનાસ ડેરી, પાલનપુર**
**નગરપાલિકા, ડીસા**


CMYK

**સૂર્યોદય - ૫.૫૮ સૂર્યાસ્ત - ૭.૧૬**

## તિથિદર્શન
વૈશાખ વદ-૯ શનિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ વૈશાખ વદ :નોમ શનિવાર પંચક નક્ષત્ર:શતતારા બપોરે ૧૧.૨૪ પછી પૂર્વ ભાદ્રપદ યોગ:વૈદ્યૃતી કરણ: તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**યાન્તિ ન્યાય પ્રવૃત્તસ્ય**
**તીર્યબ્ધોઅપિ સહાયતામ્**
**અપંથાનં તુગચ્છન્તં**
**શીદરોઅપિ વિમુચંતિ**

'જે માણસ ન્યાયના પંથે ચાલતો હોય તેને તો પશુ-પંખી - પ્રકૃતિ પણ સહાયભૂત થાય છે, મદદ કરે છે, પણ જ્યારે કોઈ આડે માર્ગે- અનીતિના માર્ગે જતો હોય તો એવી વ્યક્તિને તો પોતાનો સગો ભાઈ પણ છોડી દે છે.'

જે માણસ સાચો છે, કર્તવ્યનિષ્ઠ છે અને સત્ય સિદ્ધાંત પર ચાલતો હોય તેને પ્રકૃતિ પણ મદદરૂપ થાય છે.

કોઈ શુભ સંકલ્પથી મોટા પાયા પર કથા કરાવે, વિશાળ મંડપ અને પ્રસાદનું આયોજન હોય તો વર્ષાઋતુમાં પણ વરસાદથી એ આયોજનને મુશ્કેલી નડતી નથી, પ્રકૃતિ સહાય કરે અને શુભ સંકલ્પ પૂરા કરે છે- ઘણીવાર કોઈ પ્રવાસમાં જતું હોય (રેલવે- ટ્રેન- વિમાનમાં) ત્યારે કુદરતી જ કંઈક બનાવ બને અને એ યાત્રા- પ્રવાસ મુલતવી રાખવો પડે, બે મહિના પૂર્વે ટિકિટ લીધી હોય છતાં એ પ્રવાસમાં 'બાધા' આવે- રોકે અને પછી ખબર પડે- એ ટ્રેન - વિમાનને અકસ્માત થયો અને યાત્રિકોના મરણ થયાં- પ્રકૃતિ - કુદરત આમ સહાય કરે છે.

જ્યારે અનીતિ- દુરાચાર કરનાર પોતાનું નજીકનું સગું હોય છતાં પણ તે અસહ્ય હોય ત્યારે તેના સંબંધીઓ પણ તેને મદદરૂપ થતા નથી - છોડી દે- એક મુસ્લિમ સન્નારીએ પોતાના જ રાષ્ટ્રદ્રોહી પતિને જે ઘરમાં જ આતંકવાદી તરીકે બોંબ બનાવતો હતો તેને પોલીસમાં સોંપી દીધો.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ ટાળવો.**
**મિથુન : (ક.છ.ઘ.) ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વાણી સંઘર્ષ થાય.**
**કર્ક : (ડ.હ.) મોશાળપક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.**
**સિંહ : (મ.ટ.) હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.**
**કન્યા : (પ.ઠ.ણ.) મહત્વના કાર્ય અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.**
**તુલા : (ર.ત.) આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.**
**ધન : (ભ.ફ.ધ.) અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.**
**મકર : (ખ.જ.) પ્રવાસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

બંગાળની સામાજિક જાગૃતિની આધારસ્તંભ સમી ત્રિપુટી 'લાલ, પાલને બાલ'માંના એકશ્રી બિપીનચંદ્ર પાલની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૭/૧૧/૧૮૫૮ના રોજ થયો હતો. શ્રી બિપીનચંદ્ર પાલ માત્ર રાજકારણના યોદ્ધા ન હતા. એક પ્રખર પત્રકાર તરીકે તેમણે પોતાનાં પત્રો 'ટ્રિબ્યૂન', 'પથદર્શક', 'ન્યૂ ઈન્ડિયા', 'સ્વરાજ', 'હિંદુ રિવ્યૂ', 'ઈન્ડિપેન્ડેન્ટ', 'ડેમોક્રેટ' ને 'બંગાળી' વડે પ્રાંત ને દેશની પ્રજામાં પ્રાણ પૂર્યા. તેમણે કહેલું કે, ''સત્યાગ્રહ નિષ્ક્રિયનથી, પણ 'અનાક્રમક' છે.

આ પ્રખર રાજકારણી યોદ્ધાને મહાન દેશભક્તનું તા. ૨૦/૫/ ૧૯૩૨ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૫૦૯ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

**તા ૧૯.૦૫.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૪૫૬) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૪૯૪ પોઈન્ટના પ્રથમ અને ૯૫૦૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૪૧૬ પોઈન્ટથી ૯૪૦૩ પોઈન્ટ, ૯૩૯૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૫૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) લ્યુપિન લિમિટેડ (૧૩૧૫) :- ફાર્મા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૮૮ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૩૭ થી રૂ.૧૩૪૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૪૯ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) એશિયન પેન્ટ્સ (૧૧૨૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૦૯ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૯૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૫૩ થી રૂ.૧૧૬૧ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) બાયોકોન લિમિટેડ (૯૮૧) :- રૂ.૯૬૪ પ્રથમ તેમજ રૂ.૯૪૪ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૯૭ થી રૂ.૧૦૦૯ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) કોટક બેન્ક (૯૩૯) :- બેન્ક સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૪૭ થી રૂ.૯૬૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) એકસિસ બેન્ક (૫૦૨) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૮૬ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! બેન્ક સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૧૬ થી રૂ.૫૨૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC લિમિટેડ (૧૫૨૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૫૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૫૦૭ થી રૂ.૧૪૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૫૫૧ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૧૫૦) :- રૂ.૧૧૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૧ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૨૬ થી રૂ.૧૧૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ભારત પેટ્રો (૭૦૫) :- PSU ઓઈલ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૨૩ ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૬૯૦ થી રૂ.૬૭૬ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ગ્લેનમાર્ક ફાર્મા (૬૬૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૭૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૪૪ થી રૂ. ૬૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે.ટ્રેડીગલક્ષી રૂ.૬૮૬ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) તાતા સ્ટીલ (૪૯૦) :- રૂ.૫૦૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૭૬ થી રૂ.૪૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૧૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# મોટી મહુડી નજીક અકસ્માતમાં મહિલાનું મોત



સંજય જોશી

પાલનપુર

પાલનપુરથી ઈનોવા ગાડી લઈને રાજસ્થાનના ભીનમાલ તરફ જઈ રહેલા દંપતિને દાંતીવાડા તાલુકાના મોટી મહુડી ગામ નજીક અકસ્માત નડયો હતો. જેમાં ઈનોવા ગાડી અને લકઝરી વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ભીનમાલના પાંચ પાદરા ગામે રહેતા કમળાબેન આસુલાલ સોની ઉ.વ.૬૦ નું મોત થયું હતું. જ્યારે તેમના પતિ આસુલાલ લાલસીંગજી સોની ઉ.વ.૬૫ ને ગંભીર ઈજાઓથતાં ૧૦૮ વાન મારફત પાલનપુર સીવીલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જોકે લકઝરી રોડની સાઈડમાં ઉતરી જતા વધુ જાનહાની ટળી.અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦૮ કર્મીઓએ અકસ્માતગ્રસ્ત આસુલાલ લાલના ૨૫ હજાર રોકડા અને દાગીના સિવિલમાં જમા કરાવી માનવતાનું ઉદાહરણ પુરૂં પાડયું હતું.

ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર ગુજરાત ક્રિકેટ એશો સંચાલિત

# રિલાયન્સ ઈન્ટર ડીસ્ટ્રીક ઓપન ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

ડીસા



ભરત સુંદેશા

ડીસા ખાતે આવેલ ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર ગતરોજ ગુજરાત ક્રિકેટ એશો.ના સંચાલિત રિલાયન્સ ઈન્ટર ડ્રીસ્ટ્રીક ક્રિકેટ ટુર્નામિન્ટનો પ્રારંભ થયો છે. આ ટુર્નામિન્ટમાં કુલ ચાર ટીમો રમશે. જેમાં (દમણ) પંચમહાલ બનાસકાંઠા (દાદર નગર હવેલી) આમ કુલ ચાર ટીમો બે દિવસની ટેસ્ટ મેચ રમશે. આ ક્રિકેટ મેચોના પ્રદર્શન ઉપર ગુજરાત સ્ટેટ ટીમનું સિલેક્શન થશે. ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એકેડેમી અને બ.કા. ડિસ્ટ્રીક ક્રિકેટ એશો. સહયોગથી પ્રારંભ થયેલ. આ ટુર્નામિન્ટ દરમ્યાન ડીસા એકેડેમીના વિપુલ આલ બ.કા. ડિસ્ટ્રીકના સેક્રેટરી તરૂણ જોષી, ધર્મેશ વ્યાસ, હડીયોલ તેમજ ડીસા એકેડેમીના સેક્રેટરી શતિષ બનાવાલા પ્રમુખ છબીલ સોનેથા તેમજ રસીક પંચીવાલા અને પરેશ મોદી હાજર રહ્યા હતા. આ ટુર્નામિન્ટ ૨૨ તારીખ સુધી ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર રમાશે.

# બનાસવાસીઓનું દાંતીવાડા ડેમમાં નર્મદાના નીર નાખવાનું સ્વપ્ન અધૂરૂં

**રૂા.૪૧૮ કરોડના ખર્ચે પાઈપ લાઈન નંખાઈ પણ પાણી આવતુ નથી : જળ સંકટનો ગંભીર ખતરો : બનાસવાસીઓની હાલત કફોડી**

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં બે વર્ષ અગાઉ ચાંગાથી દાંતીવાડા ડેમ સુધી રૂા.૪૧૮ કરોડના ખર્ચે પાઈપ લાઈન નાખવામાં આવી હતી. પરંતુ ઉદ્દઘાટન બાદ તેમાં આજ સુધી નર્મદાનું પાણી આવ્યું નથી. તેથી બનાસવાસીઓની આશા ઠગારી નીવડી છે. બીજી બાજુ અપૂરતા વરસાદથી ભૂગર્ભ જળમાં 'કડાકો' બોલી ગયો છે. તેથી બોર અને ટ્યુબવેલ નિષ્ફળ જતા સિંચાઈનો યક્ષ પ્રશ્નની સાથે સાથે જિલ્લામાં જળ સંકટનો ગંભીર ખતરો મંડરાયો છે.

રણ વિસ્તાર ધરાવતા સરહદી બનાસકાંઠા જિલ્લામાં દર વર્ષે અપૂરતો અને નહીંવત વરસાદ પડે છે. તેથી જીવાદોરી સમાન દાંતીવાડા ડેમ ભરાતો નથી. જેના પગલે દર આંતરા વર્ષે અછત - અર્ધ અછતની સ્થિતિ સર્જાય છે. પાણીના અભાવે હજારો હેકટર જમીન બિન ઉપયોગી પડી રહે છે. તેમ છતાં જિલ્લાના મહેનતકશ ખેડૂતોએ ઓછા પાણીના કારણે 'ટપક સિંચાઈ' પધ્ધતિ અપનાવી ખાસ કરીને બાગાયતી પાકોમાં કાઠું કાઢ્યું છે. પરંતુ બોર અને ટ્યુબવેલ દ્વારા સતત પાણી ઉલેચાતા ભૂગર્ભ જળમાં ધરખમ ઘટાડો થયો છે. તેથી લાખોના ખર્ચે બનાવેલ બોર નિષ્ફળ થવા લાગ્યાં છે. જેના કારણે જિલ્લાનો એક માત્ર કૃષિ વ્યવસાય 'ડચકાં' ખાવા લાગ્યો છે. ત્યારે કૃષિ વ્યવસાયને બચાવવા નર્મદાના નીરનો એકમાત્ર વિકલ્પ છે. તેથી દર ચૂંટણીમાં દાંતીવાડા ડેમમાં નર્મદાના નીર ઠલવવાનો મુદ્દો ચમકે છે. જો કે બે વર્ષ અગાઉ ડેમમાં નર્મદાના નીર નાખવા રૂા.૪૧૮ કરોડના ખર્ચે કાંકરેજ તાલુકાના ચાંગાથી દાંતીવાડા ડેમ સુધી ૪૮૭ કિ.મી. લાંબી પાઈપ લાઈન નંખાઈ છે. જેનું તા.૧૦/૦૪/૨૦૧૫ ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઉદ્દઘાટન કર્યું હતું. પરંતુ ઉદ્દઘાટન બાદ આજસુધી ડેમમાં પાણી નંખાયું નથી. તેથી 'નેવાના પાણી મોભે ચઢાવવા' જેવું સરકારનું આયોજન બનાસવાસીઓ માટે મજાક પુરવાર થયું છે. કરોડોનો ખર્ચ છતાં ડેમ ખાલી રહેતા જિલ્લાના ખેડુતો એક પ્રકારનો અજંપો અને આક્રોશ અનુભવે છે. થોડા સમય અગાઉ આ મુદ્દે મીડીયાએ કાગારોળ મચાવી હતી. તેથી સરકાર દ્વારા સર્વે કરવાનું આશ્વાસન અપાયું છે. પરંતુ વર્ષોની અનેક રજૂઆતો અને આંદોલનો છતાં ડેમ ભરવાનું સ્વપ્ન આજે પણ અધુરૂં રહી ગયું છે. તેથી ખુદ સરકાર બદનામ થઈ રહી છે. ત્યારે આજે ડીસાની મુલાકાતે આવતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પાણીના પ્રશ્ને કંઈક વિશેષ જાહેરાત કરે તેમ બનાસવાસીઓ ઈચ્છે છે.

### પોષણક્ષમ ભાવોની જરૂર

બનાસકાંઠા જિલ્લામાં ઉત્તરોત્તર ઘટતા ભૂગર્ભ જળના કારણે સિંચાઈ માટે પાણીનો યક્ષ પ્રશ્ન સર્જાયો છે. તેમ છતાં ખેડુતો ઓછા પાણીએ 'ટપક' પદ્ધતિથી સિંચાઈ કરી ત્રણેય સિઝન વિવિધ પાકોનું ઉત્પાદન કરે છે. પરંતુ પોષણક્ષમ ભાવો મળતા નથી. બીજી બાજુ, વિજ બીલ, બિયારણ, ખાતર અને મજૂરીના ભાવ વધતા જાય છે. તેથી નજીવા ભાવથી ખેડૂતોને ખર્ચ પણ નીકળતો નથી. જેના કારણે જિલ્લાનો એક માત્ર કૃષિ વ્યવસાય તૂટતો જાય છે. ત્યારે સરકાર વિવિધ પાકોના પોષણક્ષમ ભાવ જાહેર કરે તો બેહાલ ખેડૂતો બેઠા થઈ શકે.

### આપઘાતના ત્રણથી ચાર બનાવો

ડીસા સહિત જિલ્લામાં બટાટાનું સૌથી વધુ વાવેતર થાય છે. ૨૦૦૨ માં તત્કાલિન મુખ્યમંત્રીએ અહીં વિદેશી કંપની દ્વારા બટાટા પ્રોસેસની ફેકટરી નાંખવાનું વચન આપ્યું હતું. પરંતુ તે વચન આજ સુધી પુરૂં થયું નથી. ઉલટાનું છેલ્લા ત્રણ વર્ષથી બટાટાના ભાવમાં મહામંદી પ્રવર્તે છે. તેથી ખેડૂતો અને વેપારીઓ બેહાલ બની ગયા છે. જેના કારણે આપઘાતના બનાવો બન્યા છે. તેમ છતાં રાજ્ય સરકારે બટાટાની નિકાસ માટે ભાડાની સબસીડી બંધ કરી દીધી છે ત્યારે સરકાર માનવીય અભિગમ દાખવી કમસે કમ કોલ્ડ સ્ટોરેજમાં પડેલા બટાટાના ભાડામાં સબસીડી જાહેર કરે તે જરૂરી છે.

# વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ડૉ.તોગડીયાની ઉપસ્થિતિમાં પ્રશિક્ષણ વર્ગ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ-ઉત્તર ગુજરાત પ્રાંત દ્વારા દીઓદર ખાતે આદર્શ હાઈસ્કુલ મધ્યે યુવા શૌર્ય પ્રશિક્ષણ વર્ગ તા.૧૪-૫-૨૦૧૭થી તા.૨૦-૫-૨૦૧૭ સુધી યોજાઈ રહ્યો છે.

આ પ્રશિક્ષણ વર્ગમાં જુડો, કરાટે, રાયફલ, શુટીંગ, લાઠીદાવ, ઓબ્સ્ટીકલ ધર્નુવિદ્યા (તિરંદાજી), યોગાસન જેવા શારીરીક કાર્યક્રમ તથા વર્તમાન સમયને ધ્યાને રાખી બૌદ્ધિક વિષયો ઉપર ધનિષ્ઠ ચર્ચા - વિચારણાઓ કરવામાં આવેલ.આ વર્ગમાં પ્રાંત,પ્રવેશ અને કેન્દ્રના વિશ્વહિન્દુ પરિષદના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ.

આ પ્રશિક્ષણ વર્ગમાં માર્ગદર્શન આપવા માટે તા.૧૭ના રોજ વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ડૉ.પ્રવિણભાઈ તોગડીયા આવેલ જેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.તેમણે ખેડુત લક્ષી અનેક વાતો કરી આગામી સમયમાં ખેડુતોને વ્યાપક ફાયદા થશે તેમ જણાવેલ તેમજ યુવાનોને માર્ગદર્શન પુરૂ પાડેલ.


અશોક શેઠ

આ પ્રસંગે ડૉ.સુરેશભાઈ ગુપ્તા,ભગવાનભાઈ ચડોસીયા,દિનેશભાઈ સુવાના, જિલ્લા સંયોજક બિપીનભાઈ ત્રિવેદી,દીઓદર અધ્યક્ષ પ્રવિણભાઈ માળી, લાલાભાઈ મકવાણા,ઓમપ્રકાશ ભીમાણી, રમેશભાઈ ડી.જોષી તથા પ્રાંત બજરંગ દળ સંયોજક જીતુભાઈ પ્રજાપતિ,અશ્વિન પટેલ, મુકેશભાઈ પટેલ તથા પાટણ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના ઉન્નતભાઈ શાહ (શિહોરી) તથા વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો,બજરંગદળના કાર્યકરો મોટી સંખ્યામાં શિક્ષાર્થીઓ ઉપસ્થિત રહેલ. ડૉ.પ્રવિણભાઈ તોગડીયાનું સાફો પહેરાવી,તલવાર આપી સ્વાગત સહ સન્માન કરવામાં આવેલ.

# કાંકરેજ તાલુકાના ખેડૂતોને કૃષિ સેમીનાર પ્રદર્શનમાં ભાગ લેવા અનુરોધ કરતા થરા માર્કેટયાર્ડના ચેરમેન

તા. પ્રતિનિધિ થરા



બનાસકાંઠા જિલ્લાની બટાટા નગરી ડીસા ખાતે આજે કૃષિમહોત્સવના પ્રણેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાનશ્રીના આદર્શને સચિતાર્થ રૂપે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને સવારે ૯-૦૦ વાગે માર્કેટયાર્ડ - ડીસા ખાતે કૃષિ મહોત્સવ - ૨૦૧૭ અંતર્ગત કૃષિ સેમીનાર તથા પ્રદર્શન યોજાશે થરા માર્કેટયાર્ડના ચેરમેન અને સહકારી આગેવાન શ્રી અણદાભાઈ પટેલ કાંકરેજ તાલુકાના ખેડૂતો પશુપાલકોને અનુરોધ કરતાં જણાવ્યુ છે કે આ સેમીનાર પ્રદર્શનમાં ભાગ લઈ કૃષિક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમ અપનાવી મબલક ઉત્પાદન મેળવે આ કૃષિ મહોત્સવ સેમીનાર - પ્રદર્શનમાં અવનવા કૃષિ લક્ષી સુધારા ટેકનોલોજીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

# દીઓદર તાલુકા મંડળી દ્વારા વીમા કલેઈમ ચુકવાયો


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકા નાગરીક શરાફી સહકારી મંડળીના સભાસદ જોષી સોમાભાઈ વાઘાભઈનું માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયેલ.દીઓદર મંડળી દ્વારા તેમને એકસીડન્ટ વીમો તથા સામાન્ય વીમો લીધેલ હોઈ તેમને રૂા.૫૦,૦૦૦/- અકસ્માત વિમાના તથા લોન ધારક સભાસદના સામાન્ય વિમાના રૂા.૩૦,૦૦૦/- મંજુર થયેલ જે મૃતક સભાસદના વારસદાર તેમના ધર્મપત્ની ભગવતીબેન સોમાભાઈને આજરોજ મંડળી દ્વારા ચેક આપવામાં આવેલ.આ પ્રસંગે મંડળીના ચેરમેન અશોકભાઈ બી.શેઠ,ડીરેક્ટરશ્રી દશરથભાઈ ઠક્કર,રમેશભાઈ પ્રજાપતિ તથા અન્ય ડીરેક્ટરશ્રીઓ, મેનેજરશ્રી પ્રકાશભાઈ શાહ,કાંતીભાઈ જોષી સહિત સદ્ગત મૃતકના સ્નેહીજનો ઉપસ્થિત રહેલ.

દીઓદર તાલુકા મંડળી દ્વારા તેના કાર્યક્ષેત્રમાં આવતા તમામ સભાસદોનો હાલે રૂા.૧ લાખનો અકસ્માત વિમો લેવામાં આવે છે.તેમજ મંડળીના લોન ધારકો ૩૦ અને ૫૦ હજારનો સામાન્ય મૃત્યુમાં પણ લોન કવરેજ વીમો લેવામાં આવે છે.જેના કારણે મૃતકના પરિવારને લોનમાં સદરહું વીમો મળતાં રાહત રહેવા પામે છે.

# બ.કાં.જિલ્લા ભાજપ સંગઠનમાં વાવ પંથકમાંથી બહોળી નિમણુંકો થતાં આનંદ

### શું જિ.ભાજપ પ્રમુખનું સુકાન પદ પણ વાવના ફાળે જશે ?

તાલુકા પ્રતિનિધિ વાવ

ડિસે. ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણી પૂર્વે બ.કાં. જિ.ભાજપ સંગઠને હોદ્દેદારોની નિમણુંકો કરી સરહદી વાવ સૂઈગામ પંથકને મોટો લાભ આપી દીધો છે.

બ.કાં. જિલ્લા ભાજપના મહત્વના ગણાતા મહામંત્રી પદે વાવ- સુઈગામ પંથકના કોરેટી ગામના ઉમેદદાનજી ગઢવીની વરણી કરાઈ છે. જ્યારે ઉપપ્રમુખ બ.કાં.જિ.ભાજપ પદે વાવ તાલુકાના ઉમેદપુરાના વતની અને માલધારી સમાજના અગ્રણી નાગજીભાઈ રબારીની નિમણુંક કરાઈ છે. ત્યારે બ.કાં. જિલ્લા યુવા ભાજપ મહામંત્રી પદે વાવ તાલુકાના ચાંદરવા ગામના યુવાન અગ્રણી રામસેંગભાઈ જી.રાજપુત (કેશરકૃપા) ની વરણી કરવામાં આવી છે. તેમજ બ.કાં.જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી પદે વાવ તાલુકાના ઉચપા ગામના સેંધાભાઈ પ્રજાપતિની વરણી કરવામાં આવી છે. વધુમાં ગુ.પ્રદેશ ભાજપે અને રાજય સરકારે વાવ પંથકના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીને ગુજરાત સરકારમાં અગત્યના મંત્રી પદની ફાળવણી કરી છે. આમ વાવ પંથક ઉપર જિ.ભાજપ અને ગુ. પ્રદેશ ભાજપ સંગઠન ખુશ છે. આગામી ડિસે ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં સમગ્ર વાવ વિધાનસભા બેઠકના વિસ્તાર ભાજપના કાર્યકરોની કેસરી ફોઝ બની રહે છે. બ.કાં. જિ.ભાજપ સંગઠને નિમણુંકોના મુદ્દે વાવ સુઈગામ પંથકને બહોળી નિમણુંકોની ભેટ ધરાવતા વાવ- ભાભર સુઈગામ પંથકના ભાજપ કાર્યકરોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કાર્યકરોએ અત્યારથી જ ચુંટણી પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે.

# લાખણી ખાતે રાજેશ્વર ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા અને વિષ્ણુયોગ મહોત્સવનો પ્રારંભ

### આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી હાજરી આપશે

પ્રતિ. લાખણી

લાખણી વિસ્તારમાં મારવાડી પટેલ આંજણા સમાજના ધર્મગુરૂ અને સમગ્ર ભારતમાં વસતા ચૌધરી સમાજને એક સંપ કરવામાં તેમજ શિક્ષીત તથા વ્યસન મુક્ત કરવામાં જેમને પોતાનું આખું જીવન સમર્પિત કર્યું એવા પરમ પૂજ્ય સંતશ્રી ૧૦૦૮ રાજેશ્વર ભગવાનનું લાખણીના કૃષ્ણનગરમાં મંદિર બનાવેલ છે જેમાં મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ ત્રણ દિવસ એટલે કે તા.૧૯/૫/૨૦૧૭ થી ૨૧/૫/૨૦૧૭ સુધી ચાલશે. જેમાં પ્રથમ દિવસે યજ્ઞની શરૂઆત કરવામાં આવેલ. આ કાર્યક્રમનું આયોજન શ્રી રાજારામ આંજણા ચેરીટેબલ ટ્રસ્ટ કૃષ્ણનગર લાખણી દ્વારા કરવામાં આવેલ છે. મંદિરનું નિર્માણ સોલંકી વનાજી વજાજી, સ્વ.ઉદાજી વજાજી, સ્વ.પનાભાઈ ઉદાજી, સોલંકી ધુડાભાઈ ઉદાજી, સોલંકી ડુંગરભાઈ વનાજી તથા ગલાભાઈ વનાજી તરફથી કરવામાં આવ્યું હતું.


દિલીપ પુરોહિત

તેમજ આ સમગ્ર ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠાના યજ્ઞના આચાર્ય લવાણા નિવાસી શાસ્ત્રી હિતેશભાઈ ગોરધનદાસ ત્રિવેદી દ્વારા કરવામાં આવશે. તેમજ ગોર મહારાજ તરીકે લાખણીના વિદ્વાન શાસ્ત્રી ઓમપ્રકાશ શ્રીરામભાઈ વ્યાસ છે. આ યજ્ઞમાં પરમ પૂજ્ય પ્રાઃત સ્મરણીય શ્રી ૧૦૮ શ્રી દયારામજી મહારાજ ગાદીપતિ રાજારામ આશ્રમ (શકારપુર) ધામ (રાજસ્થાન) ના સાનિધ્યમાં આશીર્વાદ પ્રાપ્ત થશે તેમજ સમગ્ર લાખણી ગામ તથા આ વિસ્તારના સમસ્ત આંજણા ચૌધરી સમાજ આ પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટી સંખ્યામાં દર્શનનો લાભ લઈ રહ્યા છે. ત્યારે આજે તા.૨૦/૫/૧૭ ને બપોરના ૧ કલાકે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ લાખણી મુકામે આ કાર્યક્રમમાં પધારશે.

# ઢીમા નગરે યોજાનાર ''પ્રતિષ્ઠા મહોત્સવ'' ની તડામાર તૈયારીઓ

**ઢીમા ગ્રામજનો અને ટ્રસ્ટીગણના સહીયારા પ્રયાસથી મહોત્સવનું આયોજન**

તાલુકા પ્રતિનિધિ વાવ

આગામી તા. ૩૦/૫/૧૭ થી તા. ૫/૬/૧૭ સાત દિવસ ઢીમા નગરે શ્રી કાળિયા ઠાકર ભગવાનનો શિખર પ્રતિષ્ઠા મહોત્સવના ભવ્ય આયોજનના ભાગરૂપે સમગ્ર ઢીમા નગરજનો અને શ્રી ધરણીધર મંદિર ટ્રસ્ટીગણ તેમજ ઢીમા પંચાયતનું જવાબદાર તંત્રે પૂર ગતિએ તૈયારીઓ આરંભી દીધી છે. સાત દિવસ- દરમ્યાન યોજાનાર શિખર પ્રતિષ્ઠા, ધ્વજારોહણ, કથા, સંતવાણી, ભજનસંધ્યા, લોકડાયરો, યજ્ઞ જેવા વિવિધ કાર્યક્રમોની તૈયારીઓના ભાગરૂપે દાનવીર દાતાઓ પણ દાનનો ધોધ વહાવી દીધો છે. ઢીમા નગરે યોજાનાર કાર્યક્રમની સુવાસ સમગ્ર ગુજરાતભરમાં પ્રસરી ચૂકી છે. દાદાના ભક્તોનું ઘોડાપુર ઢીમા નગરે ઉમટી રહ્યું છે. સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત, રાજસ્થાનથી ભક્તોએ મહોત્સવની તૈયારીના શ્રીગણેશ કરી દીધા છે. ઢીમા નગરે ઠેરઠેર ગલીએ-ગલીએ ઘેરઘેર પ્રતિષ્ઠા મહોત્સવના પોસ્ટરો લાગી ગયા છે. સમગ્ર ઢીમા નગર એકતાલે ભક્તિના રંગે રંગાઈ ગયું છે. સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે ઢીમા પંચાયતે સફાઈ ઝુંબેશ હાથ ધરી દીધી છે. શ્રી ધરણીધર મંદિર ટ્રસ્ટ તરફથી ભોજન પ્રસાદ માટે અન્નક્ષેત્ર ધમધમી રહ્યું છે. જેઠ સુદ ૧૧ તા. ૫/૬/૧૭ ના રોજ ૧૨.૩૯ મિનિટના શુભમુહુર્તમાં હેલીકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા થશે અને પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. હાલની પરિસ્થિતિ જોતા દ્વારકા, ડાકોર, શામળાજી કરતાં વધુ ભક્તોનું ઘોડાપુર ઢીમા નગરે ઉમટી રહ્યું છે.


વિષ્ણુ પરમાર

# ભીલડીના વેપારીના આપઘાત કેસમાં સુસાઈટ નોટના આધારે પાંચ ઈસમો વિરૂધ્ધ ફરીયાદ

(પ્રતિનિધિ) ભીલડી

ભીલડી ખાતે જૈવીક ખાતરનો વેપાર કરતા વેપારીએ ચાર દિવસ અગાઉ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેમાં મૃતકના ખીસામાંથી મળેલ સુસાઈડ નોટના આધારે મૃતકના પુત્રએ પાંચ ઈસમો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી હતી.

ભીલડીમાં જૈવિક ખાતરનો વેપાર કરતા જયંતિલાલ મણીલાલ પટેલ, ઉંમર ૬૫, મુળ રહેવાસી ચંદ્રવતી, તા. સિધ્ધપુર, જિ. પાટણવાળાએ તા.૧૪/૦૫/૨૦૧૭ ની રાત્રે કોઈ અગમ્ય કારણોસર ભાડાના મકાનમાં ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરી હતી. જેમાં ભીલડી પોલીસે અકસ્માત ગુનો તપાસ શરૂ કરી હતી. જો કે મૃતકનાખીસ્સામાંથી મળી આવેલા સુસાઈટ નોટના આધારે મૃતકના પુત્ર જીતેન્દ્રકુમાર જયંતીલાલ તેમના પુર્વ ભાગીદારોએ આપઘાત કરવા દૂસ્પ્રેરણા કરી ગુનો કરવા બાબતની ફરીયાદ નોંધાવી હતી.

જેમાં જામાંજી ચંદનજી ઠાકોર રહે. સુરપુરા, તા. ઊંઝા, જિ. મહેસાણા, (૨) સુરેન્દ્રભાઈ બાબુલાલ પટેલ, રહે. વિસનગર, (૩) શૈલેષભાઈ, રહે. રંણુજ, (૪) ઈલીયાસભાઈ, રહે. ચાદેસર, તા. સિધ્ધપુર, જિ.પાટણ, (૫) મંજુભાઈ ઉર્ફે મુનાભાઈ, રહે. પોસીના, જિ. સાબરકાંઠા વિરૂધ્ધ ભીલડી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા જેની તપાસ ભીલડી પી.એસ.આઈ. બી.એન. મોઢવાડીયા ચલાવી રહ્યા છે.

# ધાનેરા તાલુકામાં જળસંકટ સર્જાવાના એંધાણ

**વરસાદી પાણીના સંગ્રહની યોજના કાગળ ઉપરઃ નહેરોની વ્યવસ્થા નથી છતાં બોરો દ્વારા રાત- દિવસ પાણી ઉલેચાય છે**



એન.કે.મોદી

તા.પ્રતિનીધિ ધાનેરા

ધાનેરા તાલુકામાં અપૂરતા વરસાદ વચ્ચે ભૂગર્ભ જળના સંગ્રહ થતો નથી ઉલટાનું ખેતી માટે રાત દિવસ હજારો બોર પાણી ઉલેચે છે. જેના કારણે એક માત્ર ખેતી ઉદ્યોગ ડચકા ખાવા લાગ્યો છે. પાણીના અભાવે પશુઓ માટે ઘાસચારાની પણ અછત વર્તાવા લાગી છે. પાણીની આ જ સ્થિતિ રહી તો આગામી વર્ષોમાં લોકોને સ્થળાંતર કરવું પડે તેવા એંધાણ વર્તાવા લાગ્યાં છે.

રાજસ્થાનને અડીને આવેલ ધાનેરા તાલુકો ૧૦૦ ટકા ખેતી ઉપર નિર્ભર છે. પરંતુ પાણીની અછતના કારણે હાલમાં માંડ ૩૦ થી ૪૦ ટકા ખેતી થાય છે. સોતવાડા, ફતેપુરા, રામપુરા, હણી વગેરે ગામોમાં આગઉ ૬૦૦ થી ૭૦૦ ફુટે પાણી હતુ પરંતુ હાલમાં આ તળ ૧૩૦૦ થી ૧૫૦૦ ફુટે પહોંચી ગયા છે. આટલા ઊંડા બોર બનાવવા છતાં પાણી ઓછું આવે છે. તેથી સિંચાઈના અભાવે વાવેતર ઘટતા લોકો પશુપાલન કરવા લાગ્યા છે પરંતુ પશુઓ માટે ઘાસચારાની પણ તંગી છે. તાલુકાની જમીન રેતાળ છે. તેથી ઓછા પિયતવાળા પાકોનું વાવેતર જરૂરી છે.પરંતુ ખેડૂતો ત્રણેય સિઝનમાં ૧૫ થી ૨૦ પિયતની જરૂર પડે તેવા બટાટા, મગફળી, તમાકુ અને કપાસનું વાવેતર પણ કરવા લાગ્યા છે. જેથી બોર મારફત સતત પાણી ઉલેચાઈ રહ્યું છે. પાણીના તળ સતત ઘટતા સરકારે વરસાદી વહી જતા પાણીના સંગ્રહ માટે ચેકડેમ, ખેત તલાવડી, ગામતળાવ ઊંડા કરવા, બોરી બંધ બનાવવા જેવી યોજનાઓ બનાવી છે પરંતુ આ યોજનાઓ તાલુકામાં કાગળ ઉપર રહી ગઈ છે તેથી વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકતો નથી. એ સિવાય તાલુકામાં સિપુ અને નજીકમાં દાંતીવાડા ડેમ આવેલ છે

અનુસંધાન પાના નં.૬

# ખીમાણા નજીક વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઇ



વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચના અને ના. પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ શિહોરી પી.એસ.આઈ. બી.એમ. કરમટાએ સ્ટાફ સાથે કોમ્બીંગ નાઈટ ગોઠવી હતી. જે દરમ્યાન મળેલ બાતમીના આધારે હોટલ સહયોગ પાસે નાકબંધી ગોઠવી હતી. તે વખતે પુરઝડપે આવેલી સ્કોર્પિયો ગાડીને રોકવાનો ઈશારો કરતા ગાડી ચાલક બમણી ગતિએ ગાડી ભગાડી ગયો હતો. તેથી પોલીસે ગાડીનો પીછો કરતા ખીમાણાથી ચેખલા હાઈવે ઉપર ગાડીનું ટાયર ફાટી જતા ચાલક ગાડી રોડ ઉપર મુકી અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. પોલીસે ગાડીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૯૩૮ બોટલ (કિંમત રૂા. ૨,૨૦,૨૦૦) મળી આવી હતી. તેથી પોલીસે વિદેશી દારૂ અને ગાડી મળી કુલ રૂા. ૫,૨૦,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસાનું તાપમાન ૪૩.૨ ડીગ્રી નોંધાયું

ડીસા

ડીસા સહિત જિલ્લામાં ફુંકાતી 'લૂ' વચ્ચે ગરમીનું પ્રમાણ અકબંધ રીતે જળવાયેલું રહ્યું છે. કાળઝાળ ગરમીના કારણે આમ પ્રજા સહિત પશુ - પંખી જીવો આકુળ - વ્યાકુળ થઈ ઉઠયાં છે. છેલ્લા દસેક દિવસથી ફૂંકાતી લૂના કારણે ગરમીજન્ય બિમારીઓનો ઉપદ્રવ વધી પડ્યો છે. તેથી સરકારી અને ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાવા લાગ્યા છે. કાળઝાળ ગરમીથી બચવા લોકો અવનવા નુસખા અજમાવે છે. પરંતુ એકેય ઉપાય કારગત નિવડતો નથી. ત્યારે છવાયેલ 'હીટવેવ' વચ્ચે ગઈકાલે ડીસાનું તાપમાન ૪૩.૨ ડીગ્રી નોંધાયું હતું. તેથી ગરમીથી લોકો તોબા પોકારી ઉઠયા હતા.



# થરાદ નજીક કેનાલમાંથી યુવકની લાશ મળી

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના સવપુરા ગામની પેટા દુધમંડળીમાં મંત્રી તરીકે ફરજ બજાવતા મઘાભાઇ હરસેંગભાઇ પટેલ ઉ.વ. ૩૪ વર્ષ ગુરૂવારની રાતના અગિયારેક વાગ્યાના સુમારે પોતાનું મોટરસાયકલ લઇને ઘેરથી નિકળ્યા હતા.શુક્રવારની સવારે ખેડુતોએ આઠ વાગ્યાના સુમારે મઘાભાઇના બુટ અને મોટરસાયકલ નહેર પર પડેલા જોતાં બાજુના ખેતરના પડોશીએ તેમના પરિવારને જાણ કરી હતી.આથી બધા નહેર પર દોડી આવી વાવણી કરવાની કરવાની કલ્ટી નહેરમાં ફેરવી શોધખોળ કરતાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.આ બનાવની તેના પિતા હરસેંગભાઇ ધરમાભાઇ પટેલે થરાદ પોલીસને જાણ કરતાં પોલીસે અક્સ્માત મોત રજીસ્ટરથી નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# થરાદની સિવિલ હોસ્પીટલમાં સુવિધાના મુદ્દે જન આંદોલન છેડવા કૉંગ્રેસ મક્કમ

**સિવિલ સુપ્રિન્ડેન્ટની જગ્યા સહિત માંગણીઓ નહી સંતોષાતાં સિવીલમાંજ ભુખ હડતાલ પર ઉતરશે**

પ્રતિનિધિ થરાદ

થરાદની રેફરલ હોસ્પીટલને અપગ્રેડ કરવામાં આવીછે,પણ તબીબો અને સૂવિધાઓના નામે મીંડુ જ છે. આ અંગે થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતી દ્વારા જનઆંદોલન અને આવેદનપત્રનું આપવા છતાં પણ કોઇ કામગીરી નહી થતાં આગામી દિવસોમાં ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે તેમ થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખે જણાવ્યું હતું.

રાજય સરકાર દ્વારા એક વર્ષ પહેલાં જ થરાદની રેફરલ હોસ્પીટલને સબ જનરલ હોસ્પીટલમાં અપગ્રેડ કરી સેવા અને સુવિધાઓમાં સ્ટાફ અને બેડની સગવડોનો પણ વધારો કરવામાં આવ્યોછે.પરંતુ આ માત્ર કાગળ પર રહેતાં થરાદ વાવ તાલુકાની આ મોટી સરકારી હોસ્પિટલમાં અત્યારે વર્ગ એકની તમામ છ જગ્યાઓ જેવીકે ઓર્થોપેડીક સર્જન, આઇસર્જન, ગાયનેકોલોજીસ્ટ ફીજીશિયન, પીડીયાટ્રીશિયન અને મુખ્ય સુપ્રિન્ડેન્ટેન્ટની જગ્યા તો ત્રણ વર્ષથી ખાલી પડેલીછે.તેવીજ રીતે વર્ગ ચારની પણ દસ જગ્યાઓ ખાલીછે. રેફરલના ૭૦ કર્મચારીઓના મંજુર મહેકમ સામે માત્ર ૫૦ ટકા જગ્યાઓ જ ભરાયેલી છે.બાકીની ખાલી હોવાના કારણે સરહદી પ્રજાને સરકારની આરોગ્યલક્ષી સેવાઓનો લાભ મળતો નથી અને તેમણે ના છુટકે ખાનગી દવાખાનાંમાં મોંઘીદાટ સારવાર કરાવવી પડેછે.

આ અન્યાય સામે ઝઝૂમવા માટે થરાદ તાલુકા કોંગ્રેસ સમિતિના એ લડાયક મિજાજ ધારણ કરતાં ગત તારીખ તારીખ ૦૫/૦૪/૨૦૧૭ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે નાયબ કલેકટરને બહોળી સંખ્યામાં આગેવાનો સાથે આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું.જેના પંદર દિવસ પછી ઉપરોક્ત જગ્યાઓ ભરવામાં નહિ આવે તો થરાદ તાલુકા કોંગ્રેસ સમિતિના આગેવાનો તથા અસંખ્ય ભાઈઓ-બહેનો થરાદની સિવિલ હોસ્પીટલમાં જ ઉપરોક્ત જગ્યાઓ ન ભરાય ત્યાં આમરણાંત(ભૂખ હડતાળ) ઉપવાસ ઉપર ઉતરશે તેવી ચિમકી પણ આપવામાં આવી હતી.આ અંગે થરાદ તાલુકા કૉંગ્રસ સમિતીના પ્રમુખ આંબાભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે આ આંદોલન એ કોઇ વ્યક્તિકે પક્ષનું જ ન રહેતાં સમગ્ર સરહદી તાલુકાઓની પ્રજાનું આંદોલન છે.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં ત્રણ તલાકના મુદ્દે ફરિયાદ : પીડિતાએ પાંચ સામે ગુનો નોંધાવ્યો

પાલનપુર

પાલનપુર પચીમ પોલીસ મથકે ત્રણ તલાક ના મામલે ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઇ છે હાલ સમગ્ર દેશ મા આ મુદ્દો ચર્ચા ની એરને છે ત્યારે પાલનપુર મા ત્રણ તલાક મામલે ફરિયાદ થતા ચકચાર મચી ગઇ છે.ત્રણ વર્ષ અગાઉ પાલનપુર ના અલીગુંજ પુરા મા લગ્ન થયેલા ત્યારબાદ યેનકેન પ્રકારે હેરાનગતિ કરતા પરિણીતા મૂંગા મોઢે ત્રાસ સહન કરતી આ પરિણીતા ને થોડા દિવસ અગાઉ પતિ અને સાસરિયા ઓ એ ઝેરી દવા અને કેરોસીન પાઇ મારી નાખવાની કોશિશ કરી હતી ત્યારબાદ પિયર મા આવેલી પરિણીતા ને પતિ એ ફોન પર ત્રણ વાર તલાક બોલી તલાક આપતા ત્રણ તલાક ના મુદ્દે મામલો ગરમાયો હતો જોકે ત્રણ તલાક અને અત્યાચાર ના મામલે પતિ સહિત પાંચ સામે ફરિયાદ નોંધાઇ છે..

ત્રણ વર્ષ પહેલાં પાલનપુર ગઠામણ ગેટ વિસ્તારમાં રહેતી યુવતીના પાલનપુર જામપુરા અલીગંજ વિસ્તારમાં તોફિક માછલીયા નામના યુવક સાથે લગ્ન થયા હતા.. લગ્ન જીવનથી નવ મહિના પહેલા એક બાળકીનો જન્મ થયો હતો. જોકે બાળકીના જન્મ પહેલાજ યુવતી પર શારીરિક માનસિક ત્રાસ જારી હતો તેવામાં પરિવાર જનોએ દીકરી અવતરતા ત્રાસ વધારી દીધો હતો છેલ્લે ૧૨ મી મેના રોજ પતિ એ કૈક ઝેરી દ્રવ્ય ખવડાવી દેતા પીડિતાએ પરિવારજનોને ફોન કરી ને સઘળી હકીકત થી વાકેફ કર્યા હતા. અને ત્વરિત ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી પીડીતાના પરિવાર જનના મોબાઈલ પર ફોન કરીને ત્રણ તલાક આપી દીધા હતા..

આ સમગ્ર મામલે હાલ પાલનપુર પૂર્વ પોલીસ મથકે પીડિતાની ફરિયાદ લઈ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ એ, ૩૨૩, ૩૨૮, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ ઉપરાંત દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩,૭ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દીઓદર નગરે ૧૯મી ધ્વજારોહણ યોજાઈ



અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર નગરે શ્રી શાંતિનાથ દાદાના જિનાલયની ૧૯મી ધ્વજારોહણ નિમિત્તે ત્રિ દિવસીય પ્રભુ ભક્તિનો અનેરો મહોત્સવ શ્રી દીઓદર જૈન સંઘના આંગણે તા.૧૫ થી ૧૭ મે સુધી યોજાઈ ગયો.તા.૧૫ના રોજ સવારે સમૂહ સ્નાત્ર પૂજા યોજાયેલ તેમજ ત્રણેય ટાઈમ સાધર્મિક ભક્તિ થયેલ.જેનો લાભ કિકાણી કાંતાબેન અમૃતલાલ પરિવારે લીધેલ. તા.૧૬ના રોજ સવારે સંતિકરં સ્ત્રોત સહ શાન્તીધારા અભિષેક યોજાયેલ તેમજ ત્રણેય ટાઈમ સાધર્મિક ભક્તિ યોજાયેલ.જેનો લાભ પુષ્પાબેન સેવંતીલાલ હરખાણી પરિવારે લીધેલ.તા.૧૭-૫-૨૦૧૭ના રોજ ધજા દંડનો દિવસ વહેલી સવારે મુખ્ય ધ્વજાના લાભાર્થી હસાણી કંચનબેન લહેરચંદભાઈ પરિવારના કિર્તીભાઈ લાટીવાળાના ઘેરથી ધ્વજા યાત્રા શરૂ થયેલ.બગીમાં સવાર મુખ્ય લાભાર્થી તથા અન્ય બગીમાં જીરાવલા પાર્શ્વનાથ દાદાની ધ્વજાના લાભાર્થી મંજુલાબેન સુરેશચંદ્ર શાહ (લાટીવાળા) પરિવાર તથા આદિશ્વર દાદાની ધ્વજાના લાભાર્થી હસાણી લતાબેન મહેન્દ્રભાઈ (લાટીવાળા) પરિવાર જોડાયેલ.તેમજ અન્ય બગીમાં માણીભદ્રવીર દાદાના શ્રીફળના તોરણના લાભાર્થી દોશી ફોજાલાલ મોહનભાઈ પરિવાર,મા પદમાવતી માતાજીના શ્રીફળના તોરણના લાભાર્થી દોશી કંચનબેન ફોજાલાલ પરિવાર તથા શોભાયાત્રામાં ગુરૂ મ.સા.નો ફોટો લઈ બેસવાના લાભાર્થી શાહ ભગવતીબેન રમેશચંદ્ર (લાટીવાળા) પરિવાર બગીમાં જોડાયેલ.સૌ કોઈ દેરાસર આવેલ જ્યાં આવતી સાલની ઉછામણી થયેલ.ત્યારબાદ શુભ મૂર્હતે લાભાર્થી પરિવાર દ્વારા ધ્વજારોહણ કરવામાં આવેલ.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર મળશે બનાસકાંઠા જીલ્લા અનુ.જાતિ કાર્યકર્તા સંમેલન

**જેમાં મહંત શંભુનાથ ટુંડીયાજી, પ્રદેશમંત્રી જીવરાજભાઈ ચૌહાણ ગુજરાતી ફીલ્મ સુપર સ્ટાર નરેશભાઈ કનોડીયા ધારાસભ્યો આર.એમ. પટેલ અને મનિષાબેન વકીલ માર્ગદર્શન આપશે**

પાલનપુર

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અનુ.જાતિ આગેવાનો, મહંત શંભુનાથ ટુંડયાજી (સાંસદ), જીવરાજભાઈ ચૌહાણ-પ્રદેશ મંત્રી, ગુજરાતી ફીલ્મ સુપર સ્ટાર નરેશભાઈ કનોડીયા, ધારાસભ્ય આર.અમે. પટેલ (નિવૃત આઈ.એ.એસ), ધારા સભ્ય મનિષાબેન વકીલ વિગેરે બનાસકાંઠા જીલ્લામાં દલિત કાર્યકર્તા સંમેલન માં માર્ગદર્શન આપશે.

તારીખ ૨૧-૦૫-૨૦૧૭ સવારે ૧૦:૦૦ વાગે હોટલ લાજવંતી ચાર રસ્તા, પાલનપુર ખાતે મળશે મહંત શંભુનાથજી ટુંડિયાજી (સાંસદ) જેઓ હાજર રહી આર્શીવાદ સાથે માર્ગદર્શન આપશે. ગુજરાતી ફિલ્મ જગતના સુપરસ્ટાર શ્રી નરેશભાઈ કનોડીયા (પૂર્વ ધારા સભ્યશ્રી), પ્રદેશ મંત્રી જીવરાજભાઈ ચૌહાણ, ધારાસભ્ય આર.એમ. પટેલ, ધારાસભ્ય શ્રીમતી મનીષાબેન વકીલ જેઓ આગામી ૨૦૧૭ ની ચૂંટણીને અનુલક્ષીને માર્ગદર્શન આપશે. બેઠકમાં જીલ્લા અનુ.જાતિ મોરચાના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો શહેર/તાલુકા મંડળ મોરચાના હોદ્દેદારો, જીલ્લામાં અનુ.જાતિના ચૂંટાયેલા-ચૂંટણી લડેલ ન.પા., તા.પં.,જી. પં., સભ્યો, જીલ્લા-તાલુકા, શહરે/મંડળ ભાજપામાં અનુ.જાતિ હોદ્દેદારો, કારોબારી સભ્યો, બોર્ડ નિગમના ડીરેકટરો અપેક્ષિતો હોઈ બેઠકમાં હાજર રહેશે. એક અખબારી યાદીમાં બ.કાં. જીલ્લા મિડીયા સેલ કન્વીનર દૈવત બારોટે જણાવ્યુ હતું.

# વડગામના વેસા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગઈકાલ શુક્રવારે વડગામના વેસા ગામે પ્રાંત ઓફીસર આર.કે પટેલની અધ્યક્ષતામાં બીજા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. સરપંચ ફલજીભાઈ ચૌધરી, તા.વિ.અધિકારી ઉષાબેન જોષી, તા.ભાજપ પૂર્વ પ્રમુખ પ્રેમજીભાઈ ભૂતડીયા, ડૉ.ગઢવી વગેરે દ્વારા દિપપ્રાગટ્ય કરાયું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં વેસા, મોટીગીડાસણ, નાની ગીડાસણ, નાંદોત્રા, નાનોસણા, પાલડી, નગાણા, નાવિસણા, રૂપાલ, લીંબોઈ, સહિત ૧૧ ગામોના અરજદારોની તમામ અરજીઓનો નિકાલ કરાયો હતો. આવક, જાતિ, ક્રીમીલીયર, ડોમીસાઈલના દાખલા, મા અમૃત્તમ અને મા વાત્સલ્ય કાર્ડ, કૃષિ પશુપાલન, સહકાર ગ્રામ વિકાસ પંચાયત, સમાજ કલ્યાણ, આદિજાતિ વિભાગની યોજનાઓ વગેરેના ૧૨ કાઉન્ટર શરૂ કરાયા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન તા.વિ.અધિકારી ઉષાબેન જોષીએ કર્યુ હતું.

# ડીસાના ગવાડી ખાતે રસ્તાનું ખાતમુહુર્ત કરાયું



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસા શહેરમાં ભુગર્ભ ગટરના ખોદકામ બાદ ઠેર ઠેર ન.પા.દ્વારા નવીન રોડ બનાવવામાં આવેલ છે ત્યારે ગતરોજ છોટાપુરા ચાર રસ્તાથી અમનપાર્ક સુધી પાકા રોડનું ખાતમુહુર્ત ન.પા.પ્રમુખ પ્રવિણભાઈ માળીના હસ્તે કરવામાં આવ્યું હતું.

જે પ્રસંગે સૈયદ મહંમદઅલી બાવા (કોર્પોરેટર), સોહીલ સૈયદ,કશ્મના બેન શેખ, રઈસબાનુ શેખ, સાદીક કુરેશી, આલમભાઈ શેખ, ડૉ.રાજુભાઈ સૈયદ, રફીકભાઈ બોમ્બેવાળા, હાજી મુસ્તુફા મહંમદ, સંજયભાઈ બ્રહ્મભટ્ટ, ગુલામ શબ્બીર શેખ સહીત અગ્રણીઓ હાજર રહ્યા હતા. અંદાજે દસ લાખના ખર્ચે બનનાર રોડનું ખાતમુહૂર્ત થતાં ગવાડીના રહીશોમાં ખુશી વ્યાપી ગઈ હતી. જ્યારે ગવાડી વ્હોળા વિસ્તારમાં તાત્કાલીક રોડ બનાવવામાં આવે તેવી માંગણી કરી હતી.


## ડીસા નગર સેવા સદન

### ટુંકી મુદતી ટેન્ડર નોટીસ

આથી જાહેર બાંધકામ વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરોને જણાવવાનું કે, ડીસા નગરપાલિકા વિસ્તારમાં વ્યવસાય વેરા ૫૦ % ગ્રાન્ટ હેઠળ વાલ્વ કુંડીઓ (ચેમ્બર) બનાવવાની હોઈ આ અંગેના ઈ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગે વિગતવાર માહિતી www.nprocure.co ઉપર મેળવવા જણાવવામાં આવે છે.

નં.પા.પુ./વશી સને ૨૦૧૭/૧૮
નગર સેવા સદન
ડીસા તા. ૧૯/૫/૦૧૭

મુખ્ય અધિકારી
નગરપાલિકા



ચાલો ડીસા... ચાલો ડીસા... ચાલો ડીસા...

**કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય**
**અને**
**સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,**
**સરદાર કૃષિનગર દ્વારા આયોજિત**

## એક દિવસીય કૃષિ સેમિનાર અને પ્રદર્શન

બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ખેડૂત ભાઈ અને બહેનો માટે એ.પી.એમ.સી., ડીસા ખાતે એક દિવસીય સેમિનાર અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. જેનું ઉદ્દ્ઘાટન તા.૨૦ મે, ૨૦૧૭ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા માન.મંત્રીશ્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં થનાર છે. સદર કાર્યક્રમમાં કૃષિ યુનિવર્સિટી, રાજય સરકારના વિભાગો, સ્વૈચ્છિક તેમજ ખાનગી સંસ્થાઓ દ્વારા ૧૦૦ જેટલાં પ્રદર્શન સ્ટોલ મારફત ખેડૂતોને સીધેસીધું કૃષિ વિષયક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

વધુમાં વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા કૃષિ વિષયક પ્રશ્નોનું રૂબરૂમાં માર્ગદર્શન આપવામાં આવશે. તો સર્વે ખેડૂત ભાઈ-બહેનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

વિસ્તરણ શિક્ષણ નિયામક
સ.દાં.કૃ.યુ., સરદારકૃષિનગર



## જાહેર ચેતવણી

### ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ

રવાના : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબ સ્ટેશન કંપાઉન્ડ
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ૬૬ કે.વી. ડેલ સબ સ્ટેશનથી ૬૬ કે.વી. મખાણુ સબ સ્ટેશનમાં જતી ૬૬ કે.વી. ડેલ - મખાણુ એકવડી લાઇનમાંથી લીલો કરી ૬૬ કે.વી. બેવડી લીલો ચાલવા લાઈનમાંથી તા.૨૦-૦૫-૨૦૧૭ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિદ્યુત લાઈન મોજે ગામ ચાલવા, મખાણુ, લીંબાઉ, સણાવ, અછવાડીયા, સણાવીયા ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર તા.લાખણી/થરાદ, જિ.બનાસકાંઠા, તેમજ આજુ બાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિદ્યુત લાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિન અધિકૃત વ્યકિતએ અડકવું નહીં. આમ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં જીંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યક્તિ - પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

તા.૧૯/૦૫/૨૦૧૭

કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા



## જાહેર ચેતવણી

### ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ

રવાના : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબ સ્ટેશન કંપાઉન્ડ
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ૨૨૦ કે.વી. વખા સબસ્ટેશનથી ૬૬ કે.વી. તેરવાડા સબ સ્ટેશનમાં જતી ૬૬ કે.વી. વખા - તેરવાડા એકવડી લાઇનમાંથી લીલો કરી ૬૬ કે.વી. બેવડી લીલો જાસનવાડા લાઈનમાંથી તા.૨૦-૦૫-૨૦૧૭ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિદ્યુત લાઈન મોજે ગામ જાસનવાડા, તેરવાડા, ઉંડાઈ, ચચાસણા, ઈસરવા ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર તા.ભાભર/કાંકરેજ, જિ.બનાસકાંઠા તેમજ આજુબાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિદ્યુત લાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિન અધિકૃત વ્યકિતએ અડકવું નહીં. આમ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં જીંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યક્તિ - પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

તા.૧૯/૦૫/૨૦૧૭

કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા

લોકહૈયાનો ધબકાર... રખેવાળ

શનિવાર ૨૦ મે ૨૦૧૭

## તંત્રી સ્થાનેથી ...

**ધીરજવાન એટલે જ્યાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી થાક્યા વિના ક્રિયાશીલ રહેનાર મનુષ્ય...**

# કુલભૂષણની સુનાવણી સિવિલ કોર્ટમાં જ થવી જોઈએ

ભારતના પૂર્વ નેવી ઓફિસર કૂલભૂષણ જાદવને પાકિસ્તાનમાં જાસુસીના આરોપમાં ફાંસીની સજા કરાઈ છે. જે કેસમાં ભારતે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિટના દ્વાર ખખડાવ્યા છે. જેથી યાદવ ફાંસીની સજામાંથી મુક્ત થઈ શકે તેમ છે.

જાદવની ફાંસીના ચૂકાદાને ભારતે પડકાર્યો છે અને પાકિસ્તાન પાસે જાદવ બાબતના પુરાવા માગ્યા છે પરંતુ નફફટ પાકિસ્તાને પુરાવા આપવાનો ઈન્કાર કરી દીધો છે આથી બંને રાષ્ટ્રો વચ્ચે તંગદિલીમાં વધારો થવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. સંયુક્ત રાષ્ટ્રની એક મહત્વની સમિતિએ પોતાના એક રિપોર્ટમાં પાકિસ્તાની મિલિટ્રી કોર્ટની કાર્યશૈલીની નિષ્પક્ષતા ઉપર ચિંતા વ્યક્ત કરી છે, યુ.એન. કમિટિના એક અહેવાલમાં પાકિસ્તાની સૈન્યએ અદાલતની ટીકા કરતાં કહ્યું હતું કે કુલભૂષણ જાદવના મામલાની સુનાવણી સિવિલ કોર્ટમાં થવી જોઈ નહિં કે લશ્કરી કોર્ટમાં!

અત્રે યાદ રહે કે પાકિસ્તાનની સૈન્ય અદાલતે જ કુલભૂષણને જાસુસીના આરોપમાં સજા ફરમાવી હતી. યુ.એન.એ પોતાના એક રિપોર્ટમાં આ વાત અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી કે, પાકિસ્તાને આત-ંકવાદ સાથે જોડાયેલા મામલામાં પણ નાગરિકો પણ મિલિટ્રી કોર્ટમાં ટ્રાયલનો અધિકારી રહી શકે છે. સૈન્યને અધિકાર છે કે તે કોઈ પણ ન્યાયિક પ્રક્રિયાના સંદિગ્ધ વ્યક્તિઓને હિરાસતમાં લઈ શકે છે. કુલભૂષણ યાદવના મામલે ભારત અને પાકિસ્તાન લગભગ ૧૮ વર્ષ બાદ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈ.સી.જે.) માં આમને સામને છે. ૧૮ વર્ષ પહેલાં પાકિસ્તાને પોતાના એક નૌસૈનિક વિમાનને તોડી પાડ્યાના કેસમાં આઈ.સી.જે.ને હસ્તાક્ષેપની માંગ કરી હતી.

એક યુએન સમિતિએ એવું પણ કહ્યું છે કે પાક.ના આતંકવિરોધી કાયદા, એન્ટિટેરરિઝમ એક્ટ ૧૯૯૭ માં યાતનાઓથી રક્ષણ માટે કાયદાકીય જોગવાઈને ખત્મ કરી દીધી છે. એ સંજોગોમાં સૈન્ય અદાલતને નાગરિકોની સુનાવણી કરવા મંજૂરી નહિં હોવી જોઈએ. એક અહેવાલ મુજબ સૈન્ય અદાલત ધારે તે નિર્ણયો કરી શકે નહિં.. અદાલતના નિયમો અનુસાર જ કાર્યવાહી થવી જોઈએ. પરંતુ સૈન્ય અદાલતની બેધારી નીતિના પરિણામે તેની કામગીરી પર શંકાઓ સેવવામાં આવી રહી છે. કુલભૂષણનો કેસ ઈન્ટરનેશનલ અદાલતમાં જ ચાલવો જોઈએ જો કે સિવિલિયન સાથે જોડાયેલા કેસ સિવિલ કોર્ટમાં ચાલવા જોઈએ.

બીજી તરફ જર્મનીના એક પૂર્વ રાજદૂતે કુલભૂષણ જાદવના મામલે પાકિસ્તાનની ગંભીરતાપૂર્વક ટીકા કરી છે. ઉપરાંત રાજદૂતે પાકિસ્તાનને કહ્યું છે કે રાજદૂતે રાજનીયિક મદદ આપે, તેમણે એમ પણ કહ્યું છે કે પાકિસ્તાન સળગતી આગમાં ઘી હોમવાનું કામ ન કરે,

પાકિસ્તાન ખાતેના જર્મનીના પુર્વ એલચી ડૉ.ગુંટરમૂલકે પાકિસ્તાનના વલણને ખોટું ગણાવ્યું છે અને કહ્યું હતું કે કુલભૂષણને રાજનાયિક મદદ મળવી જ જોઈએ. કુલભૂષણ પર જાસુસીનો આરોપ તદ્દન ખોટો છે. તેમણે ઈન્ટરનેશનલ કોર્ટના ચૂકાદા પહેલાં પાકિસ્તાનને કોઈ પગલા ન ભરવા સલાહ આપી છે. હકીકતમાં તાલિબાને કૂલભૂષણનું અપહરણ કરીને પાક.ની આઈ.એસ.આઈ. ને વેચી દીધા હતા. આઈ.સી.જે.માં ભારતે પોતાનો પક્ષ નક્કરતાથી રજૂ કરેલ છે.

# રાધાની પ્રેમ પરીક્ષા

સર્વત્ર રાધાની જ સ્તુતિ થઈ રહી હતી. તેનાથી દેવર્ષિ નારદ ખીજાઈ ગયા. આ માનસિક સંતાપને મનમાં સંતાડી તેઓ કૃષ્ણ પાસે પહોંચ્યા તો તેમણે જોયું કે કૃષ્ણ ભયંકર માથાના દુઃખાવાથી પિડાઈ રહ્યાં છે. દેવર્ષિના હૃદયમાં દુઃખ થયું. તેમણે પૂછ્યું કે આ વેદનાનો કોઈ ઉપચાર છે ખરો? કૃષ્ણએ જવાબ આપ્યો, જો મારો કોઈ ભક્ત પોતાનું ચરણોદક પીવડાવી દે તો આ વેદના શાંત થઈ શકે છે. જો રૂકમણી પોતાનુ ચરણોદક પીવડાવી દે તો કદાચ લાભ થઈ શકે છે. નારદે મનમાં વિચાર્યુ, ભક્તનું ચરણોદક ભગવાનના શ્રીમુખમાં! રૂકમણી પાસે જઈને તેમણે સમગ્ર વાત કહી સંભળાવી. રૂકમણીએ ઈન્કાર કરી દીધો. ત્યારે કૃષ્ણએ નારદને રાધા પાસે મોકલ્યા. રાધાએ જે સાંભળ્યું ત્યારે તરત જ એક પાત્રમાં પાણી લાવી તેમાં પોતાના બન્ને પગ ડૂબાડી દીધા અને નારદને કહ્યું, દેવર્ષિ, તેને તત્કાળ કૃષ્ણ પાસે લઈ જાવ. મને ખબર છે કે હું તેનાથી પાપની ભાગીદાર બનીશ પરંતુ મારા પ્રિયતમના સુખ માટે અનંત યુગો સુધી યાતના ભોગવવા માટે તૈયાર છું. આ ઘટનાથી દેવર્ષિ સમજી ગયા કે ત્રણેય લોકોમાં રાધાની જ પ્રેમની સ્તુતિ કેમ થઈ રહી છે.

### આત્મચિંતન

# મનોવિકાર શારીરિક વિકારોથી વધારે પીડાકારક

મેલુ મન ક્યાંય ચેન પામી શકતું નથી. તે અભાગ્યુ એ પણ જાણતો નથી કે માનસિક સ્વચ્છતાનું પણ આ સંસારમાં કાંઈક મહત્વ હોય છે અને તેને મેળવનાર સ્વર્ગના સુખશાંતિનો અનુભવ કરી શકે છે.

મનોવિકાર અનેક પ્રકારના છે અને તે બધા પોતપોતાની રીતના રોગ છે. શરીરના રોગને બીજાઓ પણ જાલી શકે છે, પરંતુ મનનો રોગ અંદર છુપાયેલો હોવાથી કેવળ રોગી વ્યક્તિને જ ખબર પડે છે. એટલો જ તફાવત છે બાકી કષ્ટમાં કોઈ અંતર નથી. સાચું નો એ છે કે શરીરના કષ્ટ કરતાં મનનું કષ્ટ વધારે દુઃખદાયક હોય છે. તાવથી ઘેરાયેલા રોગીને જેટલી પીડા હોય તેના કરતાં શોકથી દુઃખી વ્યક્તિને વધારે હોય છે. માથાના દુઃખાવાની તુલનામાં અપમાન અને નિષ્ફળતાનું દુઃખ વધારે હોય છે. ક્રોધી અને કામાસક્ત મનુષ્ય જેટલો અસંતુલિત દેખાય છે, એટલો શરદી-ખાંસીનો દર્દી નથી દેખાતો. લોભી અને સ્વાર્થી લોકો પાપમાં જેટલા પ્રવૃત્ત રહે છે એટલા ભૂખ્યા અને ગરીબ નથી રહેતા. રોગી મનુષ્ય સ્વયં જેટલો વ્યથિત રહે છે અને બીજાઓને જેટલું દુઃખ આપે છે તેનાં કરતાં મનોવિકાર ગ્રસ્તનું ક્ષેત્ર વધારે વિસ્તૃત છે. તે સ્વયં પણ વધારે દુઃખ પામે છે અને બીજા લોકોને પણ વધારે પ્રમાણમાં સતાવે છે. આ માટે શારીરિક આરોગ્યની જેટલી આવશ્યકતા છે તેના કરતા માનસિક આરોગ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ૩૩૪ દિવસોમાં ૨૯૪ વ્યક્તિઓની ખૂલ્લેઆમ હત્યા....

**પોતાનું રાજકીય અને વૈચારિક અસ્તિત્વ ટકાવી રાખવા ૧૯૯૯ થી લઈને ૨૦૧૬ સુધીમાં કુલ ૧૩૨૧૩ લોકોની હત્યા કરાઈ**

દર બે દિવસે સરેરાશ કોઈ એક વ્યક્તિની ખૂલ્લેઆમ હત્યા થતી હોવાની વાત નીકળે એટલે આપણને સ્વાભાવીક આતંકવાદથી સૌથી પ્રભાવીત એવા સીરીયા કે અફઘાનીસ્થાન જેવા દેશની યાદ આવે. પરંતુ, આ હત્યાઓની હકીકત તો સાવ અલગ જ છે. આ વાત છે ભારતમાં જે પ્રદેશને ભગવાનનું ઘર માનવામાં આવે છે એવા કેરાલા રાજયની આ રાજયમાં છેલ્લા કેટલાક વર્ષોથી આર.એસ.એસ. એટલે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને કોમ્યુનિષ્ટ એટલે માકર્સવાદી કોમ્યુનિષ્ટ પાર્ટી (માકપા)ના કાર્યકર્તા વચ્ચે વિચારધારા આ ખુની ખેલ ખેલાઈ રહ્યો છે. એમાં પણ હાલમાં કેરાલા રાજયમાં માર્કસવાદી કોમ્યુનિષ્ટ પાર્ટી (માકપા) સરકાર હોવાથી આ ખુની ખેલમાં બહુમોટો વધારો જોવા મળી રહ્યો છે. આપણને મનમાં વિચાર આવે કે ૩૩૪ દિવસમાં ૨૯૪ વ્યક્તિની હત્યા થાય અને કોઈ સમાચાર માધ્યમોમાં કાંઈ આવે જ નહીં, એવુ થોડુ બને. પરંતુ આ વાતની પુષ્ઠી ખુદ કેરાલા રાજયના પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવી છે. તો એક વાત એ પણ છે કે કોઈ અજાણ્યા કારણોસર ભારતના મોટાભાગના સમાચાર પત્ર કે સમાચાર ચેનલોમાં કેરાલાના આ ખુની ખેલના સમાચાર નથી જ આવ્યા. જો કે કેટલાક સમાચાર માધ્યમોમાં નાની એવી જગ્યામાં પણ કેરાલાની ઘટનાને ન્યાય આપવાનો મને કમને પ્રયત્ન પણ કર્યો છે.

વિશ્વના જે કોઈ રાજય, પ્રદેશ કે વિસ્તારમાં આજે કે ભુતકાળમાં કોમ્યુનિષ્ટ વિચારધારનુ શાસન રહ્યું છે. ત્યાંનો ઈતિહાસ વાંચતા એક વાત ચોક્કસ ધ્યાનમાં આવે છે કે કોમ્યુનિષ્ટ શાસનમાં તેમની વિચારધારાનો વિરોધ કરનારા પક્ષ, સંસ્થા કે વ્યક્તિનો પુર્ણ રૂપ સફાયો કરી દેવામાં આવે છે. કોમ્યુનિષ્ટ પાર્ટીએ ચીન, રૂસ, પૂર્વ યુરોપના દેશ, કોરીયા, કયુબા અને ભારતમાં પણ પોતાના શાસન દરમ્યાન મોટા પ્રમાણમાં પોતાના દુશ્મનોનો ખત્મો કરીને પ્રજામાં ભારે હાહાકાર મચાવ્યો હતો. ભારતમાં કેરાલા પહેલા પશ્ચિમ બંગાળે કોમ્યુનિષ્ટ વિચાર અને આચારનો બહુ જ ખતરનાક અનુભવ કર્યો છે. જ્યાં આજ પણ ક્યાંક ક્યાંક તેના ઓછાયા જોવા મળે જ છે. કેરલમાં કોમ્યુનિષ્ટ વિચારધારા અને રાષ્ટ્રવાદ વિચારધારા વચ્ચે બહુ મોટો વૈચારીક સંઘર્ષ છેલ્લા કેટલાય વર્ષથી ચાલી રહ્યો છે. તેમાં પણ સંઘની શાંત પરંતુ નિરંતર કાર્યપ્રણાલીને કારણે આજે કેરાલામાં પ્રજાનો સંઘમાં વિશ્વાસ વધ્યો છે. તો તેના કારણે ત્યાં કામ પણ વધ્યુ છે તેમ છતાં પણ કેરાલામાં કોમ્યુનિષ્ટ પાર્ટીના વર્ષોથી ચોંટેલા મુળીયાને ઉખેડવા સહેલા તો નથી જ. તેમ છતાં પણ જાણે સંઘના વધતા જતા પ્રભાવથી ભયભિત થઈ ગયા હોય તેમ કોમ્યુનિષ્ટ પાર્ટી પોતાની વિચારધારાનો દબબદો જાળવી રાખવા માટે મરણીયુ બન્યુ છે. તો બીજી તરફ માત્ર વર્ષોથી કોમ્યુનિષ્ટ વિચારધારામાં મા વિશ્વાસ ધરાવતા લોકો જ નહી. પરંતુ કેટલાક નેતા પણ કોમ્યુનિષ્ટોની દાદગીરીથી કંટાળીને સંઘ કે ભાજપ તરફ વળ્યા છે. જેના કારણે કોમ્યુનિષ્ટોના પેટમાં તેલ રેડાયુ છે. આખરે કેરલમાં કોમ્યુનિષ્ટની એકધારી રાજનીતિના પરીણામ સ્વરૂપે આજે લોકો થોડા તો થોડા અંશે અન્ય વિચારધારા તરફ વળ્યા છે. માટે જ ગત કેરાલાના વિધાનસભાની ચુંટણીમાં પ્રથમવાર ભાજપને એક સીટ મળી છે. જો કે ત્યાં સરકાર તો કામ્યુનિષ્ટ પક્ષની જ બની છે. હવે જયારે પોતે સત્તા સ્થાને હોય તો દુશ્મનોને શું કામ છોડવા જોઈએ, કદાચ આ એકમાત્ર વિચારથી છેલ્લા ૩૩૪ દિવસમાં ૨૯૪ વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. હત્યા થયેલ બધાજ વ્યક્તિ કાં તો સંઘનો અથવા તો ભાજપનો કાર્યકર્તા છે. આ બધી જ હત્યાઓ ખુલ્લેઆમ કોમ્યુનિષ્ટ પક્ષના ગુંડાઓ દ્વારા કરવામાં આવી છે. કોમ્યુનિષ્ટ પક્ષના કાર્યકર્તા કહેવા કરતા ગુંડા કહેવા વધારે યોગ્ય લાગશે.

જો કે કેરલમાં કોમ્યુનિષ્ટ દ્વારા કરવામાં આવી રહેલી નિર્મમ હત્યાઓનો બહુ લાંબો ઈતિહાસ છે. જેમાં માત્રને માત્ર સંઘના કે ભાજપના જ કાર્યકર્તાને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ ઘટનાઓના થોડા ભુતકાળમાં જઈએ તો ધ્યાનમાં આવે છે કે કેરલમાં કોમ્યુનિષ્ટોએ સૌ પ્રથમ હત્યા ૧૯૬૧ માં વદાસીલ રામકૃષ્ણન નામના એક ગરીબ અને દલિત કાર્યકર્તાની કરવામાં આવી હતી. આ હત્યા એટલી કૃરતા પૂર્વક કરવામાં આવી હતી કે તેનાથી સમગ્ર રાજયમાં ભારે હાહાકાર મચી ગયો હતો. બસ ત્યાર પછી આ નિર્દોષ હત્યાઓનો સીલસીલો ચાલુ થયો કે તે આજે પણ અવિરત શરૂ જ છે. આ બધી જ હત્યાઓને કોમ્યુનિષ્ટો 'કન્નુર મોડેલ' નામથી પણ ઓળખાવે છે. છેલ્લા ૫૦ વર્ષમાં અનેક કાર્યકર્તાઓની હત્યા કરવામાં આવી છે તો અગણિત કાર્યકર્તા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. જેમાંથી કેટલાક તો આજે માત્ર જીવવા ખાતર જીવી રહ્યા છે. કેમ કે તેમના શરીર માત્ર પથારીમાં પડી રહ્યા છે. તો આ બધા પર થયેલા હુમલાના સમયે નિર્દયી કોમ્યુનિષ્ટો દ્વારા કાર્યકર્તાઓના મકાન, ઓફીસ, ગાડી સહિતની માલમીલકતને પણ ભારે નુકશાન કરવામાં આવ્યું. જો કે સૌપ્રથમ હુમલો ૧૯૪૮ માં સઘના દ્વિતીય સરસંઘચાલક માધવારાવ ગોવલકર (ગુરૂજી) જયારે સ્વયંસેવકોસાથેની અકે બેઠકને સંબોધન કરી રહ્યા હતા. ત્યારે કોમ્યુનિષ્ટોએ હુમલો કર્યો હતો. ત્યારબાદ ૧૯૫૨ માં પણ માધવારાવ ગોલવકર (ગુરૂજી) પર હુમલો કરવામાં આવ્યો હતો. જો કે આ બંન્ને હુમલામાં તેઓ બચી ગયા હતા. ૧૯૬૯ માં સ્વામી ચિન્મયાનંદજી યુવાનોને સંબોધન કરી રહ્યા હતા. ત્યારે તેમને ભાષણ કરતા રોકીને તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાઓમાં કોમ્યુનિષ્ટ પક્ષના લોકો સાથે સાથે ઈસ્લામીક સંગઠનોના પણ કેટલાક લોકો હોવાનું પોલીસ ફરીયાદમાં નોંધાયેલુ જાણવા મળે છે. કોમ્યુનિષ્ટ આતંકવાદનો ભોગ બનેલા બધાજ લોકોની ભુલ બસ એક માત્ર એટલી જ હતી કે તે લોકો સંઘનું કામ કરતા હતા આથવા તો કોમ્યુનિષ્ટોના અત્યાચાર સામે અવાજ ઉઠાવતા હતા.

આ સમગ્ર ઘટનાક્રમ અંગે સંઘના વરીષ્ઠ અધીકારી જે.નંદકુમારે કહે છે કે હુ પોતે કેરાલા રાજયના ઉત્તરી કન્નુર વિસ્તારમાં જિલ્લા પ્રચારક તરીકે કામ કર્યું છે. જ્યાં પય્યાનુર વિસ્તારમાં ૧૯૯૦ ના સમયમાં મોટાભાગના વિસ્તારોમાં માકર્સવાદી વર્ચસ્વ હતું. જેને પાર્ટી ગ્રામ કહેવામાં આવતું હતું. તે સમયે ત્યાંના સંઘના જિલ્લા કાર્યાલય નજીક આવેલા કોલેજના કેટલાક વિધાર્થીઓ સાથે મારો સંપર્ક થયો. આ વિધાર્થીઓએ કુનિયન નામના એક ગામમાં મને બોલાવીને ત્યાં શાખા શરૂ કરવા કહ્યું. મેં પણ કોઈપણ પ્રકારની ત્યાંની રાજનિતી પરિસ્થિતીને સમજયા વગર વિધાર્થીઓના કહેવા પર શાખા શરૂ કરવા માટે તૈયાર થઈ ગયો અને શાખા શરૂ થઈ. જેમાં ૩૦-૩૫ યુવાનો શાખામાં આવ્યા. તે જ સમયે ૨૫૦ જેટલા લોકો પથ્થર અને હથિયારો લઈને શાખાના મેદાન પર આવી ગયા. મેં તે લોકોને પુછયું કે શું તકલીફ છે તમને ત્યારે તે લોકોમાંથી એક વ્યક્તિએ આપેલો જવાબ આજે પણ મારા કાનમાં ગુંજી રહ્યો છે. તેમને કહ્યું કે આ લાલભૂમિ છે. માકપા અમારી સંસ્થા છે અને અહીં અન્ય કોઈ પણ પક્ષ કે વીચારધારાને કોઈ જ સ્થાન નથી. માટે અહીંથી જતા રહો. નહીતર પરિણામ ભાગવવા તૈયાર રહો. આટલુ કહેતાની સાથે એ ટોળામાંથી એક વ્યક્તિ દોડીને મારી તરફ આવ્યો અને મારા ગળા પર કુહાડી મુકીને મને જમીન પર પાડવાની કોશીષ કરવા લાગ્યો. ત્યાંથી બસસ્ટેન્ડ ૫ કી.મી. દુર હતું. હું કાંઈ જ બોલ્યા વગર ત્યાંથી બસસ્ટેંટ તરફ ચાલવા માંડયો તો આ ટોળુ મને ગાળાગાળી કરીને ધક્કા મારવા લાગ્યું આખરે ધક્કામુક્કી વચ્ચે પણ હું બસસ્ટેન્ડ પહોંચી ગયો ને પરત આવી ગયો. મારી સાથે જે થયું તે અથવા તો તેનાથી પણ વધારે કોઈ પણ સાથે થઈ શકે છે. જે ત્યાં સંઘનું કામ કરવાની હિંમત કરે છે.

આમ આપણા દેશમાં જ કેરાલ જેવા પ્રકૃતિથી હર્યાભર્યા પ્રદેશમાં આપણા લોકો આપણાજ લોકોની ખુલ્લેઆમ નિર્મમ હત્યા કરી રહ્યા છે. બસ માત્રને માત્ર પોતાનું રાજકીય અને વૈચારિક અસ્તિત્વ ટકાવી રાખવા માટે એક આંકડા મુજબ ૧૯૯૯ થી લઈને ૨૦૧૬ સુધીમાં કુલ ૧૩૨૧૯ લોકોની હત્યા કરવામાં આવી છે. ખબર નહી આ આંકડો હજુ કેટલો વધશે કે પછી આ હત્યાઓ પર આપણા દેશનો કાયદો લગામ લગાવશે કે નહી એક માત્ર પ્રશ્ન માર, તમારા સહિત કેરલના એ પ્રત્યેક રાષ્ટ્રપ્રેમી વ્યક્તિમાં થઈ રહ્યો છે.

**ડૉ. પ્રશાંત જોષી**

## એઓન હેવિટ દ્વારા ૨૦૧૬ના ઈન્ડિયા એઓન બેસ્ટ એમ્પ્લોયર તરીકે સિનેપોલિસ ઈન્ડિયા પ્રા. લિ.ને ઓળખ આપી




વિશ્વની ચોથી વિશાળ મૂવી થિયેટર સરકિટ સિનેપોલિસ ઈન્ડિયા પ્રા. લિ.એ આજે ઘોષણા કરી હતી કે તેને ગ્લોબલ ટેલેન્ટ, રિટાયરમેન્ટઅને હેલ્થ સોલ્યુશન્સ બિઝનેસ એઓન પીએલસીના એઓન હેવિટ દ્વારા ૨૦૧૬ માટે ઈન્ડિયા એઓન બેસ્ટ એમ્પ્લોયર તરીકે ઓળખ પ્રાપ્ત થઈ છે. એઓન બેસ્ટ એમ્પ્લોયર પ્રોગ્રામ એમ્પ્લોયર એક્સલન્સને વિશ્વભરમાં ચકાસે અને ઓળખ આપે છે.સિનેપોલિસ ઈન્ડિયા પ્રા. લિ.ને રાષ્ટ્રીય સ્તરના એઓન બેસ્ટ એમ્પ્લોયર્સ પ્રોગ્રામ અંતર્ગત આ બહુમાન મળ્યું છે. 'એઓન હેવિટ્સની બેસ્ટ એમ્પ્લોયર તરીકેની ઓળખ અમારી યશકલગીમાંનું વધુ એક ઉમેરાયેલું પીછું છે. આ એવોર્ડ સિનેપોલિસ ઈન્ડિયાના સતત એવા કર્મચારીઓને ઉત્તમ કલ્ચર, પર્યાવરણ અને વાતાવરણ આપવાના પ્રયાસોને મળેલી માન્યતા સમાન છે. વિશ્વમાં બેસ્ટ એમ્પ્લોયર સ્ટડીઝમાં લગભગ ૨૦ વર્ષ જેટલો અનુભવ અને એમ્પ્લોઈ રિસર્ચમાં ૪૦ વર્ષનો અનુભવ ધરાવનાર એઓન બેસ્ટ એમ્પ્લોયર્સ પ્રોગ્રામ સંસ્થાઓની તુલના એટલા માટે કરે છે કે એક સ્પર્ધાત્મક લાભ સર્જી શકાય અને તે લાભ તેમના લોકો દ્વારા સર્જાય તથા ખુદ કર્મચારીઓના પસંદગીના એમ્પ્લોયર્સ બની શકે.

## ૮૫ વૈશ્વિક ટીમો મહિલાઓની સુરક્ષા માટે વિકસિત કરશે પરિવર્તનકારી ટેકનિકલ સમાધાન

એક્સપ્રાઈઝ, જે માનવતાના મોટા પડકારોને હળ કરવા માટે પ્રોત્સાહન પ્રતિયોગીતા ડિઝાઈન કરવા અને તેના સંચાલનમાં વૈશ્વિક લીડર છે, એ ૧૦ લાખ ડોલરની અનુ અને નવીન જૈન મહિલા સુરક્ષા એક્સ પ્રાઈઝ પ્રતિયોગીતા માટે ૧૮ દેશોની ૮૫ ટીમોની ઘોષણા કરી. આ એક પ્રતિસ્પર્ધા છે, જે દુનિયાભરની ટીમોને એક એવી વાજબી ટેકનોલોજી સમાધાન વિકસિત કરવાના પડકાર આપે છે, જેનું મહિલાઓ ખતરાથી ત્વરિત નિપટવામાં વપરાશ કરી શકે. ટેકનોલોજી, ઈન્ટરનેટ ઑફ થિંગ્સ અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે કાર્યરત પાંચ વિશેષજ્ઞોના એક સલાહકાર બોર્ડની પણ આજે ઘોષણા કરાવામાં આવી. આ બોર્ડ મહિલા સુરક્ષા એક્સ"ાઈઝમાં પોતાની સલાહ આપશે. પ્રતિયોગી ટીમોમાં એપ ડેવલપર્સ, ટેકનોલોજી રિસર્ચર્સ, ટોપ સ્તરીય શૈક્ષણિક સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ સામેલ છે, જ`દુનિયાભરમાં મહિલાઓની સુરક્ષા માટે કામ કરી રહ્યા છે. આ વૈશ્વિક પ્રતિસ્પર્ધા ટીમોને ટેકનોલોજીના ઉપોયોગથી પરિવર્તનકારી સમાધાનની સાથે સમાજને સશક્ત બનાવવાના પડકારો આપે છે, જે મહિલા સુરક્ષાને સુનિશ્ચિત કરે. આ સમાધાનમાં આપાતકાલીન ચેતવણી આપવા માટે એક સ્વાત્ય અને સ્પષ્ટ ટ્રિગર હોવું જોઈએ અને આ ૯૦ સેકન્ડની અંદર સામુદાયિક ઉત્તરદાતાઓ સુધી જાણકારી પહોંચાડવામાં સક્ષમ હોવું જોઈએ. વિજેતા ટેકનોલોજીનો દર ૪૦ ડોલરથી વધુ ન હોવો જોઈએ. ભારતથી ૨૦ ટીમોએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ ટીમો બેંગલોર, હૈદરાબાદ, ચેન્નઈ, નવી દિલ્લી, ગુરુગ્રામ, મુંબઈ, કોચી અને ત્રિવેન્દ્રમ વગેરેથી છે. દરેક પ્રતિયોગી ટીમોની વિસ્તૃત જાણકારી http://safety.xprice.org/teams પરથી પ્રાપ્ત કરી શકાય છે.

મહિલા સુરક્ષા એક્સપ્રાઈઝ, જે ઉદ્યમી, પરોપકારી અને એક્સ"ાઈઝ ન્યાસી અનુ અને નવીન જૈન દ્વારા પ્રાયોજિત છે, ભારતમાં ઓક્ટોબર ૨૦૧૬માં નવી દિલ્લીમાં આયોજિત સંયુક્ત રાષ્ટ્ર દિવસ કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવ્યો હતો. ૨૦ મહીના સુધી ચાલનારી એક્સપ્રાઈઝ ઓક્ટોબર ૨૦૧૭માં ૨૫ અંતિમ ટીમોની ઘોષણા કરશે અને એપ્રિલ ૨૦૧૮ સુધી આનું અંતિમ પરીક્ષણ કરવામાં આવશે. પુરસ્કાર માટે વિજેતાની ઘોષણા જૂન ૨૦૧૮માં કરવામાં આવશે.

## મનિષા કોઈરાલા તેના સહ અભિનેતા સાથે કપિલ શર્મા શો માં જોડાય છે!



કપિલ શર્મા શો બોલિવુડમાંથી, સ્પોર્ટસમાંથી, રાજકારણીઓમાંથી આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વોમાંના સૌથી જાણીતી પ્રતિભાઓમાંથી કેટલાકને આમંત્રણ આપવામાં કપિલ શર્મા શો જાણીતુ છે. આ અઠવાડિયે, બોલિવુડ અભિનેત્રી મનિષા કોઈરાલા તેની આવી રહેલી ફિલ્મ ડિઅર માયાને પ્રમોટ કરવા માટે સેટને શોભાવ્યો હતો.આનંદ, નાની બાબતો અને વાતચીત ઉપરાંત, અભિનેત્રી પોતાના એક સહઅભિનેતા સાથે વર્ષો પછિ જોડાઈ હતી. તે બીજુ કોઈ નહિ પણ સરલા અકા સુમન ચક્રવર્તી હતી, કે જેમણે મન માં મનિષા કોઈરાલા સાથે કામ કર્યુ હતુ.સૂત્રો પાસેથી જાણવા મળ્યુ છે કે: સુમન ચક્રવર્તિ માટે આ ખરેખર ખુબ જ આનંદની ક્ષણો હતી કે જેઓ મનિષાને પોતાના શો ના સેટસ ઉપર જોઈને ખુબ જ ખુશ થયા હતા.૧૯૯૯ ના ભૂતકાળમાંથી, સુમનને તક મળી હતી કે તે મનિષા સાથેની સ્કિનની વાતો વહેંચે. ૧૮ વર્ષ પછી, બીજી વખત, તે સ્કિન ઉપર મનિષા સાથે જોવા મળી હતી.તે બંન્ને જણ મન માં તેમના કામના અનુભવ વિષે વાત કરતા જોવા મળ્યા હતા અને બંન્ને જણ શૂટીંગના જુના દિવસોમાં ચાલ્યા ગયા હતા. કપિલ શર્મા શો માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર દર શનિવાર અને રવિવારે રાત્રે ૯:૦૦ વાગ્યે જુઓ!

## મસ્તીભર્યા રવિવારે નિહાળો કોમેડી બાદશાહ




બોલિવુડના સૌથી મજાકીયા, ચતુર અને લોકપ્રિય જાસૂસનારોલમાં તેમણે એક્શનથી ભરપૂર મનોરંજન ફિલ્મમાં જે કામકર્યું છે તે આજે પણ આપણું મનોરંજન કરે છે. વો જમાના કરેદિવાનાની બ્રાંડ વિચારધારા સાથે ઝી ક્લાસિક, રવિવાર ૨૧ મે૩.૩૦ વાગ્યે લઈને આવી રહ્યું છે એક્શન કોમેડિ ફિલ્મબાદશાહ. થ્રિલરના દિગ્ગજ નિર્દેશક અબ્બાસ- મસ્તાન દ્વારા નિર્દેશીત ફિલ્મમાં ટ્વિંકલ ખન્ના સાથે અમરીશ પુરી, રાખી, જોનીલિવર, અવતાર ગિલ અને પંકજ ધીરની સહાયક ભૂમિકામાં છે.

# દેશમાં આવેલા ભગવાન વિષ્ણુના પ્રસિદ્ધ મંદિર

ગુરૂવારનો દિવસ ભગવાન વિષ્ણુનો હોય છે. આ દિવસે સમગ્ર ભારત વર્ષમાં ભગવાન વિષ્ણુની પૂજા-અર્ચના કરવામાં આવે છે. આવો આજે તમને ભગવાન વિષ્ણુના ૧૦ મુખ્ય મંદિરોના દર્શન કરાવીએ...

તિરૂમલા વેંકટેશ્વર મંદિર તિરૂપતિ વેંકટેશ્વર મંદિર તિરૂપતિમાં સ્થિત એક પ્રસિદ્ધ હિન્દુ મંદિર છે. તિરૂપતિ ભારતના સૌથી સફળ તીર્થસ્થળો પૈકી એક છે. આ આંધ્ર પ્રદેશના ચિત્તૂર જિલ્લામાં સ્થિત છે. દર વર્ષે લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ અહીં આવે છે. દરિયાઇ સપાટીએથી૩૨૦૦ ફુટની ઊંચાઇએ સ્થિત તિરૂમલાની પહાડીઓ પર બનેલ શ્રી વેંકટેશ્વર મંદિર અહીંનું સૌથી મોટું આકર્ષણ છે. પુરીનું શ્રી જગન્નાથ મંદિર પુરીના શ્રી જગન્નાથ મંદિર એક હિન્દુ મંદિર છે જે ભગવાન જગન્નાથ (શ્રીકૃષ્ણ)ને સમર્પિત છે. આ ભારતના ઓરિસ્સા રાજયના તટવર્તી શહેર પુરીમાં સ્થિત છે. જગન્નાથ શબ્દનો અર્થ જગતના સ્વામી હોય છે. તેમની નગરી જ જગન્નાથપુરી કે પુરી કહેવાય છે. આ મંદિરને હિન્દુઓના ચાર ધામ પૈકી એક ગણવામાં આવે છે. આ વૈષ્ણવ સંપ્રદાયનું મંદિર છે જે ભગવાન વિષ્ણુના અવતાર શ્રી કૃષ્ણને સમર્પિત છે આ મંદિરનો વાર્ષિર રથ યાત્રા ઉત્સવ પ્રસિદ્ધ છે. તેમાં મંદિરના ત્રણેય મુખ્ય દેવતા, ભગવાન જગન્નાથ, તેમના મોટા ભ્રાતા બલભદ્ર અને ભગિની સુભદ્રા ત્રણેય ત્રણ અલગ-અલગ ભવ્ય અને સુસજ્જિત રથોમાં બિરાજમાન થઇ નગરની યાત્રાએ નીકળે છે.

બદરીનાથ મંદિર બદરીનાથ મંદિર જેને બદરી નારાયણ મંદિર પણ કહેવાય છે તે અલકનંદા નદીના કિનારે ઉત્તરાખંડ રાજ્યમાં સ્થિત છે. આ મંદિર ભગવાન વિષ્ણુના રૂપમાં બદરીનાથને સમર્પિત છે. સાથે જ આ હિન્દુ ધર્મના ચાર ધામો પૈકી એક ધામ પણ છે. ઋષિકેશથી આ ૨૯૪ કિ.મી. દૂર ઉત્તર દિશામાં સ્થિત છે. ગુરૂવાયુર મંદિર ગુરૂવાયુર પોતાના મંદિર માટે સર્વાધિક પ્રસિદ્ધ છે જે અનેક સદીઓ જૂનુ છે અને કેરળમાં સર્વાધિક મહત્વપૂર્ણ છે. મંદિરના દેવતા ભગવાન ગુરૂવાયુરપ્પન છે જે બાલગોપાલન (કૃષ્ણ ભગવાનનું બાળરૂપ) રૂપમાં છે. જોકે બિન-હિન્દુઓને મંદિરમાં પ્રવેશવાની છૂટ નથી. તથાપિ અનેક ધર્મોને માનનારા ભગવાન ગુરૂવાયુરપ્પનના પરમ ભક્ત છે. બાદામી ગુફા મંદિર આ મંદિરમાં ભગવાન શિવના અર્ધનારીશ્વર અને હરિહર અવતારની નક્કાશીઓ કરવામાં આવી છે. સાથે જ ભગવાન શિવના તાંડવ નૃત્ય કરતાં નટરાજ અવતારનું પણ નક્શીકામ છે. જમણી તરફ ભગવાન શિવનો હરિહર અવતાર છે તથા ડાબી તરફ ભગવાન વિષ્ણુનો અવતાર છે. આ મંદિરની છત પર પુરાણોના દશ્યો દર્શાવવામાં આવ્યા છે જેમાં ભગવાન વિષ્ણુનો ગરૂડ અવતાર પણ મોજૂદ છે.

રામેશ્વરમ મંદિર રામેશ્વરમ હિન્દુઓનું એક પવિત્ર તીર્થ સ્થળ છે. આ તમિલનાડુના રામનાથપુરમ જિલ્લામાં સ્થિત છે. આ તીર્થ હિન્દુઓના ચાર ધામો પૈકી એક છે. આ ઉપરાંત અહીં સ્થાપિત શિવલિંગ બાર દ્વાદશ જ્યોર્તલિંગો પૈકી એક માનવામાં આવે છે. ભારતના ઉત્તરમાં કાશીની જે માન્યતા છે એ જ દિક્ષણમાં રામેશ્વરની છે. દિક્ષણ ભારતમાં સ્થિત આ મંદિરમાં ભગવાન વિષ્ણુની અત્યંત સુંદર મૂર્તિ જોવા મળશે. કેશવ દેવ મંદિર આ મંદિર મથુરા, ઉત્તર પ્રદેશમાં સ્થિત છે. શ્રીકૃષ્ણ જન્મસ્થળ નજીક બનેલ પ્રાચીન કેશવદેવ મંદિર આમ તો વિશ્વ પટલ પર અનેક રીતે પ્રસિદ્ધ છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષો પહેલા જ શ્રીકૃષ્ણ જન્મસ્થળમાં થયેલ નવા કેશવદેવ મંદિરના નિર્માણથી આ જૂના કેશવદેવ મંદિરની પ્રસિદ્ધિ લુપ્ત થતી જઇ રહી છે. અહીં ભગવાનના દર્શન માટે હંમેશા ભક્તોની ભીડ રહે છે. દશાવતાર વિષ્ણુ મંદિર દશાવતાર વિષ્ણુ મંદિર ભગ્નપ્રાય અવસ્થામાં છે પરંતુ એ નિશ્ચિત છે કે પ્રારંભમાં તેમાં અન્ય ગુપ્ત કાલીન દેવાલયોની જેમ જ ગર્ભગૃહના ચતુર્દિક પ્રદક્ષિણા પથ રહ્યો હશે. આ મંદિરના એકને બદલે ચાર પ્રવેશ દ્વાર હતાં અને તેમની સામે નાના-નાના મંડપ તથા સીડીઓ હતી. ચારેય ખૂણામાં ચાર નાના મંદિર હતાં. અહીં શ્રી હરિ વિષ્ણુના દશાવતાર સ્વરૂપના દર્શન થાય છે. એવી માન્યતા છે કે અહીં ભગવાનના દર્શન થવાથી મોક્ષ મળે છે. દ્વારકાધીશ મંદિર દ્વારકા ગુજરાતમાં સ્થિત એક નગર તથા હિન્દુ તીર્થસ્થળ છે. આ હિન્દુઓની સાથે સર્વાધિક પવિત્ર તીર્થો પૈકી એક તથા ચાર ધામો પૈકી એક છે. આ સાત પુરીઓમાં એક પુરી છે. જિલ્લાનું નામ દ્વારકા પુરીથી રાખવામાં આવ્યું છે જેની રચના ૨૦૧૩મા કરાઇ હતી. આ નગરી ભારતના પશ્ચિમમાં દરિયા કાંઠે વસેલ છે. હિન્દુ ધર્મગ્રંથો અનુસાર ભગવાન કૃષ્ણએ તેને વસાવી હતી. ગુજરાતનું દ્વારકા શહેર એ સ્થળ છે જ્યાં આજથી ૫ હજાર વર્ષ પહેલા કૃષ્ણ ભગવાને મથુરા છોડ્યા બાદ પોતાની નગરી વસાવી હતી. જે સ્થળે તેમનો અંગત મહેલ હરિ ગૃહ હતો આજે ત્યાં પ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિર છે.

## અંતર્દૃષ્ટિ- પ્રેમની ભાષા

પ્રેમની બૂંદ તો બધાએ જોઇ છે. મમતા, સ્નેહ, આદર્શ અને પ્રણય, આ બધું પ્રેમ જ છે, જેને મનુષ્ય સદીઓથી નિભાવતો આવ્યો છે. તમે પણ પ્રેમની ભાષા એ જ રીતે સમજી રહ્યા છો. તમે પણ વહી રહ્યા છો. નદીના બે પટો વચ્ચે તમારું વહેવું - તમારી સાથે નથી. તમે સમયની સાથે નથી. બસ તમે વહી રહ્યા છો. જીવવા માટે. જીવવું જ તમારો સ્વભાવ બની ગયો છે. જીવવા માટે જ કશુંક કરવું તે તમારું કર્મ બની ગયું છે. તેથી તમે સાંસારિક પ્રેમની બુંદમાં જ ડૂબી ગયા છો. પ્રેમના વરસાદને થોડા લોકોએ જ જાણ્યો છે. રિમઝિમ ફૂવારા સાથે પ્રેમના અનેક વરસાદો તમે વિતાવ્યા હશે, પરંતુ પ્રેમને પડાવ નાખતાં તમે નહિ જોયો હોય. મીરાંનો પ્રેમ પદોમાં સમેટાઇને રહી ગયો. તે ભાવના સાગરમાં લહેરો સાથે જ રમતી રહી ગઈ. વિષને પ્રેમનો પ્યાલો સમજીને પી ગઈ.

ઈતિહાસનાં પાનાં પર પ્રેમની અનેક ગાથાઓ અંકિત છે. ક્યાંય બુદ્ધ અને મહાવીરનું નિર્વાણ અને બુદ્ધત્વની શાંતિ પ્રદાયિની પ્રેમકથા છે, તો ક્યાંક કબીર, નાનક, રહીમ, રસખાન, બિહારીના દોહા, સત્સંગ અને વાણી છે, તો ક્યાંક પતંજલિ, ગોરખનાથ, ભૈરવનો યોગપ્રેમ. ક્યાંક ગૌતમ, કણાદ, પુલસ્ત્ય, અત્રિ, અનસૂયા, વ્યાસ અને સુખદેવનો ભક્તિ પ્રવાહ છે. ક્યાંક જીસસ, મુહંમદ, અરસ્તૂ, સુકરાતનો પ્રેમ છે તો ક્યાંક રામ-સીતાની પ્રેમ વિરહ યાત્રા છે. ક્યાંક કૃષ્ણની રાસલીલા પ્રેમની અદ્ભૂત લોકયાત્રાઓ છે. ગોપીઓની વિરહ વેદનામાં રાધાની પ્રેમ ગાથા. આ તમામ પ્રેમના વહેણનું અંગ બનીને લુપ્ત થઈ ગયા, ફક્ત શ્રૃંખલાઓની કડીઓમાં માળાની કોઈ પ્રથમ શ્રૃંખલા બની ગયું તો કોઈ માધ્યમની કડી. કોઇએ અંતિમ શ્રૃંખલા બનવાનો પ્રયાસ કર્યો, પરંતુ પ્રેમે કોઇની સાથે પડાવ ન નાખ્યો. તમામ અભિવ્યક્તિ બનીને રહી ગયું. તમામ અનુભૂતિઓના વહેણમાં ફક્ત સ્મૃતિઓ જ શેષ રહી ગઈ. આ સ્મૃતિઓથી સુસજ્જિત પુરાણ અને ઈતિહાસની ગાથાઓ, જેને ભણી-ભણીને તમે ખુદને સમજાવો છો, સાંત્વના આપો છો અને એ રીતે ખુદને છેતરો છો પણ ખરા. તમે પણ તમારો અતીત તેમની જેમ જ બનાવવા માંગો છો, લખવા માંગો છો. તેથી એ કાલને તમે આજ સુધી વેંઢારી રહ્યા છો. તમારી કાલ તો ખરાબ થઈ જ ગઈ. તમે આજને પણ એ કાલના બોજ તળે દબાવી રાખી છે. તમે જે છો, તેને સમજી નથી શકતા. તમે જે છો, તે બની નથી શકતા.




## હાસ્યના હીલોળા

બે લાખ ઈનામ

છગન :જે મારી ઈચ્છા પુરી કરશે તેને બે લાખ રૂપિયા ઈનામ આપીશ

મગન : બોલો બોલો શું ઈચ્છા છે ?

છગન : મારે ચાર લાખ રૂપિયા જોઈએ છે.

૦૦૦૦૦૦

આવક અને જાવક

પત્ની સાંભળો છો ?લગ્નમાં છોકરો હમેશાં જમણી બાજુ શા માટે બેસે છે?

પતિ : નફા નુકશાન ખાતામાં આવક જમણી બાજુ અને ખર્ચ ડાબી બાજુ લખાય છે.

૦૦૦૦૦૦

મારે એને સમજાવવું પડશે

પતિ પત્ની ફિલ્મ જોવા ગયાં રસ્તામાં એક છોકરી મળી તેણે પતિને કહ્યું હાય !

પત્ની કહે : કોણ હતી પેલી ?

પતિ કહે : મારું મગજ ના ખાઈશ મારે એને પણ સમજાવવું પડશે કે એ કોણ છે ?

૦૦૦૦૦

પપલુ : ભુતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળનો દાખલો આપીને સમજાવો.

પપલુ : તમે હોમવર્ક આપ્યું હતું એ ભુતકાળ, મેં હોમવર્ક કર્યું નથી એ વર્તમાન છે અને હવે મારી ધુલાઈ થશે એ ભવિષ્યકાળ.

૦૦૦

મીના :તું કવિતા લખે છે પણ એનાથી તને કાંઈ ફાયદો થયો ?

ટીના : હા થયો ને જ્યારથી હું મારી સાસુને મારી કવિતા સંભળાવવા લાગી છું ત્યારથી એમણે અહીં આવવાનું છોડી દીધું છે.



## મધુવન

**"એમ હું ભટકું છું સાચી શાયરીની શોધમાં**
**જેમ મીરાં રઝળતી ભવરણમાં ગિરધારી વિના"**

જટિલરાય કે. વ્યાસ'જટિલ ના આ શે'ર માં શાયરીની શોધમાં શાયર હોય એવું લાગે છે. શાયરી બધાંને ગમે છે. ઘણાંને શાયરી બે પંક્તિઓની રમત લાગે છે. જેમ બજારમાં અસલ કરતાં નકલી વસ્તુઓ વધારે વેચાય છે એવું જ આજે શે'શર શાયરીનું થયું છે. સ્માર્ટ-ફોનમાં શાયરી એપ્સને સ્પર્શતાં જ સેકંડો શાયરીઓનો ઢગલો આપણી સમક્ષ થઈ જાય છે. પણ આ બધી જ જેને લોકો શાયરી કહે છે એ શાયરી કરતાં જોડકણા વધારે હોય છે. સાચી શાયરી ગિરધર જેવી છે. એ ભવરણે ભટકતી કોઈમીરાંને મળી જાય છે. અને મીરાં કોઈ પંખા નીચે બેસી ટેબલ પર લખતી નથી બસ એના હૃદયમાંથી જે ઉઠે છે. અને ગાઈ નાખે છે.

**"ગઝલ-સાહિત્યને સાચું જીવન-દર્પણ બનાવી દ્યો!**
**નકામી કલ્પનાથી શાઈરીને પણ બચાવી દ્યો !**

જમિયત પંડ્યા ના આ શે'રમાં વધુ પડતી કલ્પનાથી શાયરીને બચાવવાની વાતને વાચા અપાઈ છે.શાયરી સરળ-સહજ વ્યવહારૂ શબ્દોમાં હોય તો એ વભારે ઉત્તમ ગણાય છે. આજકાલ લોકો વધુ પડતી કલ્પનાઓ કરી સહજ શબ્દોને ભારેખમ બનાવી દે છે. ગઝલ-સાહિત્યની ચિંતા કરતા શાયર એને સાચું જીવન દર્પણ બનાવવાની વાત કરે છે.

**"કોઈને ગુમાવવાની વ્યથા તો આ હૈયું જ જાણે છે.**
**લોકો તો બસ શાયરીઓ ની જ મજા માણે છે"**

મુશાયરામાં આદાબ-આદાબ-વાહ! વાહ! કરતા લોકો શાયરનનું દર્દ સમજી શકતા નથી. હૃદયમાં ઉઠેલા પ્રચંડ તૂફાનને અંતે જ્યારે સર્જકની કવિની દુનિયા ઉજ્જડ થઈ જાય છે. અને એને ગઝલકાર શબ્દ દેહ આપી જ્યારે લોકો સમક્ષ વાંચે છે.બોલે છે. ત્યારે લોકો ખૂબ જ મોજ મસ્તીમાં આવી જતા હોય છે. તાળીઓના ગડગડાટથી એને વધાવી લે છે. પણ શાયરની વેદના કોઈ સમજતું નથી.

**કંઈ નથી એમાં ભિન્નંતા કે ભેદ, બેઉ બાજુ છે એક સૃષ્ટિની !**
**શાએરી રૂપ છે વિચારોનું ,રૂપ પણ શાએરી છે દ્રષ્ટિની !**

અહમદ ઈબ્રાહિમ મસ્ત-મંગેરો નો આ શે'ર પણ એમના તખલ્લુસ જેટલો જ મસ્ત છે. શાયરીની શાયરીને ગઝલકાર અહિં વિચારોનું રૂપ કહે છે. તો રૂપને દૃષ્ટિની શાએરી સાથે સરખાવે છે. જામ, ચાંદની, સનમ અને શાયર ભેગાં મળે ત્યારે ઉત્તમ શાયરીનું સર્જન થાય છે.સુંદરતા સૌને ગમે છે. પણ શાયર સુંદરતાના રસના ઘૂંટડા જે શબ્દોમાં ભરે છે. આવા મીઠા શબ્દો જે વાંચે, સાંભળે છે એનું મોં પણ મીઠું થઈ જાય છે. સુદરતાને પામવાની, અનુભવવાની એક આગવી રીત શાયર પાસે હોય છે.

**"એક તો વહ ખુદ હૈ ગઝલ કે જૈસી**
**ઔર ઉસ પર વો, શાયરી ભી કરતી હૈ"**

શાયર સનમને ગઝલ સાથે સરખાવતાં કહે છે કે જે પોતે ગઝલ જેવી છે.અને સાથે ગઝલપણ લખે છે, શાયરીપણ કરે છે. ત્યારે સોનામાં સુંગધ ભળે છે.મોટેભાગે સુંદર વસ્તુઓ લોકોના ઉપયોગ માં ઓછી અને પ્રદર્શનમાં, જાહેરાતમાં વધારે જોવા મળતી હોય છે. એવું જ સુંદર છોકરીઓનું પણ થયું છે. એ માત્ર શોકેશની વસ્તુ બની રહે છે.પણ ક્યારેક કોઈ એકાદ રૂપાળું જણ રૂપાળું એટલે જેનું મન રૂપાળું હોય તન તો મનનું પ્રતિબિબં છે. આથી જ સુંદર લાગતા બધા લોકો સારા નથી હોતા. પણ સારા લોકો ચોક્કસ બધાને સુંદર લાગે છે. છેલ્લા કેટલાક સમયથી સાહિત્યમાં ગઝલ ખૂબ લખાય છે. ત્યારે ગઝલના સિંહ ગણાતા સ્વ.અમૃત "ઘાયલ" નો આ શે'ર માણીએ

**"શાયરી દોસ્ત સર્વગ્રાહી છે.**
**આ ગઝલ એમની ગવાહી છે"**

**શ્રી ધેંગાભાઈ એન'સરહદી'**
**મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

### આવ્યો ઉનાળો

આવ્યો ઉનાળો ભાઈ આવ્યો ઉનાળો
ઠંડા પીણા ભઈ લાવ્યો ઉનાળો
તરબુચ, સક્કરટેટી, ને શેરડી રસ
કેરી મીઠી ભઈલાવ્યો ઉનાળો
ગુલમહોરમાં કેસરીને ગળમાળામાં પીળા
ફુલની ફોરમ ભઈ લાવ્યો ઉનાળો
કાળા જાંબુ, દ્રાક્ષના ઝુમખાં
સંતરામાં રસ લઈ લાવ્યો ઉનાળો
કોઈ આઈસ્ક્રીમ અને કુલ્ફી ખાય
વેકેશન મજાનું ભાઈ લાવ્યો ઉનાળો
પક્ષી પારેવા માટે પાણી કુંડા મુકાય
વડલા ડાળે રમવા ભઈ આવ્યો ઉનાળો

**રાજેશ બારૈયા**(બોરડા-ભાવનગર)

### શાયરી

જુમ કે આઈ યાદોસંગ સંગીત મેં બરખા
તડપતા હૈ દિલ જલબીન મછલી, તેરે સંગ દિલ અપના
પુનમ કે ચાંદ કા મુજે ઈંતજાર હૈ
અમાવસ મેરી જીંદગી હૈ ચાંદની કા ઈંતજાર હૈ
ફોરમ વહી ગઈ ફુલના ચૂંટાયા પછી
તારી યાદ સરી ગઈ તને ભુલાયા પછી !
તારૂંસ્મરણ મારૂં મરણ, એવી મારી હૈયાધારણ
ઉદાસ સંધ્યાના આગમને તને વીસરી જાઉં એ જ કારણ
ચાંદની ધરતી પે હોતી હૈ, ચાંદ ગગન મેં
તેરી તસવીર આંખો મેં હોતી હૈ યાદ તેરી દિલ મેં !

**સુરજ કોઈટીયા**(ડીસા)

## ચતુરાઈ

એકવાર એક વૃધ્ધ બકરી સાથીદારોથી છુટી પડી ગઈ. સાંજનો સમય હતો. ધીમે ધીમે અંધકાર વધવા માંડ્યો. બકરીનું ઘર ઘણે જ દુર હતું. અંધારું હોવાથી તે પોતાના ગામ જઈ શકે તેમ નહોતી. આથી પોતાના શરીરમાં રહેલા ભયને દુર કરવાને માટે ત્યાં જ જંગલમાં રાતવાસો કરવાનું નક્કી કર્યું.

અચાનક એની નજર પાસે આવેલી એક ગુફા પર પડી બકરીએ તે ગુફામાં રાત પસાર કરવાનો નિર્ણય કર્યો અને તે ગુફામાં જતી રહી. હવે આ ગુફામાં એ ખૂંખાર સિંહ રહેતો હતો. તે અચાનક બહારથી ફરીને પોતાની ગુફામાં પાછો ફર્યો. સિંહ જેવો ગુફામાં આવ્યો કે તેની નજર બકરી પર પડી. બકરી તો સિંહને જોતાં જ થર થર ધ્રુજે. તેનાથી ગુફાની બહાર ભગાય તેવી સ્થિતિ જ નહોતી અને વૃધ્ધ શરીરના કારણે સિંહ સાથે બાથ પણ ભીડી શકે તેમ નહોતી.

ત્યાં અચાનક એના મગજમાં એક વિચાર આવ્યો. તેણે પોતાનું શરીર થોડું ટટ્ટાર કર્યું અને ગરદન ઊંચી કરીને સિંહની આંખોમાં આંખો પરોવીને તેણે ઘુરવા લાગી આ બાજુ સિંહને તો પોતાની આંખો પર વિશ્વાસ જ ણ આવ્યો. આજ દિન સુધી કોઈ પણ પ્રાણીએ તેની ગુફામાં પગ મુકવાની હિંમત જ નહોતી કરી.

સિંહે બકરીને પોતાની તરફ આવતી જોઈ અને તે આશ્ચર્યમાં પડી ગયો. જેવી બકરી સિંહની સામે આવીને ઉભી રહી અને તે બોલી, "કોણ છો તમે ? ક્યાંથી આવો છો ? હું બકરીઓની રાણી છું. અને મે આજે પ્રાણ લીધું છે કે આજથી મારે ૧૦૦ ચિત્તા, ૨૫ હાથી અને દસ જીવતાં સિંહ ખાવાના છે. અત્યાર સુધી અનેક હિંસક પ્રાણીઓને ખાઈ ચુકી છું, હવે એક તગડા સિંહની તપાસ કરી રહી છુ.

આ સાંભળીને તો પેલો સિંહ એકદમ ગભરાઈ ગયો. તેણે વિચાર્યું કે, "શું ખબર આ બકરી કદાચ સાચું બોલતી હોય." સિંહે પોતાનો અવાજ થોડો નરમ કરીને બોલ્યો, "હે બકરીઓની રાણી, હું મરવાથી ક્યારેય ગભરાતો નથી. પરંતુ પહેલા મારે નદીમાં સ્નાન કરવું છે."

બકરીએ સિંહને જવાની આજ્ઞા આપી. આ બાજુ સિંહ પ્રાણ બચાવવા ઉભી પુંછડીએ દોટ મૂકી. ત્યાં જ રસ્તામાં એક શિયાળ મળ્યું: તેણે જંગલના રાજાને ભાગતો જોયો એટલે પૂછ્યું, "હે જંગલના રાજા તમે કેમ દોડી રહ્યા છો?"

ત્યારે સિંહે કહ્યું, "આજે મારી ગુફામાં કોઈ વિચિત્ર પ્રાણી આવ્યું છે. આમ તો તે બકરી લાગે છે, પરંતુ તે તો સિંહ જેવા જાનવરોનો પણ શિકાર કરે તેવું સશક્ત છે. એટલે તેનાથી મારો પ્રાણ બચાવવા માંગું છું."

ત્યાં તો શિયાળ બોલ્યું, "ચાલો, મારી સાથે. ગુફામાં આપણે બેય જઈએ અને તે પ્રાણીને મારીને તેની મીજબાની ઉડાવીએ."

બકરીએ સિંહ અને શિયાળને ગુફા તરફ આવતાં જોયા. એટલે તે થોડી ગભરાઈ. પરંતુ તરત જ તેણે સ્વસ્થતા મેળવી લીધી. જેવા બંને જણા પાસે આવ્યા એટલે બકરી બોલી, "હે મુર્ખ શિયાળ, મેં તને દસ સિંહ લાવવાનું કહ્યું હતું અને તું આ એક જ લાવ્યો. મારે તને સજા કરાવી પડશે." આ સાંભળીને સિંહને લાગ્યું કે આ શિયાળે મારી સાથે દગો કર્યો લાગે છે. એટલે તેને એક ઝાપટ મારીને તેને મારી નાંખ્યુ અને પછી સિંહ ઊભી પૂંછડી દબાવીને ભાગ્યો.

સિંહના જવાથી બકરીને નિરાંત થઈ. હવે તેને આ ગુફામાં કોઈ હિંસક પ્રાણીનો ડર ના રહયો અને તે શાંતિથી સુઈ ગઈ. આમ બકરીએ પોતાની ચાલાકી અબે બુદ્ધિથી પોતાના પ્રાણ બચાવ્યા અને સિંહ જેવા હિંસક પ્રાણીને પણ ભગાડી મુક્યો.

જયારે સિંહે પોતાની ભીરુતા પર આખી રાત જંગલમાં રખડીને પસાર કરાવી પડી. -**કમલેશ કંસારા**

## સુગ્રત ડોશીની સખાવત

અમે અમદાવાદના એક એરીયામાં ફરતા હતા. એ એરીયા ખુબ સમૃદ્ધ અને માલેતુજારો માટે છે. પ્રત્યેક બંગલામાં બબ્બે કુતરા-કુતરીની જોડ જોવા મળતી. તમામ કુતરા પાળેલા તેમજ ટ્રેઈન કરેલા જણાયા. અમે એક બંગલામાં ભુલથી ઘુસી ગયા. સરનામાની શરતચુકથી ચંદ્રવિલાના નામે ચંદ્રાલય ખાતે ઘુસ્યા.. ત્યાં તરત જ અવાજ આવ્યો..

બોઉ..બોઉં.. વાઉ.. વાઉ... કરતો અમારી તરફ જાણે આક્રમણ કરતો હોય એવો ડોગ આવવાની તૈયારી કરતો હતો. પણ નસીબજોગે એ ચેઈનના બંધનમાં હતો અને એની કુતરી પણ નાની સાંકળથી બંધાયેલી હતી.. કુતરાનો અવાજ સાંભળી માલિકન બાઈ ઘરની બહાર આવ્યો.. બોલ્યા.. 'સોનુ બેસી જા.. બસ આટલું કહેતાંની સાથે એ ડોગ કેળાવયેલા લશ્કરના સૈનિકની જેમ નીચે બેસી ગયો.

માલિકને અમને પુછયું, કેમ ભાઈ આવ્યા છો ? અમે કહ્યું.. બા અમને ચંદ્રાલય બંગલો જોઈએ છે. માલિકણ આગળ વધ્યાં.. ભાઈ તમને આવડું મોટું આ વુડન એમ્બોસ દેખાતું નથી ?

સોરી બા કહી અમે વિદાય લીધી.. ત્યાં એ માલીકનને દયા આવી.. અરે બેસો ભાઈ તમે કોઈ સારા માણસ છો.. પાણી પીઓ અને બેસો..

ગુનેગારને જેમ પોલીસ કસ્ટડીમાં હાશકારો થાયફ એમ નિરાંતનો દમ મળ્યો.

ત્યાં આગળ આવીને એક ખુબસુરત ઈલેકટ્રોનિકસ હીંચકામાં માલીકન બેઠાં અને પેલા ડોગની કથા સંભળાવી..

'જુઓ ભૈ અમે.. દક્ષિણના પ્રવાસે ગયા હતા. ત્યાં એક મંદિરના દ્વારે આ સુગ્રત ડોગ સખાવત કરતો જોયો. તેની સામે મુકેલા ખોરાકના ઢગલામાંથી એ અન્ય કુતરા કુતરીઓને ખોરાક વહેંચતો જોવા મળ્યો.

અમે પેલા મંદીરના મહંતને મળ્યા.. એટલે કે એ ડોગીની વાર્તા સંભળાવી. ચાર વરસ સાથે રહેતી ડોસી કુતરીના અવસાન પછી સુગ્રત ડોગે ખાવા પીવાનું છોડી દીધેલું. અમને દયા આવી એટલે એ ડોગને અહીં લઈ આવ્યા. ડોલી જેવી એક સુંદર મજાની કુતરી અમે પેરઝોનમાંથી તેને લાવી આપી એ સમયે તેણે અમારી સામે માથું ધુણાવી તેની બોડી લેંગવેજથી વાત કરી. અમે તેને ખુબ લાડ લડાવી ડોલી સાથે બેસાડી ખવડાવ્યો એ પછી એ અમારા આ કંપાઉન્ડમાં એક કુટુંબના સભ્યની માફક રહેવા લાગ્યો.

અને આ સખાવત કરતાં સુગ્રત ડોગની કહાની સાંભળી અમે અચંબામાં પડી ગયા. કુદરતના કરીશ્મા જેવી આ બાબતો માનવી પણ ભુલી જાય તેવું વહાલ અને સ્નેહ આ અબોલ પ્રાણીઓમાં જોવા મળે છે. આથી કેવી જીવદયાની ભાવના ??

**-હંસામૃત વાલમીયા**
**(અમદાવાદ)**

## અશાંતિનું ફળ

ઘણા વર્ષો પહેલાની વાત છે. સુંદરવનમાં ગલબા શિયાળે બધા જ પશુ પક્ષીઓને અંદરો અંદર લડાવી મારવા માટે પ્રયત્નો માટે પ્રયત્નો કરેલા.તેના આ પ્રયત્નોમાં તેને ભારે સફળતા મળી ગઈ હતી.પરંતુ આ ગલબો શિયાળ એવી ખૂબીથી એકને બીજા વિરૂદ્ધ ચડાવી આવતો હતો કે,એક બીજા સામસામે આવેલા પશુઓ ઝઘડી પડતા. પરંતુ આ ઝઘડો કરાવનાર ગલબો એ વાત ક્યારેય બહાર ન આવવા દેતો કે આ ઝઘડો તેના લીધે થયો છે.

આવા રોજ રોજના ઝઘડાઓ પશુ-પક્ષીઓ વચ્ચે વધતા જતા કુસંપની વાત ધીરે ધીરે વનરાજ શેરસિંહ પાસે પહોંચી તો પણ મનથી દુ:ખી થવા લાગ્યો. તેને થતું,'મારા રાજમાં સૌ પશુ-પક્ષીઓ સુખ અને શાંતિથી રહેતા હતાં. ત્યાં અચાનક જ અંદરો જ અંદર આટલો બધા કુસંપ કઈ રીતે થઈ ગયો ? તે નથી સમજાતું ?'

સુંદરવનમાં મોન્ટું નામનું એક સસલું હતું. આ સસલું પણ પશુ-પક્ષીઓમાં વધી રહેલા કુસંપથી વ્યથિત થઈ ગયેલું. તે ખૂબ જ બુદ્ધિશાળી હતું. તેથી તેણે મનથી જ નક્કી કરી લીધેલું કે, સુંદરવનના આ બગડેલા વાતાવરણ પાછળ કોઈ ગુપ્ત રીતે કામ કરી રહ્યું છે ? હવે તેની શોધ તો કરવી જ જોઈએ.તેમ તે શોધ કરી અને ખરેખર જે જવાબદાર હોય તેને વનરાજા શેરસિંહ પાસે પકડાવી દેવો. આ વિચાર આવતાં તેણે નક્કી કર્યું કે,પોતે નાજુક પ્રાણી છે.તેથી આ કાર્ય કરવા જતાં ક્યાંક કોઈ સમસ્યા ઉભી થાય તો .?માટે આ પહેલાં સુંદરવનના રાજાને વિશ્વાસમાં લેવા જ જોઈએ. આમ વિચાર કરી અને મોન્ટુ પહોંચ્યું શેરસિંહ પાસે. તેમની પાસે જઈ અને સંપૂર્ણ હકીકત કહી. આ સાંભળી અને શેરસિંહ પણ ખુબ જ આનંદ પામ્યો. તેણે મોન્ટુને કહ્યું, 'તું ખૂબ જ સમજુ છે. આજથીહું તને મારા રાજનો જાસૂસ બનાવું છું. અને તને વચન આપું છું કે, 'તારી પૂરેપૂરી રક્ષા કરવાની જવાબદારી મારી છે.' આમ કહી અને તેણે મોન્ટુ સસલાની પીઠ થપથપાવી.

આ પ્રમાણે જંગલના રાજા તરફથી પણ પોતાને પ્રોત્સાહન મળ્યું. તેથી તે ખૂબ જ આનંદ પામ્યું. પછી તો તેણે અશાંતિનું મૂળ શોધવાનું શરૂ કરી દીધું. તે સતત ફરતું રહેતું અને બધા જ પશુ-પક્ષીઓનું નિરીક્ષણ કરતું રહેતું.

એક દિવસ વીરું વરૂ અને ચિના ચિત્તા વચ્ચે અચાનક જ ઝઘડો થઈ ગયો. આ ઝઘડો આગળ વધે ત્યાંજ મોન્ટુ સસલુ ત્યાં પહોંચી ગયું. તેણે જાણી લીધેલું કે આજે સવારે ગલબો શિયાળ પહેલાં વીરૂ વરૂના ઘરમાં ગયો હતો.આ ગલબા શિયાળની હિલચાલ ઉપર મોન્ટુ સસલાને કેટલાય દિવસથી શંકા તો ઉભી થયેલી. મોન્ટુએ વચ્ચે પડી પહેલા ચિના ચિત્તાને એક તરફ લઈ જઈ અને વિનંતી કરી કે,'હું કહું તે પહેલાં તમે સાંભળજો.પછી ઝગડવું હોય તો ભલે વીરું વરૂ સાથે ઝગડો કરજો. આ સાંભળી પહેલા તો ચિનો ચિત્તો મોન્ટુ પર ખીજાયો.પરંતુ મોન્ટુએ દયામણા ચહેરે વિનંતી કરેલી,તેથી કહ્યું,'ભલે, બોલ તું શું કહેવા માગે છે ?'

'જુઓ ચિના ભાઈ, હું તો એક નાનું પ્રાણી છું. નાના મોઢે મોટી વાત ન કરાય.પરંતુ ખરું કહું તો મને લાગે છે કે,તમને ગલબા શિયાળે આ વીરું વરૂ વિરૂદ્ધ ઉશ્કેર્યો છે.ખરેખર હું કેટલાક દિવસથી જોઈ રહ્યો છું કે તેને આ જંગલમાં સંપ અને શાંતિ રહે એ પસંદ નથી લાગતું તેથી તે સૌ પશુ પક્ષીઓને એકબીજા વિરૂદ્ધ ઉશ્કેરી ઝગડા કરાવી અને પોતે આનંદ માણે છે. વળી આ જ દિવસ સુધી તેની સાથે કોઈનોય ઝગડો નથી થયો. તે સૌને એવી ખૂબીથી ઉશ્કેરીને ઝગડાવે છે કે પોતે ક્યારે પણ કોઈને નજરે ન પડે ! માટે જો હું સાચું બોલતો હોઉં તેવું તમને લાગતું હોય તો આપણે વીરું વરૂને પણ એક તરફ બોલાવી અને પ્રશ્ન કરીએ જો મારી વાત સાચી પડે તો ગલબાને પકડી આપણે તેને વનરાજ શેરસિંહ સમક્ષ રજૂ કરી તેને યોગ્ય સજા કરાવશું.' મોન્ટુ સસલાએ કહ્યું.

મોન્ટુની વાત ચીનાં ચિત્તાને ગળે ઉતરી ગઈ. તેથી તરત જ વીરુ વરૂને પણ ત્યાં જ બોલાવી તેને પણ સંપૂર્ણ વાત મોન્ટુ સસલાને કહી સંભળાવી. તેની વાત સાંભળી વીરુ વરૂ પણ આશ્ચર્યમાં પડી અને ચિના ચિત્તાને કહેવા લાગ્યો, 'મોન્ટુની વાત સાચી છે. તેણે જ મને તમારા વિરૂદ્ધ ઉશ્કેરેલો ! ત્યારે ચિત્તો ગલબા ઉપર ગુસ્સે ભરાયો. તેણે એક જોરદાર ત્રાડ નાખી.'

પરંતુ જ્યારે મોન્ટુ સસલાને વીરુ વરૂ અને ચિના ચિત્તાના ઝઘડાને અટકાવવા પ્રયત્ન કરેલો ત્યારેં જ ગલબો. તેથી જ તે પોતાના પરીવારને લઈ અને ઝડપભેર સુંદરવનમાંથી નાસી ગયેલો.

ચિના ચિત્તા તેમજ સૌ પ્રાણીઓએ સાથે મળી ગલબાને શોધવાનું શરૂ કર્યું. પરંતુ તે અને તેનો પરીવાર ક્યાંય પણ જોવા ન મળ્યા. તેવામાં ઉડતાં ઉડતાં મીઠું પોપટે સૌને કહ્યું, તમે જે ગલબા શિયાળને શોધી રહ્યા છો તે તો ક્યારનો પોતાના પરિવાર સાથે સુંદરવન છોડી નાસી ગયો છે!'

આ વાત સાંભળી પછી સૌ સુંદરવનના વનરાજા શેરસિંહ પાસે આવ્યા. મોન્ટુ સસલાએ તેને બધી જ વાતનું વર્ણન કર્યું. ત્યારે શેરસિંહે સૌ પ્રાણીઓ-પક્ષીઓને વિનંતી કરતાં કહ્યું, 'જુઓ, મારા રાજ્યમાં આપ સૌ સંપીને સુખ-શાંતિથી રહો.તમને કંઈ પણ દુ:ખ હશે તો તે તમે મારી પાસે રજૂ કરશો તો હું તે દૂર કરવા અવશ્ય પ્રયત્ન કરીશ. પરંતુ આજ પછી કોઈ પણ પશુ કે પક્ષી કોઈ પણની કાન ભંભેરણી સાંભળી અને અન્ય પ્રત્યે કુભાવ સાથે લડવા ઝઘડવાનું છોડી અને સત્યને જાણવા કોશિશ કરી અને એક બીજા પ્રત્યેનો કુભાવ દૂર કરી અને સૌ સુખ-શાંતિથી રહો તેમ હું ઈચ્છું છું.' આ સાંભળી સૌએ સાથે મળી વનરાજા શેરસિંહને વચન આપ્યું કે,'અમે તમારા આ હુકમનું બરોબર પાલન કરશું' પછી શેરસિંહે મોન્ટુ સસલાને તેની ચતુરાઈ બદલ ધન્યવાદ આપ્યા તેમજ નાનું અને નિર્બળ હોવા છતાં બુદ્ધિ પૂર્વક સુંદરવનની સમસ્યા દૂર કરી તે બદલ તેનું સન્માન કરી તેને ઈનામ આપ્યું.ત્યાર પછી વનરાજા શેરસિંહના સુંદરવનમાં ફરીથી ખૂબ જ શાંતિ છવાઈ ગઈ. અને પશુ પક્ષીઓ સંપ અને સહકારથી રહેવા લાગ્યા.

**બોધ : સંપ ત્યાં જંપ એ વાત જરાયે ખોટી નથી.**

**-દેવેન વ્યાસ ગીતાબેન વ્યાસ (અંજાર)**

## મન્નાસને સજા

વરૂણેશ્વર નામના રાજાને મન્નાસ નામની રાણી હતી. રાજા રાણી વચ્ચે સ્નેહ અપાર હતો. રાણી કહે એમ રાજા કરતો. રાજા કહે એ જ રાણી હતી. આમ તો આ એક વણલખ્યો નિયમ જેવું હતું પણ એક બાબતે રાણી મન્નાસ જરા વિચિત્ર હતી. એની નાની મોટી શરારત કરવાની ટેવ હતી.એ ટેવ રાજા વારુણેશ્વર એ ગમતી ન હતી. રાજાએ ઘણી વાર રાણી મન્નાસને કહ્યું હતું સાહેબ તમે આ ટેવ છોડી દો ઠીક નથી. રાણી મન્નાસ આ સાંભળી મોં મચકોડતાં કહેતી, મારા મહારાજ છુટશે નહીં અને ગમે છે..અને એ મારા અંત સાથે જ જશે.

એવું ના કહો સાહેબ.. એવી ખોટી કુટેવ છોડો.. કયાંક મારે રાજા થઈને તમને કઠોર દંડ આપવો ના પડે. રાજા વાસણેશ્વર કહ્યું.

જોયું જશે...મન્નાસે કહ્યું.

મન્નાસ રાણીને ગંગા નામની ખાસ દાસી હતી. આમ તો એ દાસી હતી પણ મન્નાસ અને પોતાની સખીથી પ્રિય માનતી હતી.

એક દિવસની વાત મન્નાસને મશ્કરી મજાક કરવાનું મન થયું. એણે પોતાની દાસી સખી મજાક કરવાનું મન થયું. એણે પોતાની દાસી સખી ગંગાને બોલાવીને વગડે જવાનું કહ્યું.. સાથે એક કોદાળી લેવા પણ કહ્યું.. સખીદાસી ગંગાને ખબર તો પડી જ ગઈ છે. સાથેજવાનું અનેકોદાળી લઈ જવાનું શું પ્રયોજન હશે ? જો કે ગંગાએ આ મામલે પુછી પણ જોયું ત્યારે મન્નાસે જવાબ ન આપ્યો.

બે દિવસપછી રાજા વરૂણેશ્વરને કરીને મન્નાસ અને ગંગા રથમાં બેસીને વગડે ગયા. ગંગા એ હંકારે તો રથ જગાડવામાં એક તરફ બાંધ્યો..પછી વગડાની જયાં કેડી પડતી હતી ત્યાં કોદાળીને સહારે ગંગાની પાસે મોટો ખાડો ખોદાવ્યો.

ગંગાને આવી હરકતની ખબર પડી ગઈ. એને એ ખબર હતી કે કહીશ તોય રાણી મન્નાસ માનવાની નથી. એટલે એણે જેમ મન્નાસે કહ્યું એમ કહે રાખુંપછી એ ખાડા પર લાકડાની ખપાટો મુકી એના પર સુકું ઘાસ મુકી દીધું.

ગંગા રાણી મન્નાસનો આખો પેંતરો સમજી ગઈ પણ બોલી નહીં.. પછી બે ય જણાં રથમાં જઈને બેઠા. ગંગાસખી મન્નાસના પગ દબાવા માંડી.

બીજી તરફ તડકા ચઢયા..

એ નગરની મણીડોશી માથે છાણાનો ટોપલો લઈને તડકો હોય ત્યાં સુકવવા મુકવાનાં હતાં. તેઓ ચાલતાં ચાલતાં છેક હવે ભાગ પર આવ્યાં. જયાં પેલો ખાડો ખોદાયો હતો. ઘાસ પથરાયેલું હતું. મણી ડોશીને એની કશીય ખબર ન હતી. એમણે તો જેવો ત્યાં પગ મુકયો કે ખાડામાં પડયા. ખાપોટીયા વાગ્યા, એમની પીઠમાં પેસી ગયા બુમો પાડી મદદ માટે. બીજી તરફ મણી ડોશી પડયાનો આનંદ લેતા મન્નાસ અને ગંગા બેય પાછા આવ્યા. ગંગા તો કહી દેવાની હતી કે આ તમે સારૂં નથી કર્યું પણ રાણી મન્નાસને કહી ના શકી.

આ તરફ મણી ડોશીએ જેમ તેમ કરી બહાર નીકળ્યા. લોહી નીકળતી હાલતમાં રાજા વરૂણેશ્વરની પાસે જઈ પોતે પડયાં. ખાડો વગેરેની વાત કરો.

રાજાએ વિચાર્યું આમ વગડાની કેડી પર ખાડો ખોદવાનું કામ કરે કોણ ? એણે સૈનિકોને બોલાવ્યા. એ અંગે તપાસ કરવા જણાવ્યું. પણ સૈનિકોને કોઈ તાળો મળ્યો નહીં.

રાજા વિચારતો રહ્યો. આવું ફીટકાર યુકત કામ કરે કોણ ? ખાડામાં પાડવાની મજા કોને આવે ?

એ વાતને ચાર દિવસ થયા. કોઈ કડી રાજાના હાથમાં ન આવી. બીજી તરફ મણી ડોશીને ઈલાજ થતો હોવા છતાંય ઘા પાકી ગયો. એ મટી ગયો..

આખાનગરમાં રાજામાં.. એક સ્તબ્ધતા પથરાઈ ગઈ.

મણી મા મરી ગયા.. મરી ગયા.. મણી ડોશીની પાછળ કોઈ હતું નહીં. .રાજાએ સઘળો ખર્ચ ઉપાડયો.. બીજી તરફ તપાસ ચાલુ રહી વાત માત્ર મન્નાસ અને ગંગા સખી જ જાણતા હતા.

આ તો રાજાની ઈજ્જતનો સવાલ થઈ ગયો.ઘણીય તપાસો કરવા છતાંય ગુનેગાર પકડાયો નહીં.

એક રાત્રે મન્નાસ પોતાના પતિ રાજા પાસે ગઈ.. ઘણા સમયથી એનું દિલ દુઃખતું હતું પણ એ કહી શકતી ન હતી. મનમાં ડંખ ઉઠવો થઈ ગયો હતો.

રાત્રે મન્નાસ રાજાને પગે લાગીને પોતાના ગુનાનો એકરાર કર્યો. સાથે સાથે ખાતરી આપી કે તે હવેથી આવી કોઈ મજાક મસ્તી નહીં કરે કે જેથી કોઈનો જીવ જાય.

બીજા દિવસે નગરમાં સભા ભરાણી રાજાએ મણી ડોશીના મોત માટે મન્નાસનો ગુનો કહ્યો.

લોકો પાસે સજા માંગી.. પણ સમજુલોકોએ મન્નાસને માફ કરી દીધી. મન્નાસને એ પછી ખુબ પસ્તાવો થયો.

**રેણુ વિષ્ણુકુમાર બારોટ**
**અમદાવાદ**

### દીઓદર નગરે...

પાના નં.૩ ચાલુ

વિધી વિદ્યાન પંડીતવર્ય શ્રી નિતેશભાઈ ફોફાણીએ કરાવેલ.આ દિવસે ત્રણેય ટાઈમ સાધર્મિક ભક્તિના કાયમી લાભાર્થી પરિવાર કંચનબેન ફોજાલાલ દોશી તેમજ જેસુંગલાલ મોહનલાલ દોશી પરિવાર છે તેમજ મહોત્સવમાં અનેક પરિવારોએ સહાયક તરીકેનો લાભ લીધેલ.ધ્વજારોહણની પત્રીકામાં જય જીનેન્દ્રનો લાભ શાહ મંજુલાબેન સુરેશચંદ્ર લહેરચંદભાઈ (લાટીવાળા) પરિવારે લીધેલ.

ધ્વજારોહણ સહ સત્તરભેદી પૂજા તથા દાદાને અઢાર અભિષેક કરવામાં આવેલ.મોટી સંખ્યામાં દીઓદરના તથા બહાર રહેતા પરિવારજનો તથા સ્નેહીજનો ઉપસ્થિત રહેલ.

### થરાદની સિવિલ...

પાના નં.૩ ચાલુ

પ્રજાની વર્ષોની માંગણીઓ છતાં તે પુર્ણ કરવામાં સરકારની ઉદાસીનતા જોતાં આ આંદોલન લાંબુ ચાલે તેમ હોવાથી લગ્નગાળાનો સમયગાળો પુર્ણ થવાની સાથે જ શરુ કરવામાં આવશે જો કે તે પહેલાં ભાજપ સરકાર તથા આરોગ્યતંત્રે વહેલી તકે ઘટતું કરે તેવી લાગણી તથા માંગણી વ્યકત કરી હતી.

### ધાનેરા તાલુકામાં...

પાના નં.૩ ચાલુ

પરંતુ તાલુકામાં નહેરો બની જ નથી તેથી તાલુકાના ખેડૂતોને ડેમનો કોઈ લાભ મળતો નથી અને ખેડૂતોને બોરવેલ દ્વારા જ ખેતી કરવી પડે છે.મતલબ, તાલુકામાં ઓછો વરસાદ પડે છે. તેમ છતાં વરસાદી પાણીના સંગ્રહનું કોઈ આયોજન નથી. તાલુકામાં નહેરો નથી તેથી ભુગર્ભ તળ ઉત્તરોત્તર ઘટે જાય છે. તેમાં પણ ખેડૂતો આડેધડ વધુ પિયતવાળા પાકોનું વાવેતર કરે છે. તેથી હજારો બોર ભૂગર્ભ તળમાં રહેલું વધ્યું-ઘટ્યું પાણી પણ રાત- દિવસ ઉલેચે છે. તેથી ભૂગર્ભ જળમાં ધરખમ ઘટાડો થયો છે. જેથી બોરવેલ નિષ્ફળ થઈ રહ્યાં છે. જેથી હજારો એક્ટ જમીન સિંચાઈના અભાવે 'બંજર' બની ગઈ છે. પાણીના અભાવે પશુઓ માટે ઘાસચારાની પણ અછત સર્જાઈ છે. ત્યારે સરકાર જો ઘટ્યે જતા ભુગર્ભ જળ મુદ્દે સજાગતા નહીં દાખવે તો આગામી વર્ષોમાં પાણીનું સંકટ સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. તેથી લોકોને અન્યત્ર સ્થળાંતર કરવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે સરકાર સત્વરે આ બાબતે ઘટતા પગલાં ભરે તે સમયનો તકાજો છે.

### કૃષિ ક્ષેત્રે ...

પાના નં.૮ ચાલુ

વૈજ્ઞાનિક ખેતી વિશે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન મળી શકશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો અને પશુપાલન ખાતાના અધિકારીઓ દ્વારા પશુ આરોગ્ય મેળો યોજાયો જેમાં પશુઓને સારવાર આપવામાં આવશે. ડેરી, પશુપાલન અને સહકારી વિષયોને આવરી લઈ સેમિનાર યોજાશે જેમાં ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન અપાશે. ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું સ્થળ પર કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપીને નિરાકરણ કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી અને મહાનુભાવોના હસ્તે બનાસકાંઠા જિલ્લાના ૯,૧૩૫ અને પાટણ જિલ્લાના ૧,૮૪૮ મળી કુલ ૧૦,૯૮૩ લાભાર્થીઓને મંજુરીપત્રો વિતરણ કરવામાં આવશે. તેમજ મહિલા મંડળીઓને ગોડાઉન માટેની સહાય રૂ. ૪૪,૩૩,૬૦૦/-નો ચેક મહાનુભાવોના હસ્તે આપવામાં આવશે. ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજનાના પ્રત્યે લાભાર્થીને રૂ. ૧ લાખ પ્રમાણે કુલ ૧૫ લાભાર્થીઓને રૂ.૧૫ લાખના ચેક મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવશે. આત્મા બેસ્ટા ફાર્મર એવોર્ડ અંતર્ગત તાલુકા અને જિલ્લા કક્ષાના લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવશે. સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર અન્વયે પ્રગતિશીલ ખેડૂતનું સન્માન કરી રૂ. ૫૧,૦૦૦/- નો ચેક મહાનુભાવોના હસ્તે આપવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મોદીની કચ્છ યાત્રાને લઈ યુવા મોરચાની તૈયારી શરૂ

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત યાત્રાને લઈને તમામ તૈયારીઓ કરવામાં આવી ચુકી છે. આને લઈને એકબાજુ કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા વિવિધ કાર્યક્રમો તૈયાર કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પણ ખૂબ જ ઉત્સાહમાં દેખાઈ રહ્યા છે. મોદી જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેનાર છે. ભચાઉ ખાતે થનાર કાર્યક્રમમાં આહીરો, ભરવાડો સહિતના વિખ્યાત રાસમંડળો પરંપરાગત વેશભૂષામાં પરિધાન સાથે કળા દર્શાવશે. તમામ પ્રકારના આયોજન માટે ભચાઉ ખાતે તૈયારી શરૂ થઈ ચુકી છે.આગામી ૨૨ના જ્યારે દેશના વડાપ્રધાન કચ્છની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા નરેન્દ્ર મોદીએ આપેલ સ્વચ્છતા અભિયાનને અનુલક્ષીને ૨૧-૫-૨૦૧૭ના સવારે ૯.૦૦ કલાકે ગાંધીધામ મધ્યે મહા સફાઇ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં ૨૫૦૦ જેટલા યુવાનો જોડાશે જે એક વર્લ્ડ રેકોર્ડ બની જશે તેમજ યુવા મોરચા દ્વારા ૨૦ તથા ૨૧-૫-૨૦૧૭ એમ બે દિવસ એક ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન ગાંધીધામ મધ્યે રાખવામાં આવેલ છે જેમાં કચ્છભરમાંથી સ્પર્ધકો જોડાશે અને પોતાની કલા દર્શાવશે અને ૨૧ના સાંજે ૭ કલાકે ગાંધીધામ રોટરી સર્કલ પાસે એક શામ શહિદો કે નામ ને અનુલક્ષીને એક સંગીત સંધ્યાનું પણ આયોજન રાખવામાં આવેલ છે. આ અંગે વધુ વિગત આપતા જિલ્લા યુવા મોરચાના પ્રમુખ રાહુલભાઈ ગોરે જણાવ્યું હતું કે, જૈના હૈયામાં હર હંમેશ કચ્છ વસેલુ છે અને વિશ્વના કોઈ પણ ખુણે જઈને કચ્છને હર હંમેશ યાદ કરતા અને જેને સવાયા કચ્છી કહી શકીએ એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કચ્છની ધીંગી ધરા પર મા નર્મદાના નીરના વધામણા કરવા તેમજ કરોડો રૂપિયાની યોજનાના ખાતમુર્હૂત માટે આવી રહ્યા છે ત્યારે કચ્છના યુવાનો પણ નરેન્દ્ર મોદીને આવકાર આપવા થનગની રહ્યા છે અને નરેન્દ્ર મોદીને કચ્છની ધીંગી ધરા ઉપરર ભવ્યથી ભવ્ય સ્વાગત કરવા માટે આત-ુર હોવાનું જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ ઘનશ્યામ રસીકલાલ ઠક્કરની યાદીમાં જણાવાયું હતું.

## અમદાવાદમાં ગરમી વચ્ચે ૩ દિવસ માટે યલો એલર્ટ જારી

અમદાવાદ

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મહત્તમ તાપમાનમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.તેવા સમયે મ્યુનિસિપલ કોર્પોરેશન અને હવામાન વિભાગ અમદાવાદ દ્વારા આગામી ત્રણ દિવસ માટે યલો એલર્ટ જારી કરવાની સાથે મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરવામાં આવી છે.આ અંગે મ્યુનિ.હેલ્થ વિભાગ,અને હવામાન વિભાગ અમદાવાદ તરફથી સંયુકત રીતે કહેવામાં આવ્યું છે કે,આગામી પાંચ દિવસ પૈકી ત્રણ દિવસ સુધી અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી સેલ્સિયસ રહેવા પામશે.દરમ્યાન ૨૩ અને ૨૪ મેના રોજ મહત્તમ તાપમાન થોડુ નીચુ આવશે.અને તાપમાનનો પારો ૪૧ ડીગ્રી સેલ્સિયસ પર જોવા મળી શકે છે.શહેરમાં આવનારા દિવસોમાં વધી રહેલા તાપમાનના અનુસંધાનમાં હેલ્થ વિભાગ તરફથી વધુ પ્રમાણમાં પાણી પીવા,છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવા.ઉપરાંત લાંબા સમય સુધી તડકામાં ન રહેવા,હળવા સુતરાઉ કપડા પહેરવા,ઠંડકવાળા સ્થળો પર સમયતાંરે આરામ કરવા.તેમજ નાના બાળકો,વૃધ્ધો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવા સુચન કરવામાં આવ્યું છે.

આ સાથે જ હીટ સ્ટ્રોક લાગવાના કેસમાં ગરમીની અળાઈઓ થવી,ખુબ પરસેવો થવો,અશકિત લાગવી,માથુ દુખવું,ટકકર આવવા,ચામડી લાલ અને સૂકી તથા ગરમ થવી,ઉબકા અને ઉલ્ટી થવાના કેસમાં તબીબની સલાહ લેવા અને ઈમરજન્સીના કેસમાં ૧૦૮ની મદદ લેવા કહેવામાં આવ્યું છે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૮૫૦૦-૩૯૦૦૦**
રૂપુ કાચું ૩૮૫૦૦-૩૯૦૦૦
સોનુ તોલો ૨૮૮૦૦-૨૯૨૦૦
**તેલ બજાર**
રાધે પામોલીન ૯૩૦
પામોલીન ૯૧૦
સોયા રીફાઈન ૧૨૧૦
રાયડાતેલ ૧૫કી૧૧૮૦-૧૨૦૦
સીંગતેલ૧૫ લી. ૧૭૦૦
સીંગતેલ ૧૫ કી.૧૮૦૦
સીગતેલ ૫ લી. ૫૨૫-૫૫૦
તિરૂપતી કપા. ૧૨૨૦
૫ લીટર ૩૯૦
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૩૨૫
૫ કે. કોપરેલ ૭૯૦-૮૧૦
૫લી. અંકુર સીંગતેલ ૫૩૫
**૧૫ લીટર સનફલાય ૧૧૬૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૧૮૦
૫ લી. ૩૯૦
૨ લી. ૧૫૨
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૮૫૦૦
ગેટ વ. રોયલ ૬૦૦૦
ગેટવે રેગ્યુલર ૫૨૦૦
ગેટવે રીઝાના ૪૪૦૦
ગેટવે એવરેડી ૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦

દુન તીબાર ૫ કી. ૮૨૦૦
દુન તીબાર ૧ કી. ૮૨૦૦
હાથી ૧૧૨૧ ૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦
નર્મદા મગ પોલીસ ૬૧૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૯૦૦૦
અડદદાળ નર્મદા પ્રી. ૮૬૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૧૦૫૦૦
તુવરદાળ ખીડીયાર ૭૨૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૯૮૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૬૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૧૦૦
દાવત ૬૦ મીની જુના ૩૨૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦
હેરીટેજ તીબાર ૭૨૦૦
હેરીટેજ દુબાર ૫૫૦૦
હેરીટેજ મીની દુબા ૪૫૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૦૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦

ઓરેન્જ ૫૬૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૨૮૦૦
ચણાદાળ ૪૪૪ ૮૮૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૬૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૦૦૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૦૨૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**

વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૦૦-૧૪૦
લસણ ૮૦૦-૯૦૦
ધાણા ૬૦૦-૮૦૦
મરચાં ૮૦૦-૧૦૦૦
લીંબુ ૮૦૦-૯૦૦
અડવી પત્તા ૨૦૦-૪૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૦૦-૩૦૦
ટામેટા ૨૪૦-૩૦૦
ભીંડા ૩૦૦-૪૦૦
કોબી ૧૮૦-૨૮૦
વટાણા ૯૦૦-૧૧૦૦
ટીંડસા ૬૦૦-૭૦૦
ગવાર ૩૦૦-૪૦૦
બાદશાહ બટાકા ૧૦૦-૧૩૦
સાંગા બટાકા ૧૨૦-૧૪૦

<u>ચૂંટણી વિવાદ ગુજરાત હાઇકોર્ટમાં પહોંચ્યો</u>

## ગાંગડ બેઠક ચૂંટણી મુલત્વી રાખવા માટે કોર્ટમાં ખાતરી

અમદાવાદ

ત્રણ સંતાનોના કારણોસર ગેરલાયક ઠરાવાયેલા અમદાવાદ જિલ્લાના ગાંગડ બેઠકના મહિલા સભ્યની જગ્યા ભરવા સામે હાઈકોર્ટનો સ્ટે હોવાછતાં આ બેઠકની ચૂંટણી યોજવાની સરકારના સત્તાવાળાઓએ તજવીજ હાથ ધરતાં અરજદાર મહિલા સભ્ય તરફથી હાઈકોર્ટમાં રિટ અરજી કરાઇ હતી. જેની સુનાવણી દરમ્યાન સરકારપક્ષ તરફથી હાઈકોર્ટને જણાવાયું હતું કે, સરકાર અરજદાર સભ્યની બેઠક સિવાયની ચૂંટણી યોજવા જઇ રહી છે.

અરજદાર સભ્યની બેઠકવાળી ચૂંટણી હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે. હાઈકોર્ટે સરકારના નિર્ણયને રેકર્ડ પર લઇ કેસની વધુ સુનાવણી તા.૨૨મી જૂનના રોજ રાખી હતી. અરજદાર સવિતાબહેન રાઠોડ તરફથી કરાયેલી રિટ અરજીમાં એડવોકેટ શાર્વિલ પી. મજમુદાર દ્વારા રજૂઆત કરાઇ હતી કે, અમદાવાદ જિલ્લા પંચાયતતની ચૂંટણી તા.૨૯-૧૧-૨૦૧૫ના રોજ યોજાઇ હતી, જેમાં અરજદાર ગાંગડ ડિવીઝનની બેઠક પરથી ચૂંટણી લડયા હતા અને તા.૨-૧૨-૨૦૧૫ના રોજ ચૂંટાયેલા જાહેર થયા હતા. અમદાવાદ જિલ્લા પંચાયત ૩૪ સભ્યોની બનેલી છે. દરમ્યાન જિલ્લા વિકાસ કમિશનરે અરજદાર ત્રીજા સંતાનની માતા હોવાના કારણસર તેમને સભ્યપદેથી ગેરલાયક ઠરાવ્યા હતા.

આ હુકમ સામે અરજદારે કરેલી રિટ અરજી નામંજૂર થતાં અરજદાર દ્વારા હાઈકોર્ટની ખંડપીઠ સમક્ષ લેટર્સ પેટન્ટ અપીલ કરાઇ હતી, જેમાં ખંડપીઠે અરજદારની બેઠકની જગ્યા ભરવા સામે સ્ટે ફરમાવ્યો હતો. હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, અરજદારની બેઠક ભરવી નહી. આ મનાઇહુકમ હોવાછતાં રાજય સરકારના સત્તાવાળાઓ હાલ વિવિધ જિલ્લા પંચાયતોની ચૂંટણી યોજી રહ્યા છે, તેમાં અરજદારની બેઠકવાળી જગ્યામાં સ્ટે હોવાછતાં ચૂંટણીની તજવીજ હાથ ધરી રહ્યા છે. જે સીધેસીધો અદાલતી તિરસ્કાર છે. દરમ્યાન રાજય સરકાર તરફથી કાગળ રજૂ કરી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, સરકાર ઉપરોકત બેઠક સિવાયની ચૂંટણી યોજવા જઇ રહી છે. ઉપરોકત બેઠકની ચૂંટણી મોકૂફ રાખવામાં આવનાર છે, તેથી તે ચૂંટણી નહી યોજાય. હાઈકોર્ટે આ નિર્ણય રેકર્ડ પર લઇ કેસની વધુ સુનાવણી જૂનમાં રાખી હતી.

## હવે રજનિકાંતની સાથે હુમા કુરેશી રોમાન્સ કરતી દેખાશે

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી હુમા કુરેશી હાલમાં ભારે ખુશ છે. કારણ કે તેને હવે પોતાની કેરિયરની સૌથી મોટી ફિલ્મ હાથ લાગી ગઇ છે. પ્રાપ્ત હેવાલ મુજબ તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના સૌથી મોટા સ્ટાર રજનિકાંત સાથે કામ કરનાર છે. એક્શન અને રોમાન્સથી ભરપુર આ ફિલ્મમાં હુમા કુરેશી રજનિકાંતની પ્રેમિકા તરીકે નજરે પડનાર છે. બોલિવુડની અભિનેત્રીઓ માટે રજનિકાંત સાથે કામ કરવાની બાબત એક સપના સમાન હોય છે. આ જ કારણસર રજનિકાંતની સાથે કામ કરવા માટે બોલિવુડની તમામ અભિનેત્રી તરત તૈયાર થઈ જાય છે. તેમના કરતા અડધી વયની અભિનેત્રી તેમની સાથે કામ કરવા તૈયાર થઈ જાય છે. એશ્વર્યા રાય બચ્ચન, દિપિકા, સોનાક્ષી અને રાધિકા આપ્ટે બાદ હવે આ કડીમાં વધુ એક નામ જોડાયુ છે. આ નામ હુમા કુરેશીનુ છે. હુમા કુરેશી આ તક ઝડપી લીધા બાદ ભારે ખુશ છે. નવ વર્ષના લાંબા ઈન્તજાર બાદ સોમવારના દિવસે પોતાના ચાહકો સાથે મુલાકાત દરમિયાન રજનિકાંતે પોતે કહ્યુ હતુ કે તેઓ નિર્દેશક પા રંજિતની એક ફિલ્મમાં કામ કરવા માટે જઈ રહ્યા છે. જે ફિલ્મનુ શુટિંગ ૨૮મી મેના દિવસથી હાથ ધરવામાં આવનાર છે. રોમાન્સ અને એક્શનથી ભરપુર આ ફિલ્મમાં હુમા કુરેશી તેમની સાથે નજરે પડનાર છે. તે ફિલ્મમાં રજનિકાંતની પ્રેમિકા તરીકે દેખાશે. ફિલ્મને લઈને હુમા ભારે ખુશ છે. તે ટુંક સમયમાં ફિલ્મની તૈયારી હાથ ધરનાર છે. ફિલ્મને ધનુષ પ્રોડ્યુસ કરનાર છે. તે છેલ્લે અક્ષય કુમારની સાથે જોલી એલએલબી-૨ ફિલ્મમાં નજરે પડી હતી. પોતાના ભાઈ સાકીબ સાથે પણ તે એક ફિલ્મમાં કામ કરી રહી છે.

## ઈમરાન હાશ્મીને નવી અને મોટી ફિલ્મ હાથ લાગી ગઈ

બોલિવુડમાં છેલ્લા કેટલાક સમયથી હોવા છતાં બોલિવુડમાં સફળતા નહી મેળવનાર ઈમરાન હાશ્મી હવે ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં પ્રવેશી રહ્યો છે. ઈમરાન હાશ્મીના ડેબ્યુ પ્રોડક્શન હેઠળ હવે ફિલ્મ બની રહી છે. કેપ્ટન નવાબ નામની ફિલ્મમાં ઈમરાન હાશ્મી જ ટાઈટલ ભૂમિકા અદા કરી રહ્યો છે. ફિલ્મ ભરપુર એક્શન ફિલ્મ તરીકે રહી શકે છે. ઈમરાન હાશ્મી પ્રથમ વખત આર્મી ઓફિસરના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં ક્રિએટિવ સલાહકાર તરીકેની ભૂમિકામાં કમાલ ખાન છે. કમાલ ખાન પોતે અભિનેતા, નિર્માતા તરીકે રહ્યો છે. તેની પણ હમેંશા ટિકા થતી રહે છે. અગાઉ એવા હેવાલ આવ્યા હતા કે કમાલ ખાન સહ નિર્માતા તરીકે છે. જો કે કમાલે કહ્યુ છે કે તે માત્ર સલાહકાર તરીકે છે. નાણાંકીય રીતે કોઈ મદદ કરી રહ્યો નથી. તેનુ કહેવુ છેકે તે પટકથામાં થોડાક મદદ કરી રહ્યો છે. તેનુ કેહવુ છે કે નિર્દેશક ટોની ડી સોઝા તેમના નજીકના મિત્રો પૈકી એક છે. જેથી જ્યારે પણ તેઓ તેની સલાહ માંગે છે ત્યારે તે આપી દે છે. ફિલ્મ નિર્માણની જવાબદારી ઝીની રહેલી છે. કેપ્ટન નવાબ એક એક્શન ફિલ્મ રહેશે. ઈમરાન હાશ્મી પાસે અન્ય કેટલીક ફિલ્મો રહેલી છે જેમાં અજય દેવગનની સાથે ફિલ્મ બાદશાહોનો સમાવેશ થાય છે. જેમાં તે ઈશા ગુપ્તા સાથે નજરે પડનાર છે. ફિલ્મના પ્રથમ પોસ્ટરમાં તેની અડધી ડ્રેસ ભારતીય સેનાની અને અડધી પાકિસ્તાનની સેનાની છે.ગયા વર્ષ ૨૦૧૬માં અઝહર ફિલ્મના નિર્માણ વેળા ટોની અને ઈમરાની જોડી સાથ નજરે પડી હતી. ઈમરાન હાશ્મીને બોલિવુડમાં સિરિયલ કિસર તરીકે ગણવામાં આવે છે પરંતુ તે હવે પોતાની છાપને ઝડપથી બદલી નાંખવા માટે ઈચ્છુક છે.

તે બાદશાહો નામની ફિલ્મમાં પણ છે. જે એક એક્શન ફિલ્મ છે. અજય દેવગન અને ઈમરાન હાશ્મી અગાઉ પણ બન્ને સાથે કામ કરી ચુક્યા છે. ફરી એકવાર ફિલ્મમાં સાથે આવી રહ્યા છે.

### કાનુડો થાવું છે

મને આંબા ડાળે કોયલ ગમે
મારે તેમની સાથે ગાવું છે
મને નદીનું ખળખળ ગમે
મારે તેમાં નાહવું છે
મને દરીયાની રેતી ગમે
મારે તેમાં રમવું છે
મને ધોળું સસલું ગમે
મારે ગાજર ખાવું છે
મને મોર કળા ગમે
મારે કાનુડો થાવું છે

**રાજેશ બારૈયા**(બોરડા-ભાવનગર)

### માવતરને

દિકરીને અભણ કોઈ ના રાખતા રે લોલ !
કરજો એનો પહેલેથી ઉપાય જો !
નિશાળે જરૂરથી ભણવા મોકલો રે લોલ
સાવ રે અભણને પાછળ વેઠવું રે લોલ !
આયખું એનું થાતુંબધું ધુળ જો
એનો દોષ બધો તમને આપશે રે લોલ !
સૌએ પેપરને પાનાં વાંચતું રે લોલ !
અભણ શું વાંચતી કાળી ભાત જો !
ઓશીયાળી મુંઝાય એની આંખડી રે લોલ !
ઉતારજો મને ઉતરવાને ઠામ જો
વિશ્વાસ કરીને બેસે એકલી રે લોલ !
વેઠ ઉપાડવી એને ટોપલે રે લોલ !
ગામમાં ના હોય તેનું માન જો !
સાસરૂં તો અતી ઘણું દોહ્યલું રે લોલ
હિસાબની વાતો ઝાઝી વેગળી રે લોલ
જેમ તેમ નિભાવતી ઘરની નાવ જો
છેતરે છે ઘણાય જનો એટલે રે લોલ !
સાસુડી ભણેલી મેણાં મારતી રે લોલ !
પનારો કેમ કાઢું તારી પાસ જો
જીવતર દિકરાનું કીધું ઝેરમાં રે લોલ !
દહેજનો વાયુ કદીક વીંઝતાં રે લોલ !
સુઝે નવ કાયદાની કંઈ રીત જો ?
ઝઘડાના ઉપાડ માંડે એટલે રે લોલ
ડગલે ને પગલે રડતી આંખડી રે લોલ
કંટાળીને વિચારે આપઘાત જો
ઉગારવા અભણ કોઈ ના રાખશો રે લોલ !

**મંગળ રાવળ સ્નેહાતુર**

### પ્રતિબિંબ

ગરમ પવનોની વણજાર વહી રહી
નવોદયના સાનિધ્યના પરીવેશમાં
મારા હૈયાના ભાવોને ઉલેચવાનો
કોમ્પ્યુટરના અરીસાના પ્રતિબીંબમાં
સ્ટુડન્ટના ભાવોને મારામાં હું જોતો
નાનપણની નજાકતને માણતો મારા
હૃદયના મર્મરૂપી દિપક ના અજવાશ
મહીં શબ્દોના ભાથાને પામવા નીકળી
પડયો મારી મંજીલ રૂપી નાવ મહીં

**સુભાષભાઈ વ્યાસ**
(સીસરાણા)

### કેડનો ફોર ટ્રેક

કરી જુઓ હંધાયને ચેક
કે હંધાયના કાળજામાં પડી ગયા છે કેક !
રૂપ અને રૂપીયાની પાછળ સૌ દોડે
કોઈ દિલ તોડે ને કોક માથાં ફોડે
બદલી ગ્યા હંધાયના ટ્રેક !
આંખોમાં મતલબનાં આંસુ છે લાગટ
હોઠો પર તકલાદી છે મુશ્કુરાહટ
જીભડી છે તો તોખારી ટેંક !
અંતરના લોકરને તોડી ગ્યું કોક
આંસુના ચેક બધાં થઈ ગ્યા છે ફોક
લુંટાઈ લાગણીની બેંક !
સૌને ફોરેન મહીં જાવું છે આજ તો
ગીત એક ઉઘાડું ગાવું છે આજ તો
ગાડીયું ને નથી હવે બ્રેક

**સાંઈરામ દવે**

### વટકે કટકે

તમે એમ કાતીલ હજુય દ્રષ્ટીથી
આ દિલેરી મલકે ઈશારે ઈશારે !
તમે કેમ તાસીર લગાવી દિલથી ?
હા નિશાની ભટકે નજારે નજારે !
ગમે તેમ ખબર લગાવી જાનીફ
આ બદન અટકે સલાખે સલાખે !
મને કેમ વાલીદ ચગાવી સીતારે
તે ખાવીંદ રીસીલે ઝટકે ઝટકે
હજુ કેમ બુર્ખે બે વજુદ શર્મીલે
આ સાનિયા રમી તે વટકે કટકે !

**મશરૂ પ્રજાપતિ**

### સુદર્શન

શીશુપાલનો વધ કર્યા પછી શ્રીકૃષ્ણ
સુદર્શન પાછું લેવાનું ભુલી ગયાલાગે છે
તેથીજઆજેઅનેક ચક્રો રૂપે
ફરતું રહ્યું છે ને વનસૃષ્ટીનો નાશ
કરતું રહ્યું છે બનીને સુદર્શન

**નટવર હેડાઉ**

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચય: ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

## પોલીસવાન પલટી ખાતાં બેનાં મોત



સતીશ ભટ્ટ

સાબરકાંઠા નેશનલ હાઈવે-૮ ઉપર હિંમતનગરના જાવનગઢની સીમમાં પોલીસની ગાડી પલટી ખાઈ ગઈ પોલીસની ગાડીનું અચાનક ટાયર ફાટી ગયું હતું પોલીસની ટિમ આરોપીને લઈ મોડાસા કોર્ટમાં જતી હતી. તે દરમ્યાન અકસ્માત સર્જાયો હતો. જેમાં ડાયવર, મહિલા કોસ્ટેબલ, એક જવાન તેમજ મહિલા આરોપીને ઈજાઓ થતાં હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જેમાં મહિલા આરોપી વધુ ગંભીર હોઈ અમદાવાદ ખસેડતા રસ્તામાં જ તેનું મોત થયું હતું.

## રાધનપુર તાલુકાના બંધવડમાં ઠંડી છાસનું વિતરણ કરાયુ



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના બંધવડ ગામે તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા ઠંડી છાશ અને ઠંડા પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં લોકોને રાહત મળે એ માટે આ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહિર, માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી, તાલુકા યુવા મોરચાના પ્રમુખ લાખાભાઈ રબારી, અશોકપુરી ગૌસ્વામી, તેમજ ખાસ જિલ્લા ભાજપ યુવા મોરચાના પ્રમુખ નિલેષભાઈ રાજગોર અને મહામંત્રી મહેન્દ્રસિંહ ઉપસ્થિત રહ્યા હતા.

## ઊંઝા- પાલનપુર તરફ દોડતી લોકલ ટ્રેનની અનિયમિતતાથી મુસાફરોમાં ભારે આક્રોશ

ઊંઝા

ઊંઝા તેમજ પાલનપુરના વિસ્તાર માટે દોડતી એકમાત્ર ટ્રેન (લોકલ) અનિયમિત હોવાને કારણે સવારે અમદાવાદથી આગળની ટ્રેનોનું કનેક્શન નહિં મળતાં હજારો પ્રવાસીઓ પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા કેટલાય વર્ષોથી અમદાવાદ-પાલનપુર લોકલ ટ્રેનો વધારવા રજુઆત કરવા છતાં રેલવે તંત્ર તરફથી ઉદાસીનતા જોવા મળે છે.

ઉત્તર ગુજરાતના પાલનપુર- સિધ્ધપુર, ઊંઝા જેવા મથકોને અમદાવાદ સાથે જોડતી રેલવે સેવામાં એકમાત્ર ડેમુ લોકલ ટ્રેન દોડી રહી છે, તે પણ ખાસ કરીને સવારે અમદાવાદ નિર્ધારિત સમયે પહોંચતી નહિં હોવાથી મુસાફરો ત્રાસી ઉઠ્યા છે. આ બાબતે મુસાફરોએ રેલવે તંત્ર અને સંસદ સભ્યો, રેલ્વે બોર્ડના સભ્યો સમક્ષ વારંવાર રજુઆત કરી ટ્રેન સમયસર અમદાવાદ પહોંચે તે માટે વિનંતી કરી હતી પરંતુ આ બાબતે આંખ આડા કાન ધરવામાં આવી રહ્યા છે.

આજની કારમી મોંઘવારીમાં એસટીબસો તેમજ ખાનગી વાહનોના ભાડા મોંઘા પડી રહ્યા છે. જેથી પ્રજાને ભાડામાં રાહત મળે તે હેતુથી ટ્રેનમાં મુસાફરી કરે છે પરંતુ લોકલ ટ્રેન અનિયમિત રહેતા મુસાફરો નિર્ધારિત સમયે અમદાવાદ પહોંચી શકતા નથી. અને અન્ય ટ્રેનોના કનેક્શન ન મળતાં મુસાફરો પરેશાની ભોગવી રહ્યા છે.

## કડીમાં મોયણમાં બે જુથો વચ્ચે ધિંગાણું

કડી

જોટાણાનાં મોયણ ગામમાં અગાઉની ચૂંટણીની અદાવત રાખીને ગામના ઠાકોર અને દરબાર વચ્ચે ધિગાણું ખેલાયુ હતું. જોટાણા તાલુકાના મોયણ ગામમાં અગાઉ ચૂંટણી થઇ હતી. જેમા દરબાર ઉમેદવારનો વિજય થયો હતો. ત્યારથી ગામનાં ઠાકોર અને દરબારો વચ્ચે ચૂંટણીનાં વેરઝેર ઉભા થયા હતા. મંગળવારને રાત્રી દરમિયાન અગમ્ય કારણોસર ગામમા ઠાકોર અને દરબારો વચ્ચે સામાન્ય બોલાચાલી થતા નાના ઝઘડાએ અગાઉની ચૂંટણી અદાવતને લઈ મોટુ સ્વરૂપ ધારણ કરતા બંન્ને કોમ વચ્ચે ધિગાણું ખેલાયુ હતું. નાના ઝઘડાએ મોટુ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમા બંન્ને કોમનાં દશથી વધારે ઈસમો ઈજાગ્રસ્ત થયા હતા. તાત્કાલિક કડી સહિત જિલ્લા ભરની પોલીસ ખડકી દેતા મામલો થાળે પડી ગયો હતો. જ્યારે ઈજાગ્રસ્તોને કડીની ભાગ્યોદય હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવને પગલે ઠાકોર અને દરબાર સમાજના અગ્રણીઓમાં સમાધાન બાબતે દિવસભર ચર્ચાનો દોર રહેલા બીજી તરફ કડી પોલીસે બુધવાર મોડી રાત સુધી કોઈ ફરિયાદ નોંધાઇ ન હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાલનપુર | | રાજગરો | ૭૧૧-૭૯૮ | ગવાર | ૬૬૦-૬૬૨ |
| ઘઉં | ૨૯૨-૩૮૫ | બાજરી | ૨૪૦-૨૫૨ | સિધ્ધપુર | |
| જુવાર | ૪૧૯-૪૫૮ | ઘઉં | ૨૯૦ | જીરૂ | ૧૬૦૦-૩૧૦૩ |
| બાજરી | ૨૫૭-૨૭૩ | ગવાર | ૬૪૦-૬૬૦ | વરી. | ૯૭૦-૧૧૯૦ |
| ગવાર | ૬૬૮-૬૮૬ | મેથી | ૫૫૨ | ઈસ. | ૧૫૫૧-૨૦૫૦ |
| એરંડા | ૮૮૫-૯૨૧ | તમાકુ | ૭૦૦-૮૩૧ | રાયડો | ૬૨૨-૭૩૫ |
| રાયડો | ૬૬૨-૬૬૫ | ધાનેરા | | એરંડા | ૮૭૦-૯૨૬ |
| રાજગરો | ૭૨૪-૮૭૮ | ઘઉં | ૩૦૦-૩૮૩ | મેથી | ૫૧૧-૫૪૫ |
| વરી. | ૯૦૦-૧૬૫૬ | બાજરી | ૨૭૫-૩૧૧ | જુવાર | ૩૮૦-૪૩૫ |
| લાખણી | | જવ | ૩૦૮ | ગવાર | ૬૨૧-૬૮૧ |
| એરંડા | ૮૮૧-૯૧૦ | ચોળા | ૯૭૯ | ઘઉં | ૨૯૦-૪૨૭ |
| રાયડો | ૬૫૦-૬૭૦ | ગવાર | ૬૪૦-૬૭૬ | બાજરી | ૨૫૦-૨૯૪ |
| રાજગરો | ૭૩૦-૭૪૫ | સરસવ | ૮૫૦ | જુવાર | ૩૫૦-૪૫૩ |
| સવા | ૭૭૧-૯૦૦ | રાયડો | ૬૨૦-૬૭૦ | જવ | ૩૧૧-૩૧૨ |
| બાજરી | ૨૪૦-૨૮૧ | એરંડા | ૮૭૦-૯૦૭ | સવા | ૧૦૩૧ |
| ચીકુડી | ૯૦૦ | ઈસ. | ૧૯૦૦-૨૦૮૦ | પાટણ | |
| ગવાર | ૬૫૧ | જીરૂ | ૩૦૦૦-૩૨૦૨ | જીરૂ | ૩૧૦૦-૩૪૯૮ |
| રજકો | ૨૪૬૫-૨૮૦૦ | મેથી | ૫૯૪-૬૪૦ | વરીયાળી | ૮૨૫-૧૩૯૨ |
| થરા | | સુવા | ૮૦૦-૯૮૯ | મેથી | ૪૫૦-૫૮૦ |
| જીરૂ | ૨૯૦૦-૩૫૦૦ | વરી. | ૮૮૫-૧૦૨૦ | સુવા | ૮૦૦-૧૦૬૦ |
| એરંડા | ૯૦૨-૯૩૦ | રાજગરો | ૬૩૧-૭૮૯ | રાજગરો | ૬૩૦-૭૨૩ |
| વરીયાળી | ૧૦૪૦-૧૪૫૦ | અન્ય | ૮૧૨-૯૯૯ | બંટી | ૩૨૦-૩૭૧ |
| રાયડો | ૬૪૫-૬૭૦ | વાવ | | રાયડો | ૬૩૦-૭૨૧ |
| ગવાર | ૬૭૮-૬૯૫ | જીરૂ | ૨૮૦૦-૩૪૨૫ | એરંડા | ૮૬૦-૯૩૧ |
| ઘઉં | ૨૯૩-૩૭૫ | એરંડા | ૯૦૦-૯૨૧ | ઘઉં | ૨૯૫-૩૮૫ |
| બાજરી | ૨૬૦-૨૯૦ | વડગામ | | બાજરી | ૨૪૦-૨૮૭ |
| રજકો | ૨૭૫૦-૩૨૦૦ | ઘઉં | ૨૮૫-૩૨૨૫ | જવ | ૩૦૦-૩૦૪ |
| ભીલડી | | બાજરી | ૨૪૦-૨૫૦ | અડદ | ૭૫૧-૧૦૩૪ |
| એરંડા | ૮૯૦-૯૧૫ | એરંડા | ૮૮૯-૯૦૮ | ગવાર | ૬૪૦-૬૮૫ |
| રાયડો | ૬૪૫-૬૮૦ | રાયડો | ૬૪૫-૬૬૫ | કપાસ | ૭૨૫-૮૭૦ |

## રાધનપુરમાં ઠાકોર સમાજના ૧૪૦ નવદંપતિએ પ્રભુતામાં પગલાં પાડ્યા

### અલ્પેશ ઠાકોરે વ્યસનમુક્ત બનવા સમાજને અપીલ કરી



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં શ્રી સદારામ કન્યા કેળવણી મંડળ પ્રેરિત ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને સમસ્ત ઠાકોર સમાજ દ્વારા આયોજિત તેરમા સમૂહ લગ્નોત્સવમાં ૧૪૦ નવદંપતિએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. શ્રી ઠાકોર સમાજ કુમાર છાત્રાલય ખાતે યોજાયેલ આ સમુહ લગ્નોત્સવમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ અધ્યક્ષ અલ્પેશજી ઠાકોરે સમાજને વ્યસન મુક્ત બની શિક્ષણક્ષેત્રે આગળ વધવા અનુરોધ કર્યો હતો. જો સમાજ શિક્ષિત બનશે તો આવનાર સમય સમાજ માટે સુવર્ણયુગ બની જશે. તેમણે જણાવ્યું હતું કે ઠાકોર સમાજના હિતમાં જે કામ કરશે અને મદદરૂપ બનશે એ રાજકીય પક્ષને સમગ્ર સમાજ ટેકો આપશે. અલ્પેશજી ઠાકોરે રૂા. ૫૧ હજારના દાનની જાહેરાત કરી હતી.

સમારંભના અધ્યક્ષ ભાવસિંહ રાઠોડે પણ સમાજને મદદરૂપ થાય તેને ટેકો આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે શિક્ષણ સમિતિના ચેરમેન લવિંગજી સોલંકી, ડૉ.ગોવિંદજી ઠાકોર, ઠાકોર સેનાના તાલુકા પ્રમુખ દેવરાજજી ઠાકોર, શહેર પ્રમુખ રમેશજી ઠાકોર સહિત સમાજના અગ્રણીઓ અને ઠાકોર સેનાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ/તલોદ તાલુકાની વિભાજનવાળી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે

હિમતનગર

પ્રાંતિજ તાલુકામાં ગૃપ પંચાયતોમાંથી વિભાજન થયેલી ગ્રામ પંચાયતોની ચુંટણી યોજવા માટે રાજય ચુંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારી, પ્રાંતિજ દ્વારા ચુંટણી કાર્યક્રમની તારીખ જાહેર કરાઇ છે. જે અંતર્ગત વિભાજન થયેલી ગ્રામ પંચાયતોની ચુંટણી તા.૧૧ મી જૂન-૨૦૧૭ના રોજ યોજાશે. જેની મતગણતરી તા.૧૩ જૂને હાથધરી પરિણામ જાહેર થશે.

ચૂંટણી શાખા દ્વારા તા.૧૭મી મે-૨૦૧૭ના રોજ જાહેર કરાયેલ કાર્યક્રમ અનુસાર પ્રાંતિજ તાલુકામાં વિભાજીત થયેલ ગ્રામ પંચાયતોમાં ૬ સરપંચ તેમજ ૪૮ વોર્ડોની સત્તાવાર ચુંટણીના જાહેરનામાનું તા.૨૦/૫/૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ કરાશે. જે અંતર્ગત તા.૨૫ મે-૨૦૧૭ સુધી ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લી તારીખ રહેશે. જેની ચકાસણી તા.૨૬ મી મે-૨૦૧૭ના રોજ કરાશે. ત્યારબાદ તા.૨૭-૫-૨૦૧૭ના રોજ ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે અને તા.૧૧ મી જૂન-૨૦૧૭ રવિવારના રોજ ચૂંટણી યોજવામાં આવશે તેમજ મતગણતરી તા.૧૩-૬-૨૦૧૭ના રોજ હાથધરી પરિણામ જાહેર કરવામાં આવશે.

વિભાજનવાળી ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૧૭/૫/૨૦૧૭ના રોજ ચૂંટણીઓની જાહેરાતથી આદર્શ ચૂંટણી આચાર સંહિતા અમલમાં આવે છે. આ ચૂંટણીમાં મતદાન સમયે મતદારે ચુંટણીપંચ દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર રજુ કરવાનું રહેશે.પરંતું વ્યાજબી કારણસર રજુ કરી શકે તેમ ન હોય તો ઓળખ પ્રસ્થાપિત થાય તે માટેના નિયત કરેલ જુદા જુદા ફોટાવાળા દસ્તાવેજો પૈકી કોઇ એક દસ્તાવેજ રજુ કરી શકશે. સદર સામાન્ય ચુંટણીઓમાં ઈવીએમ (ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન)ના ઉપયોગથી મતદાન લેવામાં આવશે. તેમજ આયોગ મતદારો, ઉમેદવારો, સર્વે રાજકીય પક્ષો અને જાહેર જનતા તરફથી પાયાની લોકશાહીની આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે આ રાષ્ટ્રીય / સંવૈધાનિક કાર્યમાં સહકાર આપવા રાજય ચુંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારી પ્રાંતિજ દ્વારા જણાવાયું છે.

## બહુચરાજીના રૂપપુર ગામે લેભાગુ તાંત્રિક વિધિના બહાને યુવતીનું અપહરણ કર્યુ

ચાણસ્મા

બેચરાજી તાલુકાના રૂપપુરા ગામની સીમમાં આશ્રમ બનાવીને તાંત્રિક વિધિના નામે લોકોને ભોળવીને ગેરલાભ ઉઠાવનારા ઝાલા વિક્રમસિંહ જેઠુભા નામના શખ્સની મોઢેરા પોલીસે ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. આ શખ્સે સુજાણપુરા ગામની યુવતીને મોબાઈલ ફોન પર દેવી પ્રકોપ ઉતરશે તેમ કહી કોઈ તાંત્રિક વિધિમાં વશ કરી લલચાવી ફોસલાવીને જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી અજાણી જગ્યાએ ગોંધી રાખી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ધરપકડ કરાયેલો આ અઘોરી પોતાને મોટો તાંત્રિક ગણાવી ભૂતકાળમાં પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે, જેમાં વધુ એકનો ઉમેરો થયો છે.

બેચરાજી તાલુકાના સુજાણપુરા ગામના ઠાકોર પરિવારની ૨ બહેનોને સાબરકાંઠાના તલોદ તાલુકાના સુલતાનપુર ગામે પરણાવી હતી. જે પૈકી મોટી દીકરીને દીકરી જન્મ્યા બાદ આઠ દિવસ પછી મરણ પામી હતી. જેને લઈ તેમની વચ્ચે ખટરાગ ઉભો થયો હતો. તે પછી તલોદના સુલતાનપુરથી તેમના જમાઈ સહિત વેવાઈ વગેરે સુજાણપુરા ગામે આવતાં તેઓ રૂપપુરા ગામે ઝાલા વિક્રમસિંહ જેઠુભાના આશ્રમે ગયા હતા. તાંત્રિક વિધિ કરતા આ શખ્સે જે તે સમયે લોટામાં ભસ્મ નાખી તે લોટો બંને દીકરીઓ અને જમાઈઓના માથા ઉપર ફેરવી પાણી પીવડાવી દીધું હતું. તેમજ શ્રીફળ કાળા કપડામાં બાંધી યુવતીના સાસરે લઈ જવા જણાવ્યું હતું. તેમજ તેમની બંને દીકરીઓને સુજાણપુરા ગામે ૧૦ દિવસ રાખવા જણાવ્યું હતું.

ચાર દિવસ પછી ભુવાજી તેની કાળા રંગની ગાડી લઈને સુજાણપુરા આવ્યો હતો અને તેની ગાડીમાં બંને બહેનો, તેના પિતા સહિત ૪ જણાને તેમના સાસરી સુલતાનપુર લઈ ગયો હતો. જ્યાં ભુવાએ શ્રીફળ અને પૂજાપો મંગાવી તાંત્રિક વિધિ કરી શ્રીફળ પરિવારના તમામના માથા ઉપર ફેરવી કાળા કપડામાં બાંધીને શ્રીફળ, ઘી અને ચોખા લઈ રૂપપુરા ગામે આશ્રમે પાછા આપ્યા હતા અને વિધિના રૂા. ૧૧ હજાર લીધા હતા. દરમિયાન ભુવાએ બંને બહેનોને દર રવિવારે દર્શન કરવા આશ્રમે આવવાનું કહેતાં તે જતી હતી. ગઈ ૨૧/૪/૨૦૧૭ ના રોજ ભુવાએ એક મોબાઈલ લાવીને નાની દીકરીને આપેલો. જેના ઉપર ભુવાજી અવારનવાર વાતો કરતો હતો.

ગઈ તા. ૧૨/૫/૨૦૧૭ ના રોજ સવારે આ પરિવાર ખેતીકામ માટે સીમમાં ગયો હતો અને નાની દીકરી એકલી ઘરે હતી. પરિવારજનો બપોરે પરત આવતા આ દીકરી ઘરે નહીં જણાતાં શોધખોળ કરી હતી. પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. તપાસ કરતાં તેના થેલામાં મૂકેલી ચાંદીની ૩ જોડ શેરો, સોનાનો દોરો, રૂા. ૫ હજાર રોકડા, બેન્કની પાસબુક, ચૂંટણીકાર્ડ વગેરે જણાયેલ નહીં. આથી ૧૩/૫/૨૦૧૭ના રોજ મોઢેરા પોલીસ સ્ટેશનમાં દીકરી ગુમ થયાની જાણવા જોગ નોંધાવી હતી.

દરમિયાન, પોલીસ દ્વારા યુવતીના મોબાઈલની કોલ ડિટેઈલ કઢાવવામાં આવતાં તા. ૮/૫/૨૦૧૭ થી ૧૨/૫/૨૦૧૭ સુધી ૨૬૭ ફોન થયાની તેમજ ૧૨/૫/૧૭ થી યુવતી ગુમ થઈ તે પછી પણ તે જ નંબર પરથી ૩૧ ફોન થયાનું માલુમ પડતાં આ મોબાઈલ ઝાલા નરેન્દ્રસિંહ વિક્રમસિંહ (રહે. રૂપપુરા) નો હોવાનું જાણવા મળ્યું હતું. અને આ મોબાઈલ તેના પિતા ઝાલા વિક્રમસિંહ જેઠુભા વાપરતા હતા. આથી ભુવા વિક્રમસિંહે તાંત્રિક વિધિ કરી આ યુવતીને લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે અપહરણ કરી અજાણી જગ્યાએ ગેરકાયદેસર છુપાવી દીધી હોવાનું સ્પષ્ટ થતાં યુવતીના પિતાએ મોઢેરા પોલીસ સ્ટેશનમાં તા. ૧૭/૫/૧૭ ના રોજ રાત્રે ૭/૧૫ કલાકે નોંધવામાં આવી હતી. જેની તપાસ દરમિયાન પોલીસે આરોપી ભુવા વિક્રમસિંહ જેઠુભા જાલાની ધરપકડ કરી જેલના હવાલે કરી દઈ રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

### ૨૪ કલાક સુધી પોલીસે ફરિયાદ લેવા આનાકાની કરી

આ ઘટનામાં ગુમ યુવતી સાથે ભુવા વિક્રમસિંહ ઝાલાના મોબાઈલ પરથી ૨૦૦ થી વધુ વખત વાતચીત થઈ હોઈ અને ફરિયાદી પોતે ભુવા વિરૂધ્ધ અપહરણની ફરિયાદ નોંધાવવા માગતા હોવા છતાં ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા કોઈ કારણસર ફરિયાદ નોંધાવામાં આવી ન હતી. આથી મક્કમ બનેલા ફરિયાદ પક્ષે પોલીસ મથકમાં જ ધામા નાખ્યા. નાછૂટકે ગુનો નોંધવાની ફરજ પડી હતી. જિલ્લા પોલીસ વડા દ્વારા આ મામલે તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરવા આમ જનતામાં માગ ઉઠી છે.

## રાધનપુર તાલુકાના મસાલી ગામે દલિત સરપંચ ઉપર ઘાતક હુમલો



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના મસાલી ગામે પંચાયતની પાણી પાઈપલાઈન કાપી નાંખેલી હોઈ સરપંચે ઠપકો આપતાં દાઝમાં રાખીને પાંચ જણાએ મંડળી બનાવી સરપંચના માથામાં લોખંડની પાઈપ ફટકારી લાકડી અને ગડદા- પાટુનો માર મારતાં સરપંચને રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાંથી વધુ સારવાર અર્થે ધારપુર લઈ જવામાં આવ્યા હતા. તેમને માથામાં પાંચ ટાંકા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.મસાલી ગામના નવા ચૂંટાયેલા સરપંચ હરગોવનભાઈ ભીખાભાઈ સોલંકી લખાવેલી ફરિયાદ અનુસાર સિનાડ ગામેથી નર્મદાનું પાણી પાઈપલાઈન દ્વારા મસાલી ગામે પહોંચે છે. બે- ત્રણ દિવસ પહેલા ગોકુળપુરા ત્રણ રસ્તા પાસે પાઈપલાઈન રસ્તામાં ખુલ્લી થઈ ગયેલી હોઈ અશોકભાઈ પાંચાભાઈ રાવળે પાઈપ કાપી નાંખતાં ગામમાં પાણી આવવાનું બંધ થઈ જવા પામ્યું હતું. આ બાબતે સરપંચે અશોક રાવળને ઠપકો આપતા દાઝમાં રાખીને મંગળવારે સરપંચનાઘેર આવીને બહાર બોલાવી ''તું નવાઈનો સરપંચ બની ગયો છે.'' કહીને સાથે આવેલા રાવળ રામજીભાઈ ઈશ્વરભાઈ, રાવળ ગુગાભાઈ બબાભાઈ હરિજન હેમાભાઈ કેવાભાઈ તથા હરિજન ભગાભાઈ જામાભાઈ સહિતે હિચકારો હુમલો કરીને ઘાયલ કરતાં ૧૦૮ દ્વારા સરપંચને રેફરલ હોસ્પિટલ અને ત્યારબાદ ધારપુર ખસેડાયા હતા. સરપંચે પોલીસ ફરિયાદ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ઈન્ચાર્જ પ્રમુખ સાથે ખાસ મુલાકાત

# મહેસાણાને પીન્ક સીટીની માફક દૂધીયું શહેર બનાવવું છે : પાલિકા પ્રમુખ

**શહેરમાં છ સીટી બસો દોડાવીને લોકોને મફત મુસાફરી કરાવવાની નેમ : રૂ.૧૪.૪૫ કરોડના ખર્ચે પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવો છે : સોમનાથ રોડ ઉપર એક કરોડ રૂપિયાના ખર્ચે વરસાદી પાણીના નિકાલની કામગીરી શરૂ**



કમલ ચક્રવર્તી

પ્રતિ મહેસાણા

મહેસાણા નગરપાલિકામાં કોંગ્રેસની સત્તા છે. અગાઉના પ્રમુખ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર થયા બાદ ઈન્ચાર્જ પ્રમુખ તરીકે જયદીપસિંહ ડાભીની વરણી થયા બાદ તેઓ એક પણ દિવસ શાંતિથી બેઠા નથી. અને સતત કાર્યરત જોવા મળી રહ્યા છે. તેમને ખબર છે કે જિલ્લા કલેકટર દ્વારા નવા પ્રમુખની વરણી થાય ત્યાં સુધીનો ખૂબ જ ટૂંકો ગાળો છે. તેમ છતાંય સતત ખડેપગે રહીને લોકોના પ્રશ્નો પ્રત્યે જાગૃત જણાય છે. છેલ્લા કેટલાય સમયથી દબાણો ના હટાવવાના કારણે શહેરના લોકો ખૂબ જ પરેશાન હતા. જેને ધ્યાનમાં લઈને ઈન્ચાર્જ પ્રમુખ જયદીપસિંહ ડાભીએ એક જ ઝાટકે ગેરકાયદેસર અને નડતરરૂપ દબાણોનો સફાયો કરી નાંખ્યો. રવિવારે ફુવારા પાસે ભરાતા કપડાના માર્કેટને બંધ કરાવી દીધું શહેરના કોઈપણ ખૂણામાંથી કોઈ ફરિયાદ આવે તો ફટ દઈને પહોંચી જાય છે. આવા ઉત્સાહી અને કાર્યદક્ષ એવા ઈન્ચાર્જ પ્રમુખનું સ્વપ્ન મહેસાણા શહેરને પીન્ક સીટી અને ગુલાબી શહેર જયપુરની જેમ મહેસાણાને પણ દૂધસાગર ડેરી હોવાના કારણે મિલ્ક સીટી કે દૂધીયા શહેર તરીકે લોકો ઓળખે તેવું છે. આ માટે શહેરની તમામ દુકાનોના શટરો ઉપર દૂધીયા કલર લગાવી તેના ઉપર ગુમાસ્તા ધારા નંબર લખાય તેવું તેઓ ઈચ્છી રહ્યા છે. અને ટૂંક સમયમાં આ નિર્ણયને અમલમાં પણ મુકવામાં આવશે.

''રખેવાળ દૈનિક'' સાથેની મુલાકાતમાં ઈન્ચાર્જ પ્રમુખ જયદીપસિંહ ડાભીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા મહેસાણા શહેરને છ સીટી બસ આપવાનું વચન આપવામાં આવ્યું છે. જો આ છ સીટી બસ આવી જાય તો શહેરના નાગરિકોને આ બસમાં મફતમાં મુસાફરી કરાવવાનું આયોજન પણ છે. શહેરના આ ખૂણાથી પેલા ખૂણા સુધી જવું હોય તો પણ મફત મુસાફરી કરી શકાશે. કોઈ જ ચાર્જ લેવામાં આવશે નહીં.

### મહેસાણાને વાયફાઈ બનાવાયું છે

મહેસાણા શહેરને વાયફાઈથી સજ્જ શહેર બનાવાયું છે. વાયફાઈથી સજ્જ થાય તો તેના સહારે દરેક ચાર રસ્તે કે જાહેર રસ્તાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાવીને ગુનાઓ બનતા પણ અટકાવી શકાય તેમ છે આ ઉપરાંત ટ્રાફીક સમસ્યા હલ કરવામાં પણ મદદરૂપ બની શકે તેમ છે. આ ઉપરાંત શહેરના અન્ય જાહેર સ્થળોએ પણ ૬૦ થી ૭૦ જેટલા સી.સી.ટી.વી.કેમેરા લગાવાયા છે.

### પાણીની સમસ્યા હલ કરવી છે

મહેસાણા શહેરમાં પીવાના પાણીની વિકટ સમસ્યા છે. આ સમસ્યા હલ કરવા માટે દેદીયાસણ પાસે નર્મદાની કેનાલ નજીક રૂ.૧૪.૪૫ કરોડના ખર્ચે પ્લાન્ટ તૈયાર કરી પાઈપલાઈન દ્વારા દેદીયાસણ સમ્પમાંથી શહેરના પરા વિસ્તાર સુધી લાવીને સમગ્ર શહેરને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવી છે. આ વ્યવસ્થા ૨૦૪૫ ના સાલમાં વસ્તીને ગણતરીમાં રાખીને કરવાનું આયોજન છે. જે માટે કામગીરી ચાલુ થઈ થયેલ છે.

### વરસાદી પાણીનો નિકાલ

મહેસાણા શહેરમાં સોમનાથ ચોકડીથી તરેટી સુધીના માર્ગ ઉપર વરસાદી પાણી ભરાઈ રહેતા હોવાથી લોકો ત્રાહીમામ પોકારી જાય છે. તેમાય વાલ્મિકીનગર સ્લમ વિસ્તારમાં પાણી કેડસમા ભરાઈ જાય છે. જેને ધ્યાનમાં લઈને વોર્ડ નં.૨માં ચૂંટાયેલા ઈન્ચાર્જ પ્રમુખ જયદીપસિંહ ડાભી તથા કોર્પોરેટરો દ્વારા પી.ડબલ્યુ.ડી. ની મંજુરી બાદ એક કરોડના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે ૯૫૦ મીટરનું કામ મંજૂર થયેલ છે. જેમાં ૨૦૦ મીટરનું કામ પૂર્ણ થઈ ગયેલ છે. કામગીરી જોતા ચાલુ વર્ષે વાલ્મિકીનગરને વરસાદી પાણીનો ભોગ બનવું નહીં પડે. આ વરસાદી લાઈનનું કામ તરેટીના વહેણથી સિધ્ધાર્થ સ્કૂલ સુધી ૧૦ દિવસમાં પૂર્ણ થાય તેમ છે.

### તળાવને આકર્ષક બનાવાયું છે

ઈન્ચાર્જ પ્રમુખ જયદીપસિંહ ડાભીના જણાવ્યા મુજબ બિલાડી બાગમાં રૂ.૧૩ લાખના ખર્ચે ચાલવા માટે ટ્રેક બનાવ્યો છે. અને બાળકો માટે રમત ગમતના સાધનો લગાવ્યા છે. એ જ રીતે ધોબીઘાટ પાસે આવેલા સ્વામી વિવેકાનંદ લેકને આકર્ષક બનાવવું છે લોકો અહીં પિકનીક મનાવે તેવું કરવું છે. લોકોને ટહેલવા માટે ટ્રેક બનાવવો છે. લોકો માટે આ તળાવ સંભારણુ બની જાય તેવું બનાવવું છે.

### સફાઈ અભિયાન તેમજ કરવું છે

મહેસાણા શહેરમાં સફાઈના નામે ખૂબ જ રાડો ઉઠવાના કારણે સમગ્ર શહેરમાં સફાઈ અભિયાન તેજ કરવું છે. આ માટે ડોર - ટુ - ડોર કચરો ઉપાડવાનું બંધ થયું છે તે ચાલુ કરવા ઉપરાંત સફાઈ અભિયાન માટે નવા ટ્રીપર લાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે છેલ્લા ૩-૪ મહિનાથી સફાઈમાં દિશા ભરકી જવાથી વિકટ સમસ્યા ઉભી થવા પામી હતી. જે હવે નહિં થવા પામે.

# f]r»k ûkuºku hk»xÙeÞ yuðkuzo «kó çkLkkMkfktXkLke

## {wÏÞ{tºke MkrnÚkLkk ykøkuðkLkkuLku ykðfkhðkLkku ÚkLkøkLkkx : yksu zeMkk ¾kí

zeMk

zeMkkLkk {kfuoxÞkzo çkLkkMkfktXk yLku Ãkkx MktÞwõík f]r»k {nkuíMkð rðsÞ¼kE YÃkkýeLke WÃkÂMÚkrík{kt Þkuò çkLkkMkðkMkeyku{kt ÷køkýe AðkE Au.

ðzk«ÄkLk yLku økwshkíkLk ÃkLkkuíkk {kuËeyu f]r»k ûkuºku ¢kt WÆu~ÞÚke hkßÞ{kt f]r» «kht¼ fÞkou níkku. su rLk»ýktíkku îkhk ¾uzqíke ¾uíkeLke rðMík]ík Mk {køkoËþoLk yÃkkÞ Au. {nkuíMkðLku rsÕ÷k hkßÞ¼h{kt ÔÞkÃkf «rík MkkktÃkzâu Au. íkuÚke Ãký ykÄwrLkf ¾uíke ykuAk ¾[uo ðÄw ð¤íkh ÷køkÞk Au. çkkøkkÞíke ¾uzqíkkuyu MkV¤íkk {u f]r»k {nkuíMkð Úkfe Mk



ðkíkkðhý{kt MkkòuE Au. suLkk fkhýu ykMk ðkíkkðhý{kt f]r»k {nkuíMkð ÷ E çkkLkkMkðkMkeyku{kt WíMkkn Au. ÷kuËkøk{kt çkLkkMkkðkMkeyku{kt rðsÞ{kt ÃkkýeÞYÃkkýe Mkk ykðkLkkLku ykðfkhðk ÚkLkøkLkkx yksu {wÏÞ{tºke ykðþu

ykðkLkkLku ykðfkhðk ÚkLkøkLkkx MkkÚku yksu Mkðkhu 9-00 f÷kfu {uãk EðuLxLke sðkLk {kxu yu.Ãke.yu{.Mke.Lkk «Úkuf{kt {wÏÞ{tºke fuLÿ{tºke yLku {wÏÞ{tºke fuLÿ{tºke {kuËeyu yLkwMkkhe MkwLkkRLkk ykÞkusLk yLku {wÏÞ{tºke MkkÚku «Lk f]r»k {nkuíMkð h017 {nuíMkð sYhe ÔÞðMÚkkyku fhðk{kt ykðe Au.

EhkLke, fuLÿeÞ {tºke fkuLf÷kðk [kiÄhe, {tºkeyku rË÷eÃk Xkfkhu, r[{Lk¼kE Mkk þtfh¼kE [kiÄhe, fuþkS [kiÄhe hkurník¼kE Ãkxu÷, MktMkËMkÞ ÃkhçkíkçkuLk hýAkuz¼kE ËuMkkE, çkkÃkkhkðu Ãkxu÷ yLku Ãkxu÷ Mkrník {nkLkw¼kðku yLku ÃkËkrÄfkheyku çkLkkMkfktXk íkÚkk Ãkkxý rsÕ÷kLkk rðþk¤ MktÏÞk{kt ¾uzqíkku yLku ykÃkrÃkk ÃkÂïkk÷fku WÃkÂMÚkík hnuþu.




kk ©e nrh : kk

### çkuMkýw

y{khk Ãkq.rÃkíkk©e «rðý[tÿ LkøkeLk íkk.16/0Ãk/17 Lku {tøk¤ðkhLkk hkus ÚkÞu÷ Au. «¼w íku{Lkk ©e...[hýk ykÃku yus yÇÞÚkoLkk...

çkuMkýwt : íkk.h1/0Ãk/h017 Lku hrðkh, Mk{Þ : 9.00 MÚk¤ : ÷kÞLMk nku÷, þkf{kfuoxLke ÃkkMku,

Mð.«rðý[tÿ LkøkeLkLkkMk þkn Mð.íkk.16/0Ãk/h017

zkì.si{u»kfw{kh «rðý[tÿ þkn yÕÃkkçkuLk si{u»kfw{kh þkn

yk©Þ nkur{ÞkuÃkuÚkef f÷eLkef, ºký nLkw{kLk {tr

## íkkífkr÷f òuEyu

«ÄkLk{tºke Wssðø÷k ÞkusLkk ytíkøkoík þnuh íkÚkk zeMkk íkk÷wfkLkk økk{ zkuh ÷k¼kÚkeoLkk fkuLxufx fheLku {kxu Vku{o ¼he þfu íkuðk WíMkkn íkkífkr÷f sYh Au. Ëhuf Vku{o Ëe f{eþLk ykÃkðk{kt ykðþu.

«ðuþ ðnu÷k íku Ãknu÷kLkk ÄkuhýuÚke ÷kÞfkík : Ãkkuhý - 1h ÃkkMk/LkkÃkkMk økk{{Lkk s Þwðk LkLku Ãknu÷e ÃkMktËøke

-: MktÃkfo :-

### ¼ÔÞ ELzuLk økúkr{ý

¼e÷ze-hkÄLkÃkwh nkEðu, Wr{ÞkS fkuÕz {k÷{k {k÷{ {k÷ ÃkkMku, {k÷{ {k÷{ ÷Lkuu, zeMkk

VkuLk : 0h744 - h9h760, h70760, {ku.98h...

MkwEøkk{Lkk fktýkuXe økk{u Ã÷kux rðMíkkh{kt ykøk ÷køkíkkt ËkuzÄk{



rð»ýw Ãkh{kh

íkk÷wfk «íkrLkrÄ ðkð

økíkhkus íkk. 19/Ãk/17 Lku þw¢ðkhLkk çkÃkkuhu h/00 f÷kfu MkwEøkk{ íkk÷wfkLkk fktýkuXe økk{u ykðu÷ Ã÷kux rðMíkkh{kt S.E.çke.Lkk ðkÞh økkktzk-çkkð¤kuLkk MktÃkfo{kt ykðíkkt y[kLkf ykøk ¼¼wfe WXe níke. suÚke yVzk- íkVzeLkku {knku÷ MkòoÞku níkku. òu fu yk çkkçkíku íkkífkr÷f fktýkuXe økúk{sLkkuyu Ãkkýe îkhk ykøkLku fkçkq{kt ÷E ÷eÄe níke. yLku sðkçkËkhíkºku íkÚkk ¼k¼hLkk VkExhLku òý fhe ËeÄe níke. òu fu yk çkkçkíkLke òý Úkíkkt sðkçkËkh íktºku ½xLkk MÚk¤u ÃknkUÚke ykøkLku ykøk{kt ÷eÄe níkwt.

...